# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 03-06-2026 I VOL : 12 I Issue : 78 I Page : 8 I Price : 1.00/-


**સુવિચાર**


નમ્રતા માણસનું સૌથી મોટું આભૂષણ છે. જેવું વાવશો તેવું લણશો.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  ટેકાના ભાવે પાક વેચવા આવેલા ખેડૂતો મુશ્કેલીમાં : સરકારના નવા પરિપત્રથી ઈડરના...

4  હીટ ડોમ : બ્રિટનથી ફ્રાંસ સુધી સમગ્ર યુરોપ શેકાઈ રહ્યું છે !

6  'ગેંગસ્ટર'માં બોલ્ડ સીન જોઈને માતા-પિતા ડઘાઈ ગયા હતા: કંગના રણૌતનો ખુલાસો

7  નોર્વે ચેસ- પ્રજ્ઞાનંદ-ગુકેશ જીત્યા, દિવ્યાએ હમ્પીને હરાવી


## એક નજર...

### મેઘા શુક્લાએ બ્લેક મોનોકિનીમાં આપ્યા બોલ્ડ પોઝ



અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. મેઘા શુક્લા અવારનવાર આવા બોલ્ડ ફોટોશૂટ કરાવતી રહે છે.

### હાઈવે બંધ, સેંકડો મુસાફરો ફસાયા

# જમ્મુ-કાશ્મીરમાં મોટી કુદરત આફત કિશ્તવાડમાં બે જગ્યાએ વાદળ ફાટ્યા

નવી દિલ્હી

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના સરથલ અને માછીપાલ વિસ્તારોમાં એક જ સમયે બે સ્થળોએ વાદળ ફાટવાની ગંભીર ઘટના બની છે. આકાશમાંથી અચાનક ભારે પાણી ખાબકતાં સમગ્ર વિસ્તારમાં



ભયનો માહોલ સર્જાયો છે. રિપોર્ટ મુજબ હાલ અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા છે, જેમાં ફસાયેલા લોકોનું રેસ્ક્યૂ ઓપરેશન પણ ચાલી રહ્યું છે. બીજીતરફ તાત્કાલીક હાઈવે બંધ કરાતા અનેક મુસાફરો પણ અટવાઈ ગયા છે. જાનહાનિ નહીં, ભારે નુકસાન પહાડો પરથી ધસી આવેલા કાટમાળ અને પૂરના કારણે ખીણમાં અફરાતફરી મચી ગઈ હતી. રાહતની વાત એ છે કે, આ આપત્તિમાં કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નથી. જોકે, માત્ર ગણતરીની મિનિટોમાં જ આ બે વાદળ ફાટવાના કારણે ચારેય તરફ તબાહીના દ્રશ્યો સર્જાયા છે. વાદળ ફાટવાથી પહાડો પરથી મોટો કાટમાળ અને કાદવ નીચે આવતાં કિશ્તવાડ-ઠઠરી મુખ્ય હાઈવે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. વાહનવ્યવહાર ખોરવાઈ જતાં રસ્તા પરથી પસાર થઈ રહેલા સેંકડો મુસાફરો અને સ્થાનિક લોકો અધવચ્ચે ફસાઈ ગયા છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક વહીવટીતંત્ર અને આપત્તિ વ્યવસ્થાપનની ટીમો સક્રિય થઈ છે. રાહત ટીમો જેસીબી અને અન્ય મશીનોની મદદથી હાઈવે પરથી કાટમાળ હટાવવાના કામમાં જોડાઈ છે. ફસાયેલા લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવા અને માર્ગને વહેલી તકે શરૂ કરવા પ્રયાસો ચાલુ છે.આ ઘટનાની ગંભીર અસર કનેક્ટિવિટી પર પડી છે. કિશ્તવાડ-ઠઠરી માર્ગ સ્થાનિક લોકોની જીવાદોરી હોવાની સાથે વ્યૂહાત્મક દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વપૂર્ણ છે. પહાડો પરથી ટનબંધ કાટમાળ રસ્તા પર આવી જવાથી આગામી દિવસોમાં આ વિસ્તારોમાં ભૂસ્ખલનનો ખતરો વધી શકે છે. સમગ્ર વિસ્તારમાં વહીવટી એલર્ટ જાહેર કરીને સ્થાનિક લોકોને પહાડી વિસ્તારો તેમજ નદી-નાળાની નજીક ન જવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## મુંબઈ-ગુજરાતમાં એકસાથે 20 સ્થળોએ દરોડાથી અંડરવર્લ્ડમાં ફફડાટ

નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની મુંબઈ ઝોનલ ઓફિસે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી અને આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કર સલીમ ઈસ્માઈલ ડોલાના નેટવર્ક પર મોટી કાર્યવાહી શરૂ કરી છે. EDની ટીમે મુંબઈ તેમજ ગુજરાતના સુરત, અંકલેશ્વર અને રાજકોટ સહિત 20 સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા છે. આ ઓપરેશન મની લોન્ડરિંગ અને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સની હેરાફેરીના કેસ અંતર્ગત હાથ ધરવામાં આવ્યું છે. ડ્રગ સિન્ડિકેટ પર ભારતનો સકંજો આ કાર્યવાહી સલીમ ઈસ્માઈલ ડોલા અને તેના સાથીદારો



દ્વારા ચલાવવામાં આવતા એવા ડ્રગ સિન્ડિકેટ સામે છે, જેનું નેટવર્ક કેટલાય દેશોમાં ફેલાયેલું છે અને તે હજારો કરોડ રૂપિયાના ડ્રગ્સ કારોબાર સાથે જોડાયેલું છે. ભારત સરકાર તાજેતરમાં જ સલીમ ડોલાને તુર્કિયેથી પ્રત્યાર્પણ કરીને ભારત લાવી હતી. તપાસ એજન્સીઓ મુજબ, તે લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત માદક પદાર્થોનું નેટવર્ક ચલાવીને મોટા પાયે ગેરકાયદે કમાણી કરતો હતો. EDની આ તપાસ ડ્રગ્સ બનાવવા માટે વપરાતા પ્રીકર્સર કેમિકલ્સના સપ્લાયર્સ, કેમિકલ બિઝનેસના વચેટિયાઓ, સિન્થેટિક ડ્રગ મેફેડ્રોનના ઉત્પાદકો અને વિતરકો પર કેન્દ્રિત છે. આ સિવાય હવાલા ઓપરેટરો અને બેનામી મિલકતોના માલિકોને પણ તપાસના દાયરામાં લેવાયા છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002 હેઠળ શરૂ કરાયેલી આ તપાસ મુંબઈમાં સલીમ ડોલા અને અન્ય આરોપીઓ સામે નોંધાયેલી અસંખ્ય FIRના આધારે શરૂ કરવામાં આવી છે.

# CBSEમાં કેન્દ્રની મોટી કાર્યવાહી ચેરમેન અને સચિવની બદલી

## OSM વિવાદની તપાસ માટે કમિટી બનાવાઈ

નવી દિલ્હી

દેશની સૌથી મોટી સ્કૂલ પરીક્ષા સંસ્થા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)ની આંતરિક વ્યવસ્થા અને હાલમાં ચાલી રહેલા વિવાદોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. પરીક્ષાઓના મેનેજમેન્ટ અને મૂલ્યાંકન



રાહુલ સિંહ, ચેરમેન હિમાંશુ ગુપ્તા, સેક્રેટરી

પ્રક્રિયામાં આવી રહેલી ટેકનિકલ તેમજ વ્યવહારિક ખામીઓ અંગે જવાબદારી નક્કી કરવા માટે સરકારે CBSE ના ચેરમેન રાહુલ સિંહ અને સચિવ હિમાંશુ ગુપ્તાની તાત્કાલિક અસરથી બદલી કરી દીધી છે.

એસ. રાધા ચૌહાણ કરશે તપાસ સમિતિની અધ્યક્ષતા અધ્યક્ષ અને સચિવને પદ પરથી હટાવવાની સાથે જ સરકારે CBSE દ્વારા 'ઓન-સ્ક્રીન માર્કિંગ' (OSM) સેવાઓની ખરીદી અને ટેન્ડર પ્રક્રિયાની તપાસ માટે એક વિશેષ સમિતિની રચના કરી છે. આ સમિતિ ખરીદી પ્રક્રિયા સાથે જોડાયેલા તમામ પાસાઓની બારીકાઈથી તપાસ કરશે. ક્ષમતા નિર્માણ આયોગ (Capacity Building Commission)ના ચેરપર્સન એસ. રાધા ચૌહાણને આ તપાસ સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

સરકારી આદેશ અનુસાર, સમિતિના અધ્યક્ષ જરૂર પડ્યે અન્ય વિભાગો અને કચેરીઓના અધિકારીઓની મદદ પણ લઈ શકશે, જ્યારે કેપેસિટી બિલ્ડિંગ કમિટી દ્વારા તેમને સચિવાલય સહાય પૂરી પાડવામાં આવશે. કેન્દ્ર સરકારે આ તપાસ સમિતિને પોતાનો વિસ્તૃત રિપોર્ટ ૧ મહિનાની અંદર કાર્મિક અને તાલીમ વિભાગ (DoPT) ને સોંપવાનો નિર્દેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી CBSE ની ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ, મૂલ્યાંકન પદ્ધતિ અને તેના ટેન્ડરની પ્રક્રિયા સામે સવાલો ઉઠી રહ્યા હતા. આ બાબતે વિદ્યાર્થીઓ અને વિવિધ સંગઠનો દ્વારા પણ પારદર્શિતા લાવવાની માંગ કરવામાં આવી રહી હતી. સરકારના આ કડક પગલાંને CBSE ની કામગીરીમાં જવાબદારી અને પારદર્શિતા નક્કી કરવાની દિશામાં એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.

## NEWS TRACK

### હરિયાણામાં બેસીને અમેરિકાના લોકો સાથે છેતરપિંડી: અધિકારી બનીને વાત કરતા 21 લોકો પકડાયા

પંચકુલા પોલીસે સોમવારે મોડી રાત્રે એક નકલી કોલ સેન્ટર પર દરોડો પાડીને ઈન્ટરનેશનલ સાયબર ફ્રોડના રેકેટનો પર્દાફાશ કર્યો. આ કાર્યવાહી મંગળવારે સવારે લગભગ 6 વાગ્યા સુધી ચાલી. સાયબર ક્રાઈમ ટીમે સેક્ટર-2 માર્કેટમાં આવેલા એક ઓફિસમાંથી 21 લોકોને કસ્ટડીમાં લીધા. તેમાંથી ચાર લોકોને મુખ્ય આરોપી તરીકે ધરપકડ કરવામાં આવી છે. દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી 19 કમ્પ્યુટર, 3 લેપટોપ, 11.30 લાખ રોકડ, 3 વોકી-ટોકી, 16 હેન્ડસેટ, 2 વાઈ-ફાઈ રાઉટર, એક નોટ ગણવાનું મશીન, 3 પોઈન્ટ ઓફ સેલ (POS) મશીનો અને સોનાના દાગીના જપ્ત કર્યા છે. સેક્ટર-2 માર્કેટમાં આવેલી આલ્ફા ઈવેન્ટ કંપનીની ઓફિસમાંથી આ નકલી કોલ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું હતું. આરોપીઓ પોતાને એમેઝોન કંપનીના અધિકારી તરીકે ઓળખાવીને અમેરિકાના નાગરિકોને નિશાન બનાવતા હતા અને તેમની સાથે છેતરપિંડી કરતા હતા.

### ટ્રમ્પે નેતન્યાહુને ફોન કરીને ખખડાવ્યા, કહ્યું- હું ના હોત તો તમે જેલમાં હોત

ટ્રમ્પે સોમવારે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે ફોન પર વાત કરતા લેબનોનમાં ઈઝરાયલી સૈન્ય કાર્યવાહી પર સખત નારાજગી વ્યક્ત કરી. એક્સિયોસના અહેવાલ મુજબ ટ્રમ્પે ગુસ્સામાં નેતન્યાહુને 'પાગલ' કહ્યા અને તેમના પર ઉપકાર ન માનવાનો આરોપ લગાવ્યો. રિપોર્ટ મુજબ, લેબનોન પર હુમલા બાદ ઈરાને સોમવારે ચેતવણી આપી હતી કે જો ઈઝરાયલી કાર્યવાહી ચાલુ રહેશે તો તે અમેરિકા સાથે ચાલી રહેલી વાતચીત છોડી શકે છે. આનાથી નારાજ ટ્રમ્પે નેતન્યાહુને ફોન કર્યો. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે ગુસ્સામાં કહ્યું- શું તમે પાગલ થઈ ગયા છો? આખરે તમે શું કરી રહ્યા છો. મારો ઉપકાર માનો. જો હું ન હોત તો તમે જેલમાં હોત. હું તમને બચાવી રહ્યો છું. પરંતુ હવે દરેક જણ તમારાથી નારાજ છે. દરેક જણ ઈઝરાયલથી પણ નારાજ છે. અમેરિકી અધિકારીઓના મતે, ટ્રમ્પ ખાસ કરીને એ વાતથી પરેશાન હતા કે લેબનોનમાં મોટી સંખ્યામાં સામાન્ય નાગરિકો માર્યા જઈ રહ્યા છે અને એક હિઝબુલ્લાહ કમાન્ડરને નિશાન બનાવવા માટે આખી ઈમારતો તોડી પાડવામાં આવી રહી છે.

# ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનનો વિવાદિત પોલીસ કર્મચારી 'ગિરી' સરકારી ફરજ મૂકી વાડજની પ્રાઇવેટ ઓફિસેથી ચલાવે છે બુટલેગરોનો વહીવટ!




## પાક્કો ગુજરાત મહાવિસ્ફોટ: ખાખી વર્દીમાં છુપાયેલો કાળો ચહેરો!

અમદાવાદ

અમદાવાદ પોલીસ બેડાની આબરૂના ધજાગરા ઉડાવતો અને કાયદો-વ્યવસ્થાની એસીતૈસી કરતો એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરમાં વહીવટદાર તરીકે જેનું નામ જોરશોરથી ગુંજી રહ્યું છે તે 'ગિરી' કોઈ ખાનગી કંપનીમાં નોકરી નથી કરતો, પણ તે ખુદ પોલીસ ખાતાનો સત્તાવાર કર્મચારી છે! ચોંકાવનારી અને શરમજનક બાબત એ છે કે, ખાખી વર્દીનો પગાર લેતો આ સરકારી માણસ પોલીસ સ્ટેશને બેસવાને બદલે વાડજ પોલીસ ચોકી નજીક આવેલી એક ગુપ્ત ખાનગી ઓફિસમાં ડેરો જમાવીને બેસે છે. અહીં જ બેસીને તે આખા શહેરના બુટલેગરો અને ગુનેગારો સાથે રોજનો લાખો રૂપિયાનો વહીવટ ખુલ્લેઆમ પાર પાડે છે.

### ગુલબાઈ ટેકરામાં મોતનો સામાન: કેમિકલવાળો દારૂ અને સ્પાની આડમાં પાપનગરી!

સૂત્રો પાસેથી મળેલી પાકી માહિતી મુજબ, પોલીસ ખાતાના આ કથિત વહીવટદારના આશીર્વાદથી ગુલબાઈ ટેકરા વિસ્તાર ગુનાખોરીનો અડ્ડો બની ચૂક્યો છે:

કેમિકલયુક્ત ઝેરી દેશી દારૂ: આ વિસ્તારમાં વેચાતો દેશી દારૂ સાદો નથી, પણ અત્યંત જોખમી કેમિકલયુક્ત છે. જે ગમે ત્યારે લઠ્ઠાકાંડ સર્જીને નિર્દોષ નાગરિકોના જીવ લઈ શકે છે.

વિદેશી દારૂનું કટિંગ: આ વહીવટદારની સીધી સાંઠગાંઠથી વિદેશી દારૂના મોટા જથ્થા અને કન્ટેનરોનું કટિંગ અહીં રાતોરાત કરવામાં આવે છે.




સ્પાની આડમાં દેહવેપાર: હેલ્થ અને વેલનેસ સ્પાના બોર્ડ લગાવીને અંદર ખુલ્લેઆમ જિસ્મફરોશીનો હાઈપ્રોફાઈલ કાળો ધંધો ધમધમી રહ્યો છે.

મોટો સવાલ: સ્થાનિક પી.આઈ. (PI) ને જનતાની પીડા દૂર કરવામાં કોઈ રસ નથી? શું તેઓ માત્ર સમયસર પહોંચી જતા 'મોટા હપ્તા'ની ઉઘરાણીમાં જ મસ્ત છે?

### સિસ્ટમના આકાઓ મૌન: PCB, ક્રાઈમ બ્રાન્ચ અને DCP સ્કોડ કેમ લાચાર?

પોલીસ ખાતાનો એક નાનો કર્મચારી સરકારી કચેરી છોડીને પ્રાઈવેટ ઓફિસમાંથી આટલું મોટું નેટવર્ક ચલાવે, તે કોઈ મોટા આશીર્વાદ વગર શક્ય નથી. ચર્ચા તો એવી છે કે ગિરી ઉપર એસ પી (SP) કક્ષાના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ વિભાગના મોટા માથાઓનો સીધો હાથ છે. આ જ કારણે સ્ટેટ મોનિટરિંગ સેલ, પી.સી.બી (PCB), ક્રાઈમ બ્રાન્ચ કે ડી.સી.પી (DCP) સ્કોડ જેવી મોટી એજન્સીઓ પણ આ અડ્ડાઓ પર રેડ પાડતા ફફડે છે. આ વહીવટદારની ગોઠવણ એટલી પાકી છે કે તે નીચેથી લઈને છેક ઉપર સુધી નિયમિત 'વહીવટ' પહોંચાડી દે છે.

કરોડોના આલીશાન બંગલા અને લક્ઝરી ગાડીઓ: ખાખીના પગારમાં આટલી સંપત્તિ ક્યાંથી?

વર્ષોથી વિવાદોમાં રહેલા આ પોલીસ કર્મચારી ગિરીની સંપત્તિ જોઈને ભલભલા અધિકારીઓ પણ આશ્ચર્યમાં પડી જાય. પોલીસ ખાતાના સરકારી પગાર પર જીવતા આ માણસ પાસે આજે કરોડો રૂપિયાના બંગલા, આલીશાન લક્ઝરી ગાડીઓ અને કરોડોની બેનામી જમીનોનું સામ્રાજ્ય ક્યાંથી આવ્યું? આ વાડજની પ્રાઈવેટ ઓફિસમાં થતા કાળા વહીવટની કમાણીનો જીવતો જાગતો પુરાવો છે.

### 'પાક્કો ગુજરાત'નો ગૃહ વિભાગ અને ઉપમુખ્યમંત્રીને ખુલ્લો પડકાર

શું રાજ્યના ઉપમુખ્યમંત્રી અને ગૃહ મંત્રાલય પોલીસ ખાતાના આ કાળા ઘેટા સામે, જે ખાકીની આડમાં બુટલેગરો સાથે લાખોના સોદા કરે છે, તેના પર કોઈ કડક કાયદાકીય કે ખાતાકીય પગલાં ભરશે? કે પછી સિસ્ટમના આકાઓ આ બધું ચાલવા દેશે? જો આ કેમિકલવાળા દારૂથી શહેરમાં કોઈ મોટી dufઘટના ઘટી, તો તેની જવાબદારી કોની રહેશે?


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# વડોદરામાં બે અલગ ઘટનાઓમાં બેના મોત: ખોડિયારનગરમાં આધેડનું ગભરામણ બાદ મોત

વડોદરા, સિકંદર પઠાણ

વડોદરા શહેર અને જિલ્લામાં બે અલગ-અલગ દુઃખદ ઘટનાઓમાં બે વ્યક્તિઓના મોત થયા છે. એક તરફ ખોડિયારનગર વિસ્તારમાં રહેતા 52 વર્ષીય આધેડનું ચક્કર, ઉલટી અને ગભરામણ બાદ હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલાં જ મોત થયું, તો બીજી તરફ પાદરાના લુણા ગામના 23 વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન જીવ ગુમાવ્યો.

મળતી માહિતી મુજબ, મૂળ ગોધરાના અને હાલ ખોડિયારનગરના હેમદીપ રેસિડન્સીમાં રહેતા શાંતિલાલ પ્રજાપતિ (52)ને રાત્રે લગભગ 1 વાગ્યે અચાનક ચક્કર આવ્યા હતા. બાથરૂમમાં જતા તેમને ઉલટી થઈ હતી અને ત્યારબાદ ગભરામણ અનુભવતા પરિવારજનોને જાણ કરી હતી. પરિવારજનોએ તેમને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બાદમાં મૃતદેહ સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તેમના અંતિમ સંસ્કાર વતન ખાતે કરવાના હોવાથી મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો છે. સમગ્ર મામલે બાપોદ પોલીસ વધુ તપાસ કરી રહી છે.

બીજી તરફ, પાદરાના લુણા ગામના રહેવાસી 23 વર્ષીય શંકરભાઈ ગોહિલે 27 મેના રોજ અગમ્ય કારણોસર ખેતરમાં વપરાતી ઝેરી દવા પી લીધી હતી. તેમને પ્રથમ પાદરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

# સુરતમાં આર્મી જવાનનું રહસ્યમય મોત : જમવાનું કહીને નીકળ્યા બાદ મધ્યરાત્રિએ મોકલ્યું લોકેશન

સુરત

સુરત શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી અને દુઃખદ ઘટના સામે આવી રહી છે. દેશની સરહદોની રક્ષા કરતા એક આર્મી જવાનનું સુરતમાં રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું છે. રાત્રે જમવા જવાનું કહીને નીકળેલા જવાનની સવારે શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો, મૂળ અમરેલીના અને આર્મીમાં ફરજ બજાવતા જવાન રજાઓ ગાળવા માટે સુરત આવ્યા હતા. ગત રાત્રે તેઓ ઘરેથી એવું કહીને નીકળ્યા હતા કે તેઓ બહાર જમવા જઈ રહ્યા છે. જો કે, મોડી રાત સુધી તેઓ પરત ન ફરતા પરિવારે ચિંતા શરૂ કરી હતી. આ દરમિયાન મધ્યરાત્રિએ અચાનક જવાનના મોબાઈલમાંથી તેમના કાકાના વોટ્સએપ પર એક લાઈવ લોકેશન મોકલવામાં આવ્યું હતું. લોકેશન આવ્યા બાદ પરિવારજનોએ સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો પરંતુ કોઈ વાત થઈ શકી નહોતી. મધ્યરાત્રિએ મળેલા આ રહસ્યમય લોકેશનના આધારે ચિંતિત પરિવારજનો સવારે વહેલા તપાસ કરવા માટે પહોંચ્યા હતા.

ત્યાં પહોંચતા જ પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જવાને રાત્રે જે જગ્યાનું લોકેશન મોકલ્યું હતું, બરાબર તે જ જગ્યાએથી સવારે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. આ જોઈને પરિવારે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.

# વડોદરામાં AAP નેતાની ધરપકડ: મહિલા કાર્યકરે લગાવ્યા દુષ્કર્મ અને બ્લેકમેઈલિંગના ગંભીર આક્ષેપ

વડોદરા

વડોદરાના રાજકીય વર્તુળોમાંથી એક સનસનાટીપૂર્ણ સમાચાર સામે આવી રહ્યા છે. આમ આદમી પાર્ટીના વડોદરા શહેર પ્રમુખ અશોક ઓઝા સામે પક્ષની જ એક મહિલા કાર્યકરે દુષ્કર્મ અને બ્લેકમેઈલિંગની ગંભીર ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદના આધારે કપુરાઈ પોલીસે મુખ્ય આરોપી અશોક ઓઝાની ધરપકડ કરી લીધી છે. ઘટનાની વિગતવાર વાત કરીએ તો, મહિલા કાર્યકરે આક્ષેપ કર્યો છે કે અશોક ઓઝાએ તેના પતિને નોકરી અપાવવાની લાલચ આપીને પહેલા તેમનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ મહિલાને નશા યુક્ત પીણું પીવડાવીને તેના અશ્લીલ વીડિયો ઉતારી લેવામાં આવ્યા હતા. આ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને આરોપીએ મહિલાને હરણી વિસ્તારની એક હોટલમાં બોલાવી હતી અને ત્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. પીડિતાએ પોતાની ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, અશોક ઓઝા એટલાથી જ ન અટકતા, તેણે મહિલાનો મુંબઈ અને વૈષ્ણોદેવી સુધી પીછો કરીને હેરાન પરેશાન કરી હતી. આ સમગ્ર મામલામાં પીડિતાએ માત્ર અશોક ઓઝા જ નહીં, પરંતુ તેના પરિવારના સભ્યો એટલે કે તેના પુત્ર, પત્ની અને પુત્રી સામે પણ માનસિક ત્રાસ આપવા બાબતે ફરિયાદ નોંધાવી છે.

# સુરત મનપાના દાવા પ્રથમ વરસાદમાં જ ધોવાયા : ઉધનાનું ભીમનગર ગરનાળું પાણીમાં ગરકાવ

સુરત, પ્રતિનિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે વરસાદી પાણીના નિકાલ માટે કરવામાં આવેલી કામગીરી અને કરાયેલા દાવાઓ પ્રથમ વરસાદી ઝાપટામાં જ ધોવાઈ ગયા હોવાનું ચિત્ર સામે આવ્યું છે.

શહેરના ઉધના વિસ્તાર સ્થિત ભીમનગર ગરનાળું સામાન્ય વરસાદ બાદ જ પાણીમાં ગરકાવ થઈ જતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ, શહેરમાં પડેલા સામાન્ય વરસાદના કારણે ભીમનગર ગરનાળામાં મોટી માત્રામાં પાણી ભરાઈ ગયું હતું. જેના કારણે વાહનચાલકો અને સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગરનાળામાં પાણી ભરાતા વાહનોની અવરજવર પણ પ્રભાવિત થઈ હતી અને કેટલાક વાહનચાલકોને વિકલ્પિક માર્ગોનો સહારો લેવો પડ્યો હતો.

સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરીને ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલ માટે કામગીરી કરવામાં આવે છે, છતાં સામાન્ય વરસાદમાં જ પાણી ભરાઈ જવું મનપાની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કરે છે. પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત રહી ગયા હોવાનું પણ નાગરિકો જણાવી રહ્યા છે.

સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું કે જો સિઝનની શરૂઆતમાં જ આ સ્થિતિ છે તો ભારે વરસાદ દરમિયાન પરિસ્થિતિ કેટલી ગંભીર બની શકે તે અંગે ચિંતા વધી રહી છે. નાગરિકોએ મનપા તંત્ર પાસે તાત્કાલિક અસરથી યોગ્ય આયોજન અને કાયમી ઉકેલની માંગ કરી છે.

એક તરફ સુરતને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાના દાવા થઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ સામાન્ય વરસાદમાં જ સર્જાતી જળબંબાકાર સ્થિતિ શહેરની મૂળભૂત સુવિધાઓ અંગે પ્રશ્નાર્થ ઊભો કરી રહી છે.

## વાગરા તાલુકાના કડોદરા ગામના સરપંચ યોગેશસિંહ ગોહિલ ફરી એકવાર વિવાદમાં

# સરપંચ દ્વારા પાદરીયા અને કડોદરાના સીમાડાના ખેતીની જમીન તેમજ ગામની ઢોળચળણમાં રસ્તો બનાવી ભૂમાફીયાઓને રસ્તો આપી દીધો હોવાની ખેડૂતની રાવ

વાગરા

કડોદરા ગ્રામ પંચાયતના સરપંચ યોગેશસિંહ ગોહિલ અનેકવાર વિવાદોનાં ઘેરામાં જ રહેતા હોય છે પરંતુ તેઓ ગ્રામ પંચાયતના સભ્યો તેમજ ગામલોકોને કોઈપણ જાતની જાણ કર્યા વગર અનેક વખત કાર્યક્રમના સ્થળો તેમજ કાર્યક્રમ મોકુફ તેમજ ગામાત મંદિર, ધર્મશાળા તોડી નાખવા કે પછી નવી પંચાયત બનાવી હોય આ તમામમાં તેઓ કોઈને કોઈ રીતે વિવાદમાં જ રહેતા હોય છે.

જો કે આ વખતે વિવાદ કંઈ નવો જ છે કે, પોતાના વિસ્તારમાં એટલે કે ગ્રામ પંચાયતમાં (આ ખુલાશો એટલા માટે કરવો પડે કે વિસ્તાર એટલે આપણો મોહલ્લો હોય કે પછી આપડી સોસાયટી હોય પરંતુ આ સરપંચ રહે છે ભરૂચમાં અને સાચવે છે વાગરા તાલુકાનું કડોદરા ગામ) આવેલ પાદરીયા અને કડોદરાને અડીને આવેલ ખેતરમાં ખેડૂતોની અમુલ્ય જમીન તેમજ ઢોળચળણ અને સરકારી જમીન વચ્ચે પોતાના ફાયદા માટે ખેડૂતની જમીનને અડીને જ એક કાચો રસ્તો ભૂમાફીયા માટે ડમ્પરો પસાર કરવા માટે રસ્તો કરી આપ્યો છે જેથી ખેડૂતની જમીન અને ખેતીને ભારે નુકશાનીનો સામનો કરવો પડી રહયો છે. આ બાબતે ખેડૂત દ્વારા પહેલા તો આ વાતથી અજાણ હોય કે રસ્તો કોની મંજુરીથી બનાવ્યો છે...? એટલે તેમને પોતાની રજુઆત ગ્રામ પંચાયત કડોદરા ના સરપંચ ને રજૂઆત કરી હતી ત્યારબાદ કોઈ ઉત્તર ન આવતા તેઓ દ્વારા ગેરકાયદેસર ખેતીની જમીનમાં બનાવેલ રસ્તા બાબતે વારંવાર સરપંચ ને રજૂઆત કરતા આખરે સરપંચે જણાવેલ કે તમે મામલતદાર વાગરા ને લેખિતમાં અરજી કરવા અરજદાર ને જણાવેલ જેથી અરજદારે સરપંચ ના કહેવા મુજબ મામલતદાર વાગરા ને લેખિતમાં રૂબરૂ તેમજ ટી.ડી.ઓ. વાગરા ઓને લેખિતમાં અરજી કરી હતી જે બાબતની જાણ સરપંચને થતાં તેઓએ અરજદારને ટેલીફોનીક જાણ કરી હતી કે આવતી કાલે પંચાયતનાં બે સભ્યો આવીને તમારી રજુઆત બાબતે સ્થળ તપાસ કરી તમોને યોગ્ય ઉત્તર આપશે જેથી બીજા દિવસે તેઓ દ્વારા મોકલેલ પંચાયતના સભ્યો આવી સ્થળ તપાસ કરી અરજદારને ટેલીફોનીક જાણ કરી હતી કે, આ રસ્તો અમો પંચાયતની મંજુરીથી જ ભુમાફિયા ઓને આપેલ છે અને તેઓ દ્વારા પંચાયતમાં ડોનેશન અને 2 એ.સી. અને એક ફ્રિઝ પણ પંચાયતમાં આપેલ હોય જેથી આ બાબતે અમો કંઈ જ કરી શકતા નથી જેથી અરજદારે તેઓને પુછેલ કે અમો આ બાબતે મામલતદાર વાગરા તેમજ ટી.ડી.ઓ. વાગરા ઓને રજુઆત કરી છે તેઓએ જણાવેલ કે તમારે જ્યાં ફરીયાદ કરવી હોય ત્યાં કરી દો... અમો એ જ આ રસ્તો ફાળવી આપેલ છે જેથી અમારું કોઈ કશું બગાડી લેવાનું નથી...? અમારી ઉપર પણ મોટા મોટા નેતાઓનો હાથ છે જેવી મોટી મોટી વાતો કરી ફોન કાપી નાખ્યો હતો. કાલીદાસ પરમાર પોતાની ખેતીની જમીન કે જેનો સર્વે નં.૨૨૯ છે જેને અડીને જ સરપંચ અને કડોદરાના ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા ભૂમાફીયાઓને રસ્તો બનાવી આપ્યો હોય જે બાબતે અમો દ્વારા મામલતદાર વાગરા તેમજ ટી.ડી.ઓ. વાગરા ઓને લેખિતમાં ફરીયાદ કરી છે અને ગામની સમસ્યા હોય જેથી આ મોટા મોટા ડમ્પરો જે ઓવરલોડ માટી લઈને પસાર થાય છે તેની ફરીયાદ કડોદરા ગામના સરપંચ યોગેશસિંહ ગોહિલને પણ કરી હતી તેઓ દ્વારા અમોને જણાવેલ કે હું ગ્રામ પંચાયતના બે સભ્યોને આ ફરીયાદ બાબતે તપાસ કરવા મોકલું છું અને ત્યાર બાદ અમોએ તેઓનો ટેલીફોનીક સંપર્ક કરતાં આ બન્ને સભ્યોએ અમોને જણાવેલ કે, આ માટી ના લીઝ ધારકે અમોને પંચાયતમાં ડોનેશન પેટે રકમ અને બે એ.સી. અને એક ફ્રિઝ આપેલ છે જેથી આ રસ્તો તો ત્યાં જ રહેશે અને ડમ્પરો પણ ત્યાં પસાર થશે તમારે જ્યાં ફરીયાદ કરવી હોય ત્યાં ફરીયાદ કરો અને જે થાય તે કરી લેજો... તેવી ચોખ્ખા શબ્દોમાં કહી દીધું હતું.




## SOG પોલીસ દ્વારા વેજલપુર હોટલ ગ્રાન્ડ એકતામાં

# મુસાફરોની વિગત સરકારી પોર્ટલ ઉપર અપડેટ ન કરતા હોટલ સંચાલક સામે જાહેરનામા ભંગની કાર્યવાહી

કાલોલ, સેહજાદ પઠાણ

વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી એક હોટલમાં મુસાફરોની ઓનલાઈન એન્ટ્રી ન કરવા બદલ હોટલ સંચાલક/આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જી.પી. એક્ટની કલમ ૧૩૧ મુજબ જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. એસઓજી પોલીસ સ્ટાફ વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમા હતો ત્યારે કાલોલ તાલુકાના ચલાલી ચોકડી પાસે આવેલી 'હોટલ ગ્રાન્ડ એકતા' માં ચેકિંગ દરમિયાન એક મોટી બેદરકારી સામે આવી હતી.આરોપી મોહંમદ આફીદીએ હોટલ ગ્રાન્ડ એકતાના રીસેપ્શન કાઉન્ટર પર રાખવામાં આવેલા કોમ્પ્યુટરમાં ઉતારુઓના રજીસ્ટર મુજબની એન્ટ્રીઓ (નંબર ૩૫૭૦, ૩૫૭૨, ૩૫૮૨) સરકારશ્રી તરફથી જાહેર કરેલ 'પથિક સોફ્ટવેર' (Pathik Software) માં ઓનલાઈન કરી ન હતી. પોલીસે મોહંમદ આફીદી યાસીનભાઈ ખાટકી (રહે. હોટલ ગ્રાન્ડ એકતા, ચલાલી ચોકડી પાસે, વેજલપુર, તા. કાલોલ, જી. પંચમહાલ; મૂળ રહે. નુરાનીપુરા-લક્ષ્મીપુરા, તા.જી. પાટણ).આ મામલે એસઓજી પોલીસે જાહેરનામા ભંગ હેઠળ કાયદેસરનો ગુનો દાખલ કર્યો છે.સત્તાવાળાઓ દ્વારા હોટલ માલિકોને કડક સૂચના આપવામાં આવી છે કે દરેક મુસાફરોની વિગતો ફરજિયાતપણે સરકારી પોર્ટલ પર અપડેટ કરવી અનિવાર્ય છે.

## કાલોલના ફતેપુરી ગામે વાવાઝોડા સાથે વરસાદી આફત

# પતરાનું છાપરું પડતાં 13 વર્ષની કિશોરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત, વડોદરા સિવિલમાં સારવાર હેઠળ

કાલોલ, સેહજાદ પઠાણ

કાલોલ તાલુકામાં ગત રાત્રે અચાનક બદલાયેલા હવામાન અને તીવ્ર વાવાઝોડા સાથે આવેલા વરસાદે ભારે તારાજી સર્જી છે. કાલોલ તાલુકાની દેવચોટીયા ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ફતેપુરી ગામે વાવાઝોડાના કારણે એક મકાનનું પતરાનું છાપરું તૂટી પડતાં એક ૧૩ વર્ષની કિશોરીને અતિ ગંભીર ઈજાઓ પહોંચી હોવાની દુઃખદ ઘટના સામે આવી છે.દેવચોટીયા ગ્રામ પંચાયતના ફતેપુરી ગામે ગત તારીખ ૦૧/૦૬/૨૦૨૬ની રાત્રે ભારે વાવાઝોડું અને વરસાદ આવ્યો હતો. આ કુદરતી આફત દરમિયાન ગામના રહીશ જશીબેન ગણપતભાઈના મકાનને



અડીને બનાવેલું પતરાનું ઢાળિયું/છાપરું અચાનક તૂટી પડ્યું હતું. આ સમયે ત્યાં હાજર ફતેપુરીના જ રહીશ સુરેશભાઈના ૧૩ વર્ષીય પુત્રી રાઠોડ ભાવનાબેન સુરેશભાઈ આ ભારેખમ છાપરા નીચે દબાઈ ગયા હતા. ઘટનાને પગલે કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ અને અગ્રણીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા જ્યાં તેઓએ પરિસ્થિતિ ની જાણકારી મેળવી ઘટતા પગલાં માટે ખાતરી આપી હતી.આ અકસ્માતમાં કિશોરી ભાવનાબેનને શરીરે અતિ ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેમને તાત્કાલિક વધુ સારવાર અર્થે વડોદરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે.આ ઘટના અંગે દેવચોટીયાના તલાટી કમ મંત્રી દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરીને તારીખ ૦૨/૦૬/૨૦૨૬ના રોજ કાલોલના તાલુકા વિકાસ અધિકારી (TDO) ને લેખિત રિપોર્ટ સોંપવામાં આવ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને, કાલોલના તાલુકા વિકાસ અધિકારીએ આ મામલે પંચમહાલ-ગોધરાના જિલ્લા વિકાસ અધિકારી (DDO) ને 'જાનમાલના નુકસાન અંગે' સત્તાવાર અહેવાલ મોકલીને સમગ્ર પરિસ્થિતિથી અવગત કર્યા છે. આ રિપોર્ટની નકલ જિલ્લા કલેક્ટર (ડિઝાસ્ટર શાખા) અને કાલોલ મામલતદારને પણ જાણ સારું રવાના કરવામાં આવી છે.

## કાલોલના સુરેલી ગામે સીસી રોડની કામગીરીમાં ભેદભાવ

# 7 વર્ષથી પાણી માટે તરસતું અણખોલ, રહીશોએ વુડા કચેરીએ કર્યો ઉગ્ર વિરોધ

વડોદરા, સિકંદર પઠાણ

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા અણખોલ ગામ અને આસપાસની સોસાયટીઓના રહીશોએ પીવાના પાણીની ગંભીર સમસ્યાને લઈને વુડા (VUDA) કચેરીએ મોરચો કાઢ્યો. 'વી વોન્ટ વોટર'ના નારા સાથે બાળકો, મહિલાઓ અને વડીલો મોટી સંખ્યામાં કચેરીએ પહોંચ્યા હતા અને તંત્ર સામે ઉદાસીનતાના આક્ષેપો કર્યા હતા.

રહીશોના જણાવ્યા મુજબ તેઓ છેલ્લા સાત વર્ષથી પીવાના શુદ્ધ પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ગ્રામ પંચાયતથી લઈને કલેક્ટર કચેરી અને વડાપ્રધાન કાર્યાલય સુધી અનેક રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. લોકોનું કહેવું છે કે વારંવાર આશ્વાસન આપવામાં આવે છે, પરંતુ પાણીની સમસ્યા યથાવત રહી છે.

બીજી તરફ, વુડાના અધિકારીઓએ જણાવ્યું કે હાલ પૂર્વ વિસ્તારને પાણી પુરવઠા બોર્ડ દ્વારા 5 MLD પાણી આપવામાં આવે છે, પરંતુ વધતી




વસતિ અને નવી સોસાયટીઓના કારણે આ જથ્થો અપૂરતો સાબિત થઈ રહ્યો છે. સમગ્ર વિસ્તાર માટે નર્મદા કેનાલમાંથી 24 MLD પાણી મેળવવાની મંજૂરી મળી ગઈ છે અને જરૂરી પાઈપલાઈનનું કામ લગભગ પૂર્ણ થઈ ચૂક્યું છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેનાલમાં વધુ પાણી હોવાને કારણે બાકી રહેલું જોડાણ કાર્ય અટક્યું હતું, પરંતુ આગામી 10 દિવસમાં કામ પૂર્ણ થતાં અણખોલ સહિત સમગ્ર વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# બારડોલી નજીક બે એસટી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત, બસમાં આગ ફાટી નીકળતા 7ના મોત

સુરત, પ્રતિનિધિ

સુરત જિલ્લાના બારડોલી નજીક બે એસટી બસ વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતે સમગ્ર રાજ્યને શોકમાં મૂકી દીધું છે. પ્રાથમિક માહિતી અનુસાર, સામસામે અથડાયેલી બસોમાંથી એક બસમાં આગ ફાટી નીકળતા 7 લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે, જ્યારે અનેક મુસાફરો ઘાયલ થયા છે.

અકસ્માત બાદ ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ ઝડપથી ફેલાતા મુસાફરોમાં ચીસાચીસ મચી ગઈ હતી. સ્થાનિક લોકો, પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. કેટલાક ઘાયલોની સ્થિતિ ગંભીર હોવાનું પણ જાણવા મળ્યું છે. મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

## CCTV ફૂટેજ, ટેકનિકલ પુરાવાઓના આધારે

# અંકલેશ્વરમાં હિટ એન્ડ રન કેસ ઉકેલાયો : વાહન સહિત આરોપીની ધરપકડ કરવામાં આવી

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા વિસ્તારમાં બનેલા જીવલેણ માર્ગ અકસ્માતના ગુનામાં અંકલેશ્વર રૂરલ પોલીસે અકસ્માત સર્જી સ્થળ પરથી ફરાર થઈ ગયેલા અજાણ્યા વાહન અને તેના ચાલકને પોલીસે સઘન તપાસ બાદ શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અંકલેશ્વર તાલુકા વિસ્તારમાં બનેલા ફેટલ માર્ગ અકસ્માત બાદ અજાણ્યા વાહનચાલક સામે અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) તથા મોટર વાહન અધિનિયમ (MV Act)ની સંબંધિત કલમો




હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન વિવિધ સ્થળોના CCTV ફૂટેજ, ટેકનિકલ પુરાવાઓ તેમજ અન્ય મહત્વની માહિતીના આધારે અકસ્માતમાં સંડોવાયેલ વાહન નંબર GJ-12-Y-8410ની ઓળખ કરવામાં આવી હતી. વધુ તપાસમાં વાહનના ચાલક તરીકે વિક્રમ ચોથી પ્રજાપતિ (ઉ.વ. 51), રહે. પાનોલી GIDC, તા. અંકલેશ્વર, જી. ભરૂચની સંડોવણી સામે આવી હતી.

પોલીસે આરોપીને શોધી કાઢી પૂછપરછ હાથ ધરી હતી. ઉપરાંત અકસ્માતમાં સંડોવાયેલા વાહનને યાંત્રિક તપાસ માટે પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યું છે. આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અંકલેશ્વર રૂરલ પોલીસના જણાવ્યા મુજબ, ગુનાની વધુ તપાસ હાલમાં ચાલુ છે અને અકસ્માત સંબંધિત અન્ય પાસાઓની પણ ચકાસણી કરવામાં આવી રહી છે.

## જેમને શંકા હોય તે દરબારમાં આવીને પરચો જોઈ લે, પરસોત્તમ પીપળીયાના આક્ષેપોનો આપ્યો જવાબ

# બાબા બાગેશ્વરનો વિરોધીઓને ખુલ્લો પડકાર

ગાંધીનગર

પોતાના ચમત્કારો અને દિવ્ય દરબારને લઈને હંમેશા ચર્ચામાં રહેતા બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રી ઉર્ફે બાબા બાગેશ્વર ફરી એકવાર સુરખીઓમાં આવ્યા છે. આ વખતે તેમણે સોશિયલ મીડિયા પર અને જાહેરમાં તેમને ચેલેન્જ આપતા વિરોધીઓને ખુલ્લું આમંત્રણ આપ્યું છે. બાબાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, જેમને પણ તેમના પર કે તેમની શક્તિઓ પર શંકા હોય, તેઓ ગમે ત્યારે તેમના દિવ્ય દરબારમાં આવી શકે છે.

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે જાણીતા સામાજિક કાર્યકર પરસોત્તમ પીપળીયાએ બાબા બાગેશ્વરને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. પીપળીયાએ સોશિયલ મીડિયા અને મીડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'જો



બાબા પાસે ખરેખર કોઈ તંત્ર-મંત્ર કે દિવ્ય શક્તિઓ હોય, તો તેઓ મારી પર તેનો પ્રયોગ કરીને અજમાવી જુએ.' તેમણે બાબાના કથિત ચમત્કારો સામે સવાલો ઉઠાવ્યા હતા અને અંધશ્રદ્ધા ફેલાવવાનો આક્ષેપ કર્યો હતો.

વિરોધીઓ દ્વારા સતત મળી રહેલી આ પ્રકારની ચેલેન્જ બાદ બાબા બાગેશ્વરે મૌન તોડ્યું છે. તેમણે પોતાના અંદાજમાં વળતો પ્રહાર કરતા કહ્યું કે, તેઓ કોઈની ચેલેન્જ સ્વીકારવા કે સાબિત કરવા નથી બેઠા, પરંતુ જો કોઈને ખાતરી જ કરવી હોય તો તે બાગેશ્વર ધામના દરબારમાં આવી શકે છે. ત્યાં લાખો લોકોની હાજરીમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. બાબાએ ઉમેર્યું કે સનાતન ધર્મની શક્તિઓ પર સવાલ ઉઠાવનારાઓને દરબારમાં જ યોગ્ય જવાબ મળી જશે.

પરસોત્તમ પીપળીયાના પ્રહાર અને ત્યારબાદ બાબા બાગેશ્વરના આ આમંત્રણને પગલે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જાગી છે. એક તરફ બાબાના સમર્થકો આ પદયાત્રા અને દરબારને સનાતન ધર્મનો વિજય ગણાવી રહ્યા છે, તો બીજી તરફ તર્કવાદીઓ અને વિરોધીઓ તેને માત્ર એક પબ્લિસિટી સ્ટંટ ગણાવી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે પરસોત્તમ પીપળીયા કે અન્ય કોઈ વિરોધીઓ બાબાના આ આમંત્રણને સ્વીકારીને તેમના દરબારમાં પહોંચે છે કે નહીં.

## ભરૂચમાં માનવતાને શરમાવે તેવી ઘટના

# મૃત નવજાતને દફનાવવાને બદલે કચરામાં ફેંકી દેવાયો..!

ભરૂચ

ભરૂચ શહેરમાં માનવતાને ઝંઝોળી નાખે તેવી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. શહેરના મારવાડી ટેકરા ચોક વિસ્તારમાં એક તાજું જન્મેલા નવજાત બાળકનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે એક શ્વાન તેના મોઢામાં નવજાત બાળકનો મૃતદેહ લઈને ફરતો જોવા મળ્યો હતો.

માહિતી મળતા એ-ડિવિઝન પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી તપાસ શરૂ કરી હતી. સીસીટીવી ફૂટેજ અને હોસ્પિટલોના રેકોર્ડના આધારે પોલીસે ઘટનાની કડીઓ જોડતાં મહત્વની માહિતી મેળવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે વાગરા તાલુકાના દહેજ વિસ્તારની એક મહિલાએ ખાનગી હોસ્પિટલમાં મૃત બાળકને જન્મ આપ્યો હતો. મહિલાના જણાવ્યા મુજબ પરિવારજન હાજર ન હોવાથી તેણે હોસ્પિટલમાં ફરજ બજાવતી બે સફાઈ કર્મચારીઓને બાળકની દફનવિધિ માટે રૂ. 4 હજાર તેમજ રિક્ષા ભાડા પેટે રૂ. 200 આપ્યા હતા. જોકે, દફનવિધિ કરવાને બદલે સફાઈ કર્મચારીઓમાંથી એક મહિલાએ નવજાતના મૃતદેહને પ્લાસ્ટિકની થેલીમાં ભરી કચરાના સ્થળે ફેંકી દીધો હતો. બાદમાં શ્વાન તે થેલી મોઢામાં લઈને ફરતો જોવા મળતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો.

### પ્રતિ ખેડૂત ખરીદી મર્યાદા નક્કી થતાં 70થી વધુ ખેડૂતો અટવાયા, નિર્ણય પાછો ખેંચવાની માંગ

# ટેકાના ભાવે પાક વેચવા આવેલા ખેડૂતો મુશ્કેલીમાં : સરકારના નવા પરિપત્રથી ઈડરના ખેડૂતોમાં ભારે રોષ

ઈડર, જાકીર મેમણ

ઈડર તાલુકાના ખેડૂતો સરકાર દ્વારા અચાનક જાહેર કરાયેલા નવા પરિપત્રના કારણે ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ટેકાના ભાવે બાજરી અને મકાઈ વેચવા માટે ઓનલાઈન નોંધણી કરાવ્યા બાદ વેચાણ કેન્દ્ર પર પહોંચેલા 70થી વધુ ખેડૂતોને ખરીદી મર્યાદાના નવા નિયમનો સામનો કરવો પડ્યો છે, જેના કારણે ખેડૂતોમાં ભારે નારાજગી અને રોષ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ ખેડૂતોને અગાઉ ઓનલાઈન રજીસ્ટ્રેશન બાદ મેસેજ મોકલી નિર્ધારિત તારીખે પાક વેચવા માટે બોલાવવામાં આવ્યા હતા. ગઈકાલે પણ ખેડૂતોને વોટ્સએપ મારફતે મેસેજ મળતા તેઓ આજે ઈડરના એશિયન ટાઈલ્સ ખાતે આવેલા CCI ખરીદી કેન્દ્ર પર પોતાનો પાક લઈને પહોંચ્યા હતા.

પરંતુ વેચાણ કેન્દ્ર પર પહોંચ્યા બાદ ખેડૂતોને જાણ કરવામાં આવી કે સરકારે ગઈ રાત્રે નવો પરિપત્ર જાહેર કર્યો છે. નવા નિયમ મુજબ પ્રતિ ખેડૂત બાજરીની મહત્તમ 2000 કિલો, જુવારની 1000 કિલો અને મકાઈની 1500 કિલો સુધી જ ખરીદી કરવામાં આવશે.

આ નિર્ણયના કારણે કેન્દ્ર પર ખેડૂતોની લાંબી કતારો જોવા મળી હતી. ખેડૂતોનું કહેવું છે કે તેઓ મોટી માત્રામાં પાક લઈને આવ્યા છે, પરંતુ નવી મર્યાદાના કારણે સમગ્ર પાકનું વેચાણ શક્ય બનતું નથી. પરિણામે બાકીનો પાક પાછો ઘરે લઈ જવાની અને ફરી વેચાણ માટે આવવાની ફરજ પડશે.

ખેડૂતોએ જણાવ્યું કે ઘણા ખેડૂતો ટ્રેક્ટર ભાડે કરીને પાક લઈને આવ્યા છે, જેના માટે દરરોજ અંદાજે રૂ. 2500 જેટલો ખર્ચ થાય છે. આવી સ્થિતિમાં વારંવાર આવન-જાવન કરવાથી ખેડૂતોને વધારાનો આર્થિક બોજ સહન કરવો પડશે.

કેન્દ્ર પર હાજર અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ સરકારના પરિપત્ર મુજબ જ ખરીદી કરી શકે છે અને નક્કી કરેલી મર્યાદાથી વધુ પાક સ્વીકારી શકતા નથી.

ખેડૂતોએ સરકાર સમક્ષ માંગ કરી છે કે ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને આ પરિપત્રમાં તાત્કાલિક સુધારો કરવામાં આવે.

ખેડૂતોનું કહેવું છે કે જ્યાં સુધી સરકાર પોતાનો નિર્ણય પાછો નહીં ખેંચે ત્યાં સુધી તેઓ ઈડરના એશિયન ટાઈલ્સ ખાતે વિરોધ ચાલુ રાખશે. જો યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે તો આગામી દિવસોમાં ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલન પણ શરૂ કરવામાં આવી શકે છે.




### ભૂપેન્દ્ર સરકારનો મહત્વનો નિર્ણય

# ગુજરાતમાં હવે એક જ 'યુનિવર્સલ એફિડેવિટ': નાગરિકોને મોટી રાહત

ગાંધીનગર, પ્રતિનિધિ

ગુજરાત સરકાર દ્વારા નાગરિક સેવાઓને વધુ સરળ અને પારદર્શક બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે વિવિધ સરકારી સેવાઓ માટે અલગ-અલગ સોગંદનામા (એફિડેવિટ) આપવાની પ્રક્રિયાને સરળ બનાવી હવે 'યુનિવર્સલ એફિડેવિટ'ની વ્યવસ્થા અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે.

આ નવી વ્યવસ્થા હેઠળ નાગરિકોને વિવિધ સરકારી કામો માટે અલગ-અલગ પ્રકારના એફિડેવિટ તૈયાર કરાવવાની જરૂર નહીં રહે. એક જ પ્રમાણભૂત એફિડેવિટનો ઉપયોગ અનેક સરકારી સેવાઓ અને પ્રક્રિયાઓમાં કરી શકાશે. આ નિર્ણયથી સામાન્ય નાગરિકોના સમય, ખર્ચ અને દસ્તાવેજી પ્રક્રિયાનો બોજ નોંધપાત્ર રીતે ઘટશે.




અત્યાર સુધી વિવિધ પ્રમાણપત્રો, દાખલા, નામ સુધારા, સરકારી લાભ યોજનાઓ અને અન્ય વહીવટી પ્રક્રિયાઓ માટે અલગ-અલગ એફિડેવિટ રજૂ કરવાની ફરજ પડતી હતી. જેના કારણે લોકોને વારંવાર નોટરી, દસ્તાવેજો અને કાનૂની પ્રક્રિયાઓ પાછળ સમય અને પૈસા ખર્ચવા પડતા હતા. હવે 'યુનિવર્સલ એફિડેવિટ'ના અમલથી આ મુશ્કેલીઓમાં રાહત મળશે.

રાજ્ય સરકારના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ નિર્ણય 'ઈઝ ઓફ લિવિંગ' અને 'મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ'ના અભિગમને વધુ મજબૂત બનાવશે. ડિજિટલ ગવર્નન્સ અને નાગરિક કેન્દ્રિત સેવાઓને પ્રોત્સાહન આપવા માટે પણ આ પગલું મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

નાગરિકો, વકીલ વર્તુળો અને સામાજિક સંગઠનોએ સરકારના આ નિર્ણયને આવકાર્યો છે. નિષ્ણાતોના મતે આ પહેલથી સરકારી કચેરીઓમાં દસ્તાવેજી ગૂંચવણ ઓછી થશે અને સેવાઓ વધુ ઝડપી રીતે ઉપલબ્ધ બની શકશે.

ગુજરાત સરકારનો આ નિર્ણય વહીવટી સુધારાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યો છે, જેનાથી લાખો નાગરિકોને સીધો લાભ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### પશુ સંરક્ષણ અધિનિયમના ગુન્હામાં

# વોન્ટેડ આરોપીને ઝડપી પાડતી પંચમહાલ-ગોધરા SOG પોલીસ

ગોધરા, ફિરદોસ ગુણીયા

વિધી ચૌધરી નાયબ પોલીસ મહાનિરીક્ષક, પંચમહાલ ગોધરા રેન્જ ગોધરા તથા ડૉ.હરેશભાઈ દુધાત પોલીસ અધિક્ષક, પંચમહાલ ગોધરા નાઓએ નાસતા ફરતા આરોપી ઝડપી પાડવા જરૂરી સુચના આપેલ જે અન્વયે એમ. એ. વાઘેલા પોલીસ ઈન્સ્પેકટર, એસ.ઓ.જી. ગોધરા નાઓએ એસ.ઓ.જી. ટીમને જરૂરી સુચનાઓ આપેલ. જે અન્વયે પો.સ.ઈ એ.આર. તડવી તથા એસ.ઓ.જી. ટીમ ગોધરા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન શંકરસિંહ સજ્જનસિંહ એ.એસ.આઈ નાઓને મળેલ બાતમી આધારે ગોધરા ટાઉન એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૦૨૯/૨૦૨૬ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિ-૨૦૧૭ ની કલમ ૫(૧),૬(બી), ૮(૨),૮(૪),૧૦ વિગેરે મુજબના ગુન્હાના વોન્ટેડ આરોપી નામે મોહંમદ રફિક હુસેન અદા રહે.દારૂ સલામ મસ્જીદ પાસે ગોધરા નાને વ્હોરવાડ ઢાળ પાસે થી ઝડપી પાડી આગળની કાર્યવાહી સારૂ ગોધરા ટાઉન એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ છે.

# ચાલુ ટ્રેનમાં જ મહિલાને પ્રસુતિની પીડા ઉપડતા દેવદૂત બની સરકારી ગાયનેક ડૉક્ટરે કરાવી પ્રસુતિ

વિરમગામ, (વંદના નીલકંઠ વાસુકીયા)

કહેવાય છે ને કે ડૉક્ટર એ ધરતી પર ભગવાનનું બીજું રૂપ છે. આ વાતને અક્ષરશઃ સાચી સાબિત કરતી એક માનવીય ઘટના સામે આવી છે. જબલપુર-સોમનાથ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક સગર્ભા મહિલાને અચાનક ઉપડેલી પ્રસુતિની પીડા સમયે વિરમગામ એસ. ડી.એચ (સરકારી હોસ્પિટલના) ના ગાયનેકોલોજિસ્ટ ડો. અદિતી પાઠકે પોતાની આગવી સૂઝબૂઝથી ચાલુ ટ્રેનમાં જ પડકારજનક પણ સફળ પ્રસુતિ કરાવીને તબીબી જગતનું ગૌરવ વધાર્યું છે. ડો.



અદિતી પાઠક પ્રસુતિ બાદ સગર્ભા મહિલાને વિરમગામ સરકારી દવાખાનામાં લઈ આવ્યા હતા. પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સરકારી ડૉક્ટર અને હોસ્પિટલ સ્ટાફની ત્વરિત અને સંવેદનશીલ કામગીરીને કારણે આજે માતા અને બાળક બંને સંપૂર્ણ સ્વસ્થ છે. ડૉક્ટર્સ અને મમતા ઘરના સ્ટાફની આ ઉમદા સેવાને બિરદાવીને પરિવારે હસતા મુખે તેમનો આભાર માન્યો હતો. સોશિયલ મીડિયા પર પણ ડૉ. અદિતિ પાઠક અને હોસ્પિટલની ટીમ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. વિરમગામ એસ.ડી.એચ.ના ગાયનેકોલોજિસ્ટ ડો. અદિતી પાઠકે સીએમએમ ભારત સાથે આખી આ ઘટના અંગે વિગતે વાત કરી હતી. અમદાવાદથી સુરેન્દ્રનગર જઈ રહેલા ૨૫ વર્ષીય આરતીબેન ભરતભાઈ દેવીપૂજક જબલપુર-સોમનાથ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક જ તેમને અસહ્ય પ્રસૂતિની પીડા ઉપડી હતી. ટ્રેનમાં પ્રસુતિ કરાવવી કઈ રીતે એ સૌથી મોટો પ્રશ્ન પરિવારને હતો. પરંતુ પ્રસુતાના પતિએ આવા સમયે હિમ્મતથી કામ લઈને મુસાફરોને પુછ્યે કે ટ્રેનમાં કોઈ ડોક્ટર છે? એટલે તાત્કાલીક ડો. અદિતી પાઠકનો સંપર્ક કરતા તેઓ ટ્રેનમાં પણ મદદ કરવા માટે આગળ આવ્યા હતા.

# ભરૂચમાં CNGનો ભાવ 100 નહીં થાય ત્યા સુધી રિક્ષાના ભાડા નહિ વધે

ભરૂચ, રંગુની જાકીર

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલાં યુધ્ધના કારણે પેટ્રોલ- ડિઝલ અને સીએનજીના ભાવમાં વધારો થઈ રહયો છે. સીએનજીના ભાવ પણ ધીમે ધીમે વધી રહયાં હોવાના કારણે રીક્ષાભાડામાં વધારો થવાની સંભાવના છે. જય ભારત રીક્ષા એસોસીએશને હાલ પુરતી મુસાફરોને રાહત આપી છે.

વર્તમાન સમયમાં સીએનજીના ભાવ રૂા.83 પ્રતિ કિલો ચાલી રહયાં છે અને આ ભાવ રૂા.100 સુધી નહિ પહોંચે ત્યાં સુધી ભાડામાં વધારો નહિ કરવાની જાહેરાત કરવામાં આવી છે. હાલમાં ભરૂચ અને અંકલેશ્વર શહેરમાં શટલ રીક્ષામાં મુસાફર દીઠ રૂા. 10 થી લઈને 20 સુધી ભાડુ ચાલી રહયું છે જે યથાવત રહેશે.

વર્તમાન સમયમાં ઈંધણમાં થયેલાં ભાવવધારાએ મોંઘવારીમાં વધારો કર્યો છે. પરિવહનથી લઈને તમામ ક્ષેત્રમાં ભાવવધારો જોવા મળી રહયો છે. પેટ્રોલ અને ડિઝલ મોંઘા હોવાથી વાહનચાલકો સીએનજી તરફ વળ્યાં છે પણ હવે સીએનજીના ભાવમાં પણ સતત વધારો થઈ રહયો છે.

# વરાછા SBI બેંકમાં 50 લાખની લૂંટ કેસમાં વધુ એક આરોપી બિહારમાંથી ઝડપાયો...

### કુંદન ભગત ગેંગના સાગરીતની સુરત ક્રાઈમ બ્રાન્ચે પૂર્વી ચંપારણથી ધરપકડ કરી

સુરત

સુરતના વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની શાખામાં રૂપિયા 50 લાખની લૂંટના સનસનીખેજ કેસમાં સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચને ક્રાઈમ બ્રાન્ચે બિહાર રાજ્યના પૂર્વી ચંપારણ જિલ્લામાંથી કુંદન ભગત ગેંગના એક સાગરીતની ધરપકડ કરી તેને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર સુરત લાવવામાં આવ્યો છે.

ગત 27 એપ્રિલ, 2026ના રોજ એલ.એચ. રોડ પર આવેલી SBIની વરાછા શાખામાં પાંચથી વધુ શખ્સો પિસ્તોલ જેવા હથિયારો સાથે ઘૂસી આવ્યા હતા. આરોપીઓએ બેંકના કર્મચારીઓ અને ગ્રાહકોને બંધક બનાવી અંદાજે રૂપિયા 50 લાખની રોકડની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ અંગે વરાછા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) તેમજ આર્મ્સ એક્ટની વિવિધ




કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી સુરત શહેર પોલીસની વિવિધ ટીમોએ તપાસ હાથ ધરી હતી. ક્રાઈમ બ્રાન્ચે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે 1000થી વધુ CCTV કેમેરાના ફૂટેજ, મોબાઈલ ટાવર ડેટા અને અન્ય ડિજિટલ પુરાવાઓનું વિશ્લેષણ કરી તપાસ આગળ ધપાવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ લૂંટકાંડ બિહારની કુખ્યાત કુંદન ભગત ગેંગ દ્વારા આયોજનબદ્ધ રીતે અંજામ આપવામાં આવ્યો હતો. ગેંગનો મુખ્ય સુત્રધાર કુંદન ભગત હાલમાં બિહારની આદર્શ પટના જેલમાં અન્ય એક કરોડો રૂપિયાની લૂંટના ગુનામાં કેદ છે. જેલમાં રહી તેણે પોતાના સાગરીતો મારફતે આ સમગ્ર લૂંટનો પ્લાન તૈયાર કર્યો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે ગેંગના સભ્યોને કોડ નામ આપવામાં આવ્યા હતા, ફાયરિંગની તાલીમ અપાઈ હતી અને બે મહિનાથી વધુ સમય સુધી બેંક તથા આસપાસના વિસ્તારની રેકી કરવામાં આવી હતી. લૂંટ માટે વિવિધ રાજ્યોમાંથી ચોરાયેલા વાહનોનો ઉપયોગ કરી તેમાં નકલી નંબર પ્લેટ લગાવવામાં આવી હતી. ગુનાને અંજામ આપ્યા બાદ આરોપીઓ અલગ-અલગ માર્ગોથી બિહાર તરફ ફરાર થઈ ગયા હતા.

# વાગરા : ચીમન ચોકમાં બિનવારસી ઝમ્બો બેગ મળતાં મચી લૂંટ!

વાગરા

વાગરા શહેરના અતિ-વ્યસ્ત બજાર વિસ્તારમાં આવેલ ચીમન ચોક પાસે મંગળવારે એક અનોખી ઘટના સામે આવી હતી. અહીં રસ્તા કિનારે મોબાઈલની વિવિધ એસેસરીઝથી ભરેલી એક મોટી ઝમ્બો બેગ બિનવારસી હાલતમાં મળી આવતાં લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. શરૂઆતમાં બેગમાં શું છે તે અંગે ઉત્સુકતા જોવા મળી હતી, પરંતુ બેગ ખોલતાં તેમાં મોટી સંખ્યામાં મોબાઈલ એસેસરીઝ જોવા મળતાં લોકોમાં તેને મેળવવાની હોડ મચી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ બેગમાંથી હેન્ડસફ્રી, ઈયરબર્ડ, પાવર બેંક, મોબાઈલ ચાર્જર, વિવિધ કંપનીઓના મોબાઈલ કવર, સ્ક્રીનગાર્ડ સહિતની અનેક વસ્તુઓ મળી આવી હતી. કોઈ માલિક કે જવાબદાર વ્યક્તિ સ્થળ પર હાજર ન હોવાથી લોકો પોતાની રીતે સામાન ઉપાડી જવા લાગ્યા હતા.

# ફ્રી IPL એપના નામે APK ફાઇલ ડાઉનલોડ કરાવી મોબાઇલ હેક : ત્રણ લોકો સાથે ઓનલાઇન ઠગાઇ

### ખોટી એપ્લિકેશન મારફતે બેંક ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવાયા; અમદાવાદના યુવક સહિત અન્ય સામે વરાછા પોલીસમાં ગુનો નોંધાયો

સુરત

સુરતમાં ફ્રી IPL મેચ જોવા માટેની એપ્લિકેશનના નામે ખોટી APK ફાઈલ ડાઉનલોડ કરાવી મોબાઈલ ફોન હેક કરી બેંક ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવાની સાયબર ઠગાઈનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ મામલે વરાછા પોલીસ સ્ટેશનમાં અમદાવાદના એક યુવક સહિત અન્ય અજાણ્યા સાગરિતો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ ફરિયાદ અનુસાર, ઉમરવાડા સ્થિત ગુજરાત હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં રહેતા અને ખાનગી નોકરી કરતા 40 વર્ષીય વ્યક્તિને ફ્રી IPL મેચ જોવા માટેની એપ્લિકેશન ડાઉનલોડ કરવાની લિંક મળી હતી. આરોપીઓએ ગૂગલ અને ક્રોમ પ્લેટફોર્મ પર ખોટી APK ફાઈલ અપલોડ કરી તેને સત્તાવાર એપ્લિકેશન તરીકે રજૂ કરી હતી.

ફરિયાદીએ એપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ તેનો મોબાઈલ ફોન સાયબર ઠગોના કબજામાં આવી ગયો હતો. ત્યારબાદ આરોપીઓએ મોબાઈલ અને બેંકિંગ માહિતીનો ગેરઉપયોગ કરી બેંક ખાતામાંથી નાણાંની ઉચાપત કરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે ફરિયાદી ઉપરાંત અન્ય બે વ્યક્તિઓ પણ આ જ પ્રકારની સાયબર ઠગાઈનો ભોગ બન્યા હતા.

પોલીસ તપાસમાં અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી અવધૂત રેસિડન્સીમાં રહેતા શુભમકુમાર રમેશભાઈ પંચાલનું નામ સામે આવ્યું છે. આરોપી અને તેના સાગરિતોએ રાજસ્થાન રાજ્યના વિવિધ ATMમાંથી રકમ ઉપાડી હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, સાયબર ગુનેગારોએ ખોટા ઈલેક્ટ્રોનિક રેકોર્ડ અને નકલી મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરી લોકોનો વિશ્વાસ સંપાદિત કર્યો હતો. ત્યારબાદ મોબાઈલ ડિવાઈસ પર ગેરકાયદેસર રીતે કબજો મેળવી બેંકિંગ માહિતી મેળવી ખાતામાંથી નાણાં ટ્રાન્સફર અથવા ઉપાડી લેવામાં આવ્યા હતા.

આ સમગ્ર મામલે વરાછા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ તેમજ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ દ્વારા ડિજિટલ ટ્રાન્ઝેક્શન, બેંકિંગ રેકોર્ડ, મોબાઈલ ડેટા અને ATM ફૂટેજના આધારે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. સાયબર ક્રાઈમમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની ભૂમિકા અંગે પણ તપાસ ચાલી રહી છે.

# ભાજપના વરિષ્ઠ નેતા યોગેશ પટેલના નિધનથી રાજકીય જગતમાં શોકની લાગણી


### યોગેશ પટેલના નિધનથી ગુજરાતના રાજકીય, સામાજિક અને જાહેર જીવનમાં એક મોટી ખોટ પડી

ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને માંજલપુરના ધારાસભ્ય યોગેશભાઈ પટેલના અવસાનના સમાચાર અત્યંત દુઃખદ અને વ્યથિત કરનાર છે. તેમના નિધનથી ગુજરાતના રાજકીય, સામાજિક અને જાહેર જીવનમાં એક મોટી ખોટ પડી છે. 2022ની વિધાનસભાની ચૂંટણી વખતે ભાજપે તમામ ઉમેદવારો જાહેર કરી દીધા હતા, પરંતુ માંજલપુર બેઠકના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા નહોતા.

તેનું કારણ હતું યોગેશ પટેલ, કે જેમની ઉંમર એ સમયે 76 વર્ષની હતી. ભાજપે 75 વર્ષથી વધુ ઉંમરના નેતાઓને ટિકિટ ન આપવાનો નિયમ બનાવેલો હતો. તેમ છતાં યોગેશ પટેલને સતત આઠમી વાર ટિકિટ આપવામાં આવી હતી.

વર્ષ 2012માં નવા સીમાંકન બાદ વડોદરાની ત્રણ બેઠકોનું વિભાજન થઈને



પાંચ બેઠકો થઈ હતી. તે સમયે માંજલપુર વિધાનસભા બેઠક અસ્તિત્વમાં આવી હતી. આ બેઠક અસ્તિત્વમાં આવી તે પહેલાં તેનો મોટાભાગનો વિસ્તાર રાવપુરા બેઠકમાં આવતો હતો.

યોગેશભાઈ પટેલે દાયકાઓ સુધી જનસેવા, વિકાસ અને સંગઠનના મજબૂતીકરણ માટે અવિરત કાર્ય કર્યું હતું. લોકોના પ્રશ્નોના નિરાકરણ અને સમાજહિતના કાર્યો પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા તેમને એક લોકપ્રિય જનપ્રતિનિધિ તરીકે ઓળખ અપાવતી હતી. તેમના જાહેર જીવનમાં આપેલા અમૂલ્ય યોગદાનને હંમેશા યાદ કરવામાં આવશે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પરિવાર સ્વ. યોગેશભાઈ પટેલને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે અને તેમના પરિવારજનો, શુભેચ્છકો તથા કાર્યકર્તાઓ પ્રત્યે હાર્દિક સંવેદના વ્યક્ત કરે છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે તથા પરિવાર અને સ્વજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

**ભાવભીની શ્રદ્ધાંજલિ**
**- પાક્કો ગુજરાત ન્યૂઝ પરિવાર**

### સાહેબ મિટિંગમાં છે! ભાજપ નેતાના નામે ફરતી ફેક ફાઇલથી ખળભળાટ

# નડિયાદના ડેપ્યુટી મેયરની વરણી પાછળ મોટું કૌભાંડ?

- **એક મોટા નેતાના કથિત પીએ અથવા ડ્રાઇવરને સીધા ડેપ્યુટી મેયર બનાવી દેવાયાનો આક્ષેપ!**
- **ગાંધીનગરથી આવેલા કથિત ફોન અને ફાઇલોના ખેલથી ભાજપ સંગઠન ચોંકી ઉઠ્યું**

નમસ્કાર 'પાક્કો ગુજરાત' ન્યૂઝમાં આપનું સ્વાગત છે. ગુજરાતના રાજકારણમાં ક્યારેક એવા ખેલ થઈ જાય છે જેની કલ્પના ખુદ પક્ષના મોવડી મંડળે પણ નથી કરી હોતી. અત્યારે મધ્ય ગુજરાતના નડિયાદથી એક એવો જ સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે, જેને સાંભળીને ભાજપના મોટા-મોટા નેતાઓ પણ માથું ખંજવાળતા થઈ ગયા છે. 'સાહેબ મિટિંગમાં છે' કહીને ચાલતી ફેક ફાઈલો અને ભલામણોના ખેલમાં એક સામાન્ય કાર્યકર અથવા નેતાના ત્યાં કામ કરનાર વ્યક્તિને સીધા નડિયાદના ડેપ્યુટી મેયર બનાવી દેવાયા હોવાનો ગણગણાટ શરૂ થયો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, થોડા સમય પહેલાં નડિયાદ નગરપાલિકામાં હોદ્દેદારોની વરણી કરવાની હતી. આ


મનીષ પટેલ, મેયર

દરમિયાન ગાંધીનગરના એક પ્રભાવશાળી ભાજપ નેતાના નામે એક કથિત ફાઈલ અથવા યાદી સ્થાનિક સંગઠન સુધી પહોંચી. ફોન પર પણ એવી સૂચના આપવામાં આવી કે 'સાહેબ અત્યારે મિટિંગમાં વ્યસ્ત છે, પણ આ નામ ઉપરથી નક્કી થઈને આવ્યું છે.'

સ્થાનિક નેતાઓએ 'સાહેબનો આદેશ' સમજીને એ નામ પર મહોર મારી દીધી અને એ વ્યક્તિ નડિયાદના ડેપ્યુટી મેયર બની પણ ગયા. પરંતુ અસલી ડ્રામા ત્યારે શરૂ થયો જ્યારે ગાંધીનગરના એ અસલી 'સાહેબ'ને ખબર પડી કે તેમના નામે કોઈએ મોટો ખેલ પાડી દીધો છે!

સૂત્રોનો દાવો: જે વ્યક્તિને ડેપ્યુટી મેયર જેવું જવાબદાર પદ મળી ગયું, તે વાસ્તવમાં ભાજપના જ એક સ્થાનિક અથવા ગાંધીનગરના નેતાને ત્યાં ઘરકામ, ડ્રાઈવિંગ અથવા પર્સનલ સ્ટાફ તરીકે કામ કરતો હોવાની ચર્ચા છે.

ભાજપ સંગઠનમાં કેમ મચ્યો ખળભળાટ?

આ ઘટના બહાર આવ્યા બાદ ભાજપના આંતરિક વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે:

ફેક ફાઈલનો આતંક: ગાંધીનગરના મોટા નેતાઓના નામે આવી કેટલી ફાઈલો અને નામો જિલ્લા સ્તરે મોકલીને હોદ્દાઓ પચાવી પાડવામાં આવ્યા છે?

ચકાસણીનો અભાવ: સ્થાનિક સંગઠને ગાંધીનગરથી આવેલા ફોન કે ફાઈલની ક્રોસ-વેરિફિકેશન કેમ ન કરી?

શિસ્તબદ્ધ પક્ષમાં ગાબડું: હાઈટેક અને શિસ્તબદ્ધ ગણાતી ભાજપમાં 'સાહેબ મિટિંગમાં છે' કહીને વચેટિયાઓ આટલો મોટો ખેલ કરી જાય તે સંગઠન માટે ચિંતાનો વિષય છે.

'પાક્કો ગુજરાત'નો સવાલ


આ કિસ્સો સામે આવ્યા બાદ હવે સવાલ એ થાય છે કે શું આ કથિત ડેપ્યુટી મેયરને પદ પરથી હટાવવામાં આવશે? અને સૌથી મોટો સવાલ એ કે 'સાહેબ'ના નામે આ નકલી ફાઈલ ફેરવનાર અસલી માસ્ટરમાઈન્ડ કોણ છે?

## તંત્રી લેખ...

### “પુરુષ હોવું સહેલું નથી: જવાબદારીઓના ભાર નીચે દબાયેલું એક મૌન જીવન”

સમાજમાં વર્ષોથી એક માન્યતા ચાલી આવે છે કે પુરુષ મજબૂત હોય છે, તેને દુઃખ થતું નથી, તે રડતો નથી અને દરેક પરિસ્થિતિનો સામનો સરળતાથી કરી શકે છે. પરંતુ હકીકત એ છે કે પુરુષનું જીવન પણ એટલું જ સંઘર્ષમય, જવાબદારીઓથી ભરેલું અને ભાવનાત્મક દબાણોથી ઘેરાયેલું હોય છે. એક પુરુષ જ્યારે બાળક હોય છે ત્યારે તેને કહેવામાં આવે છે કે “છોકરાઓ રડતા નથી.” યુવાનીમાં તેને પોતાના સપનાઓ અને પરિવારની અપેક્ષાઓ વચ્ચે સંતુલન સાધવું પડે છે. અભ્યાસ, કારકિર્દી, રોજગાર અને ભવિષ્યની ચિંતા તેની સાથે સતત ચાલતી રહે છે. સમાજ તેની સફળતાને જ માપદંડ બનાવે છે અને નિષ્ફળતાને ઘણીવાર નબળાઈ તરીકે જુએ છે.

એક પુત્ર તરીકે માતા-પિતાની આશાઓ, પતિ તરીકે પરિવારની જવાબદારી અને પિતા તરીકે સંતાનોના ભવિષ્યની ચિંતા - આ બધું એકસાથે ઉઠાવવું સહેલું નથી. ઘરમાં કોઈ સમસ્યા આવે, આર્થિક સંકટ સર્જાય કે મુશ્કેલ સમય આવે, ત્યારે સૌની નજર સૌથી પહેલાં ઘરના પુરુષ તરફ જ જાય છે. કારણ કે સમાજે તેને “જવાબદારીનું બીજું નામ” બનાવી દીધો છે.




ઘણા પુરુષો પોતાની પીડા, તણાવ અને લાગણીઓ અંદર જ દબાવી રાખે છે. તેઓ પરિવારને ખુશ રાખવા માટે પોતાના સપનાઓ, ઈચ્છાઓ અને આરામનો ત્યાગ કરે છે. ઘણીવાર તેઓ પોતે તૂટી રહ્યા હોય છે, છતાં પરિવારના ચહેરા પર સ્મિત જાળવવા માટે મજબૂત દેખાવાનો પ્રયાસ કરે છે.

આ લેખનો હેતુ સ્ત્રી અને પુરુષની તુલના કરવાનો નથી. બંનેનું જીવન પોતાના સંઘર્ષો અને પડકારોથી ભરેલું છે. પરંતુ જેમ સમાજ સ્ત્રીઓની લાગણીઓ અને મુશ્કેલીઓને સમજવાનો પ્રયાસ કરે છે, તેમ પુરુષોની માનસિક, ભાવનાત્મક અને સામાજિક સમસ્યાઓને પણ સમજવાની જરૂર છે.

પુરુષ માત્ર કમાણી કરવાનું યંત્ર નથી. તે પણ લાગણીઓ ધરાવતો માણસ છે. તેને પણ પ્રેમ, સન્માન, પ્રોત્સાહન અને સમજણની જરૂર હોય છે. તેની મૌનતા પાછળ અનેક અધૂરી વાતો, દબાયેલા આંસુઓ અને અપૂર્ણ સપનાઓ છુપાયેલા હોઈ શકે છે.

સમાજ ત્યારે જ સાચા અર્થમાં સંતુલિત બની શકે જ્યારે સ્ત્રી અને પુરુષ બંનેના સંઘર્ષોને સમાન સંવેદનાથી સમજવામાં આવે. કારણ કે હકીકત એ છે કે દરેક સ્મિત પાછળ કોઈક લડાઈ ચાલી રહી હોય છે, અને પુરુષનું જીવન પણ એટલું સહેલું નથી જેટલું બહારથી દેખાય છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

## કોરોનાથી પણ ખતરનાક ઇબોલા વાયરસનો વિશ્વમાં આતંક

‘વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન’ (WHO) એ ઈબોલા વાયરસને ‘ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી’ (વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી) જાહેર કર્યો છે. આ પછી ભારત સરકારે પણ સતર્કતા વધારી દીધી છે. આફ્રિકાના દેશો- કોંગો, યુગાન્ડા અને સુદાનની યાત્રા કરનારાઓને ખાસ કરીને સાવચેતી રાખવા જણાવાયું છે. ભારત સરકારે એડવાઈઝરી જાહેર કરી છે. તેમાં તમામ ઈન્ટરનેશનલ એન્ટ્રી પોઈન્ટ્સ, બોર્ડર વિસ્તારો અને એરપોર્ટ્સ પર દેખરેખ વધારવા જણાવાયું છે. સાથે જ ઈબોલા પ્રભાવિત દેશોની બિનજરૂરી યાત્રા ટાળવાની સલાહ આપવામાં આવી છે. આખી દુનિયામાં ઈબોલા વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા 900 થઈ ગઈ છે. આના કારણે કોંગોમાં છેલ્લા 20 દિવસમાં 200 લોકોના મોત થયા છે. ઈબોલા વાયરસનો ‘બુંડીબુગ્યો’ વેરિઅન્ટ ઝડપથી ફેલાઈ રહ્યો છે. એટલા માટે WHO એ તેને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી છે. ઈબોલા વાયરસના સંબંધમાં ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલી એડવાઈઝરીમાં 4 મુખ્ય વાતો કહેવામાં આવી છે-

કોંગો (DRC), યુગાન્ડા અને સાઉથ સુદાનની બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે, કારણ કે આ વિસ્તારોમાં ઈબોલા સંક્રમણનું જોખમ છે. એરપોર્ટ સહિત અન્ય એન્ટ્રી પોઈન્ટ્સ પર દેખરેખ વધારવા અને પ્રભાવિત વિસ્તારોમાંથી આવતા મુસાફરોની તપાસ કરવાના નિર્દેશો આપવામાં આવ્યા છે. અજ્ઞાત તાવવાળા મુસાફરોની ઓળખ, તપાસ, રિપોર્ટિંગ અને યોગ્ય વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. WHO ની ભલામણો અનુસાર સાવચેતી રાખવા અને પ્રભાવિત વિસ્તારોની મુસાફરી ઓછી કરવાની સલાહ આપવામાં આવી છે. સરકારે આ અંગે કોઈ માહિતી આપી નથી. જોકે, ભારતનું હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સર્વેલન્સ, તપાસ અને ચેપ નિયંત્રણ માટે મોટાભાગે તૈયાર છે. જો ભારતમાં ઈબોલા વાયરસના કેસ જોવા મળે છે, તો કોવિડમાંથી મળેલા અને શીખેલા પાઠ કામ આવશે. ઈબોલા એક ગંભીર અને અત્યંત ચેપી વાયરલ ‘હેમરેજિક ફીવર’ છે. તે ઈબોલા વાયરસના ચેપથી થાય છે. તે મનુષ્યો અને કેટલાક જંગલી પ્રાણીઓ (જેમ કે ચામાચીડિયા અને પ્રાઈમેટ્સ) ને અસર કરે છે. આ માધ્યમો દ્વારા ચેપ ફેલાય છે- સંક્રમિત વ્યક્તિના લોહી, લાળ, પરસેવો, ઉલટી, પેશાબ, મળ અથવા અન્ય બોડી ફ્લુઈડના સીધા સંપર્કથી. સંક્રમિત વ્યક્તિના કપડાં, પથારી, સોય, મેડિકલ ઈક્વિપમેન્ટ્સ અથવા અન્ય દૂષિત વસ્તુઓને સ્પર્શ કરવાથી. સંક્રમિત જંગલી પ્રાણીઓ, ખાસ કરીને ફળ ખાનારા ચામાચીડિયા, વાંદરાઓ અને અન્ય પ્રાઈમેટ્સના સંપર્કમાં આવવાથી. સંક્રમિત દર્દીની સંભાળ અથવા અંતિમ સંસ્કાર દરમિયાન સુરક્ષા ઉપાયો વિના સંપર્કમાં આવવાથી. વર્તમાન સમયમાં ફેલાઈ રહેલા ઈબોલાના ‘બુંડીબુગ્યો’ વેરિઅન્ટ માટે હાલમાં કોઈ માન્ય રસી (વેક્સિન) કે ખાસ સારવાર ઉપલબ્ધ નથી. હાથોની નિયમિત સફાઈથી ઈન્ફેક્શનનું જોખમ ઓછું થાય છે.

સેનિટાઈઝર વાયરસવાળા હાથને સાફ કરવામાં મદદરૂપ છે.

માસ્ક સંક્રમિત વ્યક્તિના ફ્લુઈડના સંપર્કનું જોખમ ઘટાડે છે. માત્ર માસ્ક પૂરતું નથી, અન્ય સાવચેતીઓ પણ જરૂરી છે. સ્વાસ્થ્યકર્મીઓ માટે PPE કિટ સૌથી અસરકારક સુરક્ષા છે. 21 દિવસ સુધી હેલ્થ ઓબ્ઝર્વેશન કરો.

તાવ, નબળાઈ, ઉલટી કે ઝાડા થાય તો તરત ડોક્ટરનો સંપર્ક કરો. પ્રવાસની વિગતો આરોગ્યકર્મીને જણાવો.

લક્ષણો દેખાય તો અન્યોથી અંતર રાખો.

સ્થાનિક આરોગ્ય વિભાગના નિર્દેશોનું પાલન કરો.

# ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ દ્વારા રશિયાનો માણસોને અમર કરવાનો અખતરો !

## માનવ અંગોને સમયાંતરે અને સતત બદલતા રહીને તેની યુવાની ટકાવી રાખવા અને ઉંમર વધારવાના પ્રયોગો, પુતિનનું 2 લાખ કરોડનું રોકાણ

ન્યૂ હેલ્થ પ્રિઝર્વેશન ટેક્નોલોજીના નામે આ સંશોધન કરાઈ રહ્યું છે. અહેવાલો પ્રમાણે રશિયાએ બે વર્ષ પહેલાં એટલે કે 2024માં આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. 2030 સુધીમાં અંદાજે 1.75 લાખ લોકોની જિંદગી બચાવવાનું કે તેમને નવજીવન આપવાનું કામ આ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવશે: ગત વર્ષે બેઈજિંગ ખાતે મિલિટરી પરેડમાં પુતિન, જિનપિંગ અને કિમ જોંગ ઉને આ ટેક્નોલોજી અંગે વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. જિનપિંગ અને કિમ જોંગ ઉને પુતિનના પ્રયોગોને સમર્થન પણ આપ્યું હતું. માણસોને સ્વસ્થ રીતે 150 વર્ષ જીવાડવાનો પ્રયાસ કરાઈ રહ્યો હોવાનું અનુમાન. પુતિનની અંગત આગેવાની અને રોકાણમાં જ પ્રયોગો થઈ રહ્યા છે: સંશોધકોએ જણાવ્યું કે, આ બાયોટેક્નોલોજી ચાર સ્તરે કામ કરશે. જેનથેરાપી દ્વારા ડીએનએ બદલીને એજિંગ રોકી શકાશે. બાયોપ્રિન્ટિંગ દ્વારા નાના અંગે નવેસરથી બનાવાશે. જેનોટ્રાન્સપ્લાન્ટ દ્વારા મિનિ પિગમાં માનવ અંગોનું સર્જન અને સ્ટોરેજ કરી શકાશે.

યુવાની વિશે કાયમ એવું કહેવાય છે કે, જવાની તો જવાની છે. માણસની યુવાની કાયમ રહેતી નથી. તેને વૃદ્ધાવસ્થા આવે જ છે. સંશોધકો દ્વારા હવે આ વૃદ્ધાવસ્થાને દૂર કરવા અને યુવાની ટકાવી રાખવા માટે સંશોધન કરવામાં આવી રહ્યા છે. માણસને લાંબી ઉંમર આપવા, સ્વસ્થ રાખવા અને અમર બનાવવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ અંગે અનેક દેશોમાં ઘણા વર્ષોથી સંશોધન થઈ રહ્યા છે. તાજેતરમાં રશિયા દ્વારા જે સંશોધન કરાઈ રહ્યું છે તેણે દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. જાણકારોના મતે રશિયાએ ઘડપણને દૂર કરીને યુવાની ટકાવી રાખવાનું અને યુવાની પાછી મેળવવાનું કામ શરૂ કરી દીધું છે. આ પ્રયાસમાં રશિયન સંશોધકો સફળ પણ થયા છે. ઉલ્લેખનીય છે કે, રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન પોતે અંગત રીતે આ પ્રોજેક્ટમાં રસ લઈ રહ્યા છે અને તેણે અબજો ડોલરનું તેમાં રોકાણ કર્યું છે. ન્યૂ હેલ્થ પ્રિઝર્વેશન ટેક્નોલોજીના નામે આ સંશોધન કરાઈ રહ્યું છે. તેમાં અંદાજે ૨૬ અબજ ડોલર એટલે કે સરેરાશ ૨ લાખ કરોડ રૂપિયાથી વધારે ખર્ચ કરવામાં આવશે. અહેવાલો પ્રમાણે રશિયાએ બે વર્ષ પહેલાં એટલે કે ૨૦૨૪માં આ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. ૨૦૩૦ સુધીમાં અંદાજે ૧.૭૫ લાખ લોકોની જિંદગી બચાવવાનું કે તેમને નવજીવન આપવાનું કામ આ પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પુતિને આ વિશે એક મોઘમ ઉલ્લેખ કર્યો હતો. જાણકારો માને છે કે, પુતિન, જિનપિંગ અને કિમ જોંગ ઉન વચ્ચે થયેલી વાતચીતમાં આ બાબતની જ ચર્ચા કરવામાં આવી હતી. તે સમયે જિનપિંગ અને કિમ જોંગ ઉન દ્વારા આ સંશોધન અને ટેક્નોલોજી અંગે આશ્ચર્ય પણ વ્યક્ત કરવામાં આવ્યું હતું. વાત એવી છે કે, ગત વર્ષે સપ્ટેબરમાં બેઈજિંગ ખાતે બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિના ૮૦ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન ચીને વિશાળ સૈન્ય પરેડનું આયોજન કરીને શક્તિ પ્રદર્શન કર્યું હતું. તેમાં મુખ્ય મહેમાન તરીકે પુતિનને બોલાવાયા હતા. તે ઉપરાંત ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન પણ તેમાં જોડાયા હતા. જાણકારોના મતે તિયાનમેન સ્ક્વેર ખાતે જ્યારે પરેડનું નિરિક્ષણ કરવા દરમિયાન ત્રણેય વાતો કરતા હતા ત્યારે તેમની વચ્ચે આ ટેક્નોલોજી અંગે વાત થઈ હતી. તે સમયે એક માઈક્રોફોનમાં આ વાત રેકોર્ડ થવા લાગી હતી. પુતિને ત્યારે જિનપિંગને જણાવ્યું હતું કે, જો માનવ અંગોનો સતત ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવે તો આપણે ધારીએ તેટલા લાંબા સમય સુધી માણસને જીવતો રાખી શકીએ છીએ અને સ્વસ્થ રાખી શકીએ છીએ. વારંવાર આવું કરવામાં આવે તો માણસ અમર પણ થઈ શકે છે. જિનપિંગે ત્યારે જવાબમાં જણાવ્યું હતું કે, હાલમાં માણસને ૧૫૦ વર્ષ સુધી જીવાડવા માટેના પ્રયોગો થઈ જ રહ્યા છે. અમે તેનું સમર્થન કરીએ છીએ. જો કે, રશિયન પ્રમુખે માણસને અમર કરવાની વાત કરી હતી. પુતિને આ પ્રોજેક્ટ પોતાની દીકરી મારિયા વારોત્સેવાની આગેવાનીમાં શરૂ કર્યો છે. તે એન્ડોક્રાયોનોલોજિસ્ટ છે અને નેશનલ જેનેટિકલ કાર્યક્રમોની આગેવાની પણ કરે છે. તે ઉપરાંત કુર્ચાતોવ ઈન્સ્ટિટ્યૂટના પ્રમુખ અને ભૌતિક વિજ્ઞાની મિખાઈલ કોવાલ્ચુકનો પણ આ ટીમમાં સમાવેશ કરાયો છે. તેઓ પુતિનના ખૂબ જ જુના અને વિશ્વાસપાત્ર સાથી માનવામાં આવે છે. તેમણે પણ થોડા સમય પહેલાં જણાવ્યું હતું કે, વિજ્ઞાન દ્વારા થોડા જ સમયમાં મનુષ્યોને અનિશ્ચિત કાળ સુધી ખરાબ અંગો બદલવા અને તેને




સાજા કરવા માટે સક્ષમ બની જશે. તેમણે એમ પણ દાવો કર્યો હતો કે, મનુષ્યને અમર બનાવવો હાલમાં મુશ્કેલ જણાઈ રહ્યો છે પણ તે અશક્ય નથી. માણસના શરીરના આંતરિક ખરાબ અંગોને સતત બદલીને તેને લાંબા સમય સુધી જીવીત અને સ્વસ્થ રાખી શકાય છે. મૂળ વાત એવી છે કે, રશિયામાં લોકોની સરેરાશ ઉંમર ઘટી રહી છે. ૨૦૨૪માં રશિયનોની સરેરાશ જિંદગી ૭૩.૪૪ વર્ષ હતી. તેમાં મહિલાઓની જીવનની સરેરાશ ૭૮.૮૮ જ્યારે પુરુષોની માત્ર ૬૮.૨૬ વર્ષ હતી. અમેરિકાની સાથે તેની સરખામણી કરવામાં આવે તો મહિલાઓની સરેરાશ જિંદગી ૮૦ વર્ષથી વધારે જ્યારે પુરુષોની ૭૪ વર્ષથી વધુ છે. રશિયામાં પુરુષોનું સરેરાશ જીવન ઘણું ઓછું છે. પશ્ચિમી દેશોની સરખામણીમાં તો ઘણું ઓછું છે. તેના કારણે જ રશિયાના અધિકારીઓ અને પુતિન ચિંતામાં છે. ઘટતી જનસંખ્યા અને સરેરાશ જીવનને વધારવા માટે અને પુરુષોની જિંદગી વધારવા માટે તેમણે આ પ્રયોગો શરૂ કર્યા છે. ઉલ્લેખનીય છે કે, ઉંમર વધારવા માટે આ અખતરો બીજે પણ થયો છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં હાર્વર્ડ મેડિકલ સ્કૂલના પ્રોફેસર ડેવિડ સિક્લેરે પણ એન્ટી એજિંગ અંગે સંશોધન કર્યું હતું. તેમણએ વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટમાં જણાવ્યું હતું કે, અમે પહેલી વખત પરિક્ષણ કરવાના છીએ કે વૃદ્ધાવસ્થાને અટકાવીને યુવાનીમાં ફેરવી શકાય છે કે નહીં. તેમનું સંશોધન એપિજેનેટિક પ્રોગ્રામિંગ થેરાપી ઉપર આધારિત હતું. તેઓ ખરાબ કોશિકાઓને યુવાવસ્થામાં જ પૂનઃસ્થાપિત કરીને વધતી ઉંમર અટકાવી દે છે. તેના દ્વારા ઉંમરને રિવર્સ કરી શકાય છે. ચાર સ્તરની બાયોટેક્નોલોજી અને માણસનું સરેરાશ જીવન વધી જશે રશિયાના અધિકારીઓ દ્વારા જ આ ટેક્નોલોજી અને સંશોધનને પ્રમાણિત કરવામાં આવેલું છે. રશિયાના ઉચ્ચ અધિકારીઓએ તેને ન્યૂ ટેક્નોલોજીઝ ફોર હેલ્થ પ્રિઝર્વેશન નેશનલ પ્રોજેક્ટ નામ આપ્યું છે. આ એક સરકારી કાર્યક્રમ છે. ગત મહિને રશિયાની સરકારે આ મુદ્દે અધિકારિક જાહેરત પણ કરી હતી. જેન થેરાપી દ્વારા વધી ઉંમરને રોકવામાં આવશે અને માણસની ઉંમર રિવર્સ કરવાનો પ્રયાસ થશે. રશિયાના ડેપ્યુટિ સાયન્સ મિનિસ્ટર ડેનિસે પણ આ ટેક્નોલોજીના વખાણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વૃદ્ધાવસ્થા સામેની લડાઈમાં આ એક મોટું હથિયાર સાબિત થશે. તેનાથી સમગ્ર માનવજાતને ફાયદો થશે. સંશોધકોએ જણાવ્યું કે, આ બાયોટેક્નોલોજી ચાર સ્તરે કામ કરશે. રશિયન વૈજ્ઞાનિકોએ જેન થેરાપી વિકસિત કરી છે. જે સેલ્યુલર એજિંગને ધીમી પાડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ થેરાપી ડીએનએના સ્તરે જ વૃદ્ધાવસ્થાને આગળ વધતા રોકવા માટે અસરકારક કામગીરી કરશે. તે ઉપરાંત સંશોધકોએ બાયોપ્રિંટિંગ ટેક્નોલોજી વિકસાવી છે. તેમણે ઉંદરોની થાઈરોડ ગ્રંથી અને અન્ય કેટલાક ચેતાઓને બાયોપ્રિંટિંગ દ્વારા વિકસિત કર્યા છે. તેઓ ૨૦૩૦ સુધીમાં બાયોપ્રિંટ થકી અંગો બનાવીને તેને પ્રત્યારોપિત કરવામાં સફળતા મેળવી લેશે તેવો દાવો કરાઈ રહ્યો છે. તેના દ્વારા માણસમાં ગમે ત્યારે ગમે તે અંગ બદલી શકાશે. તે સિવાય જેનોટ્રાન્સપ્લાન્ટ પદ્ધતિ વિકસાવાઈ છે. મિની પીગમાં માણસોની સારવાર માટેના અંગો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જ્યારે પણ જરૂર પડે ત્યારે આ અંગોને કાઢીને માણસોમાં ટ્રાન્સપ્લાન્ટ કરી શકાશે. તેમાં મિનિ પિગમાં જેનેટિક એડિટિંગ કરવામાં આવ્યું છે. તેના દ્વારા તેનું શરીર માણસોના શરીર સાથે મેચિંગ કરી શકે અને તે અંગોને સાચવી શકે તેવી પદ્ધતિ વિકસાવાઈ છે. તેમાં કિડની, હાર્ટ, લિવર જેવા અંગોનો સમાવેશ થાય છે. ચોથો અને મહત્ત્વનો તબક્કો છે ક્રાયોથેરાપી. તેમાં ખૂબ જ નીચે તાપમાને સારવાર કરવામાં આવે છે. ખાસ કરીને કોઈ પણ ઈજા થાય ત્યારબાદ તે ટિશ્યૂને રાહત આપવા અને સારવાર માટે કે પછી કેન્સર સેલ અથવા તો એબનોર્મલ ટિશ્યૂને પ્રીઝ કરવા માટે જે તાપમાન જોઈએ તે તાપમાન રાખવામાં આવે છે. તેના દ્વારા રોગના ટિશ્યૂનો નાશ કરાશે અને ખોડ ખાપણને દૂર કરી શકાશે. પુતિન પોતાની ઉંમર વધારવા અખતરા કરાવતા હોવાના દાવા આંતરરાષ્ટ્રીય સ્તરે આ સંશોધનના ઘણા મોટા પ્રત્યાઘાત પડયા છે. ઘણા લોકો અને જાણકારો માની રહ્યા છે કે, રશિયામાં આ પ્રયોગો થવા પાછળ મોટું કારણ પુતિન પોતે જ છે. તેઓ આ પ્રોજેક્ટમાં અંગત રસ લઈ રહ્યા છે કારણ કે તેઓ પોતાનું જીવન સ્વસ્થ બનાવવા અને ઉંમર વધારવા માટે પ્રયાસ કરી રહ્યા છે.

# હીટ ડોમ : બ્રિટનથી ફ્રાંસ સુધી સમગ્ર યુરોપ શેકાઈ રહ્યું છે !

**ગ્લોબલ વોર્મિંગના કારણે ગ્રીન હાઉસ ગેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેના કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન પણ વધી રહ્યું છે. તેની અસર યુરોપ ઉપર સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. યુરોપ વર્તમાન સમયમાં અત્યંત ઝડપથી ગર્મ થનારો કોન્ટિનેન્ટ બની ગયો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે અહીંયાનું ઋતુચક્ર સંપૂર્ણ રીતે બદલાઈ રહ્યું છે : સદીઓથી આ તમામ દેશો અને પ્રદેશો ઠંડા ગણાતા આવ્યા છે. તેના કારણે અહીયા એસીની વ્યવસ્થા હોતી નથી.**

ગ્લોબલ વોર્મિંગના કારણે ગ્રીન હાઉસ ગેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેના કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન પણ વધી રહ્યું છે. તેની અસર યુરોપ ઉપર સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. યુરોપ વર્તમાન સમયમાં અત્યંત ઝડપથી ગર્મ થનારો કોન્ટિનેન્ટ બની ગયો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે અહીંયાનું ઋતુચક્ર સંપૂર્ણ રીતે બદલાઈ રહ્યું છે : સદીઓથી આ તમામ દેશો અને પ્રદેશો ઠંડા ગણાતા આવ્યા છે. તેના કારણે અહીંયા એસીની વ્યવસ્થા હોતી નથી. અહીંયા મકાનો, સ્કૂલો, ઓફિસો કે પછી મોટાભાગની ઈમારતોમાં એરકન્ડિશનનો અભાવ જોવા મળે છે. અહીંયા ક્યારેય તેની જરૂર પડી નહોતી. હવે છેલ્લાં પાંચ વર્ષમાં એકાએક ગરમી વધવા લાગી છે. એસીની ગેરહાજરમાં અસહ્ય ગરમ થયેલા મકાનોમાં બંધ બારણે રહેવું જીવલેણ સાબિત થાય તેમ છે : ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના કારણે જ સ્થિતિ વણસી છે. યુરોપ એક એવો પ્રદેશ છે જ્યાં વસંત ઋતુ દરમિયાન સામાન્ય રીતે 18-20 ડિગ્રી તાપમાન રહેતું હતું. અહીંયા હવે સરેરાશ તાપમાન ૩૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જાણકારો સ્પષ્ટ રીતે માને છે કે, જો કાર્બન ઉત્સર્જન ઉપર કાબુ નહીં કરવામાં આવે તો યુરોપની સ્થિતિ વધારે કફોડી થશે. ભારતમાં તો આકાશ આગ ઓકી જ રહ્યું છે અને ચામડી બાળતી કાળઝાળ ગરમી પડી જ રહી છે પણ દુનિયાના બીજા દેશોની હાલત પણ એવી જ છે. તાજેતરમાં ફ્રાન્સ ખાતે રમાઈ રહેલી ફ્રેન્ચ ઓપન ટુર્નામેન્ટમાં પણ ખેલાડીઓના હાલ બેહાલ થઈ ગયા છે. બ્રિટન, સ્પેન, પોર્ટુગલ, ઈટાલી, જર્મની, નેધરલેન્ડ અને ફ્રાન્સ સહિતના યુરોપના દેશો કે જે પોતાના ઠંડા અને ખુશનુમા વાતાવરણ માટે જાણીતા છે ત્યાં કાળઝાળ ગરમી પડવા લાગી છે. સામાન્ય રીતે યુરોપના દેશોમાં મે મહિના દરમિયાન ખુશનુમા વાતાવરણ હોય છે પણ આ વખતે અહીંયા સ્થિતિ ખરાબ છે. અહીંયા રેકોર્ડ તોડ ગરમી પડી રહી છે અને ભયાનક લૂ અને હીટવેવના કારણે હાહાકાર મચેલો છે. પોતાની ઠંડક માટે અને ખાસ કરીને મે અને જૂન મહિનામાં ફરવા માટે સારા પર્યટન સ્થળ ગણાતા યુરોપના દેશોમાં છેલ્લાં કેટલાક સમયથી ગરમી પડી રહી છે.

આ વખતે તો હાહાકાર મચી ગયો છે. ફ્રાન્સમાં તો હીટવેવની સ્થિતિ અત્યંત ભયાનક છે. અહીંયા ગરમીના કારણે સાત લોકોનાં મોત થયાના પણ અહેવાલો છે. આશ્ચર્યની વાત એ છે કે, અહીંયા જુલાઈના અંતમાં થોડી ગરમી પડે છે પણ આ વખતે તો મે મહિનામાં જ લોકોની હાલત ખરાબ થઈ ગઈ છે. મે મહિનાના અંતમાં રેકોર્ડ બ્રેક ગરમી પડી છે. જાણકારોના મતે યુરોપમાં આવી ગરમી પડવી તે ખરેખર ચિંતાજનક અને ભયજનક છે. યુરોપના વિવિધ દેશોમાં હોસ્પિટલો ઉભરાવા લાગી છે, ઈમર્જન્સી સેવાઓમાં સતત ફોન રણકી રહ્યા છે. લોકોને ડિહાઈડ્રેશન, હીટ સ્ટ્રોક, આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ થઈ રહી છે. લંડનમાં તો ગરમીથી બચવા પાણીમાં પડેલા કેટલાક લોકો ડૂબી જવાની પણ ઘટનાઓ બની છે. આ ઉપરાંત ભયાનક ગરમીને પગલે લૂ લાગવાના પણ ઘણા કિસ્સા સામે આવ્યા છે. લંડનના જાણીતા ક્યૂ ગાર્ડન્સ વિસ્તારમાં તાપમાન ૩૬ ડિગ્રી સુધી જતું રહ્યુ છે. બીજી તરફ ફ્રાન્સના પણ દક્ષિણ-પશ્ચિમ વિસ્તારોમાં પારે ૩૬ ડિગ્રીને પાર જતો રહ્યો છે. કેટલાક સ્થાનોએ તો પારો ૩૭ ડિગ્રીને પાર જતો રહ્યો છે. સૌથી ખરાબ હાલત સ્પેન અને પોર્ટુગલની છે. અહીંયા ગરમીને પારો ૪૦ ડિગ્રી પહોંચી ગયો છે. બ્રિટન અને ફ્રાન્સમાં ગરમીના કારણે ઘણા લોકોનાં મોત થયા છે. જાણકારોના મતે આ વખતે મે મહિનમાં યુરોપમાં આટલી ભીષણ ગરમી પડવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. તેમાં વૈજ્ઞાનિક અને ભૌગોલિક કારણોનો મોટ ફાળો છે. તેમ છતાં આ વખતે સૌથી મોટું ફેક્ટર હીટ ડોમ બન્યું છે. આ વખતે યુરોપમાં ગત વર્ષોની સરખામણીએ વધારે આકરી ગરમી પડી છે, હીટવેવનું પ્રમાણ વધારે છે. હીટવેવ પ્રચંડ હોવા પાછળ સૌથી મોટું કારણ હીટ ડોમ છે. આ એક પર્યાવરણ સાથે સંકળાયેલી આકરી ઘટના છે. સંશોધકો જણાવે છે કે, જ્યારે કોઈપણ વિસ્તારના વાતાવરણમાં




હાઈ પ્રેશર સિસ્ટમ મજબૂત થઈ જાય છે તો તે જમીન ઉપરની ગરમ હવાને ઉપર ઉઠવા દેતી નથી. તેના કારણે ગરમ હવા એક જ જગ્યાએ અટકી જાય છે. ઉત્તર આફ્રિકાના સહારાના રણમાંથી જે ગરમ હવા યુરોપ તરફ આવે છે તે આ વખતે અટકી ગઈ છે.

યુરોપમાં રહેલા હાઈ પ્રેશર સિસ્ટમને પગલે ગરમ હવા ત્યાં જ અટકી ગઈ અને યુરોપમાં હીટવેવનું આક્રમણ શરૂ થઈ ગયું. આ હાઈ પ્રેશર ગરમ હવાને વધારે નીચેની તરફ દબાવે છે અને તેના કારણે હવા વધારે ગરમ થાય છે અને પેલાય છે. તેના કારણે આકાશ એકદમ સાફ રહે છે અને આકરો સૂર્યપ્રકાશ નીચે ધરતી ઉપર આવે છે અને તાપમાનમાં તોતિંગ વધારો થાય છે. આ હીટ ડોમની અસર એવી થઈ છે કે, બ્રિટનમાં ૩૭ ડિગ્રી સુધી તાપમાન ગયું છે. ફ્રાન્સમાં ૩૯ ડિગ્રી અને સ્પેન તથા પોર્ટુગલમાં ગરમી ૪૦ને પાર જતીરહી છે. યુરોપના ૪૦૦થી વધુ શહેરોમાં ગુરુવાર મે મહિનાનો સૌથી ગરમ દિવસ નોંધાયો છે. જાણકારો આ હીટ વેવને યુરોપના ઈતિહાસની સૌથી ગંભીર અને વહેલી આવેલી આપત્તી ગણાવે છે. અહીંયા જુલાઈમાં ઉનાળો આવે ત્યારે આવી ગરમી પડતી હોય છે પણ આ વખતે મે મહિનામાં જ સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. ફ્રાન્સમાં તો કેટલાક શાળા-કોલેજોમાં અભ્યાસ અટકાવવામાં આવ્યો છે. તેની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી તરફ ઘણી સ્કૂલ અને કોલેજોના ટાઈમટેબલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઘણા દેશોમાં રેલવે ટ્રેક ગરમ ન થઈ જાય તેની તકેદારી રાખવામાં આવી રહી છે તો ક્યાંક રસ્તા પરનો ડામર ઓગળીને નરમ પડી ગયો હોવાની ઘટનાઓ બની છે. વૈજ્ઞાનિકો અને જાણકારો સ્પષ્ટ માને છે કે, ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના કારણે જ યુરોપમાં આ સ્થિતિ સર્જાયેલી છે. યુરોપ એક એવો પ્રદેશ છે જ્યાં વસંત ઋતુ દરમિયાન સામાન્ય રીતે ૧૮-૨૦ ડિગ્રી તાપમાન રહેતું હતું. અહીંયા હવે સરેરાશ તાપમાન ૩૫ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. આ ખરેખર આશ્ચર્યજનક અને ચિંતાજનક ઘટના છે. ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના કારણે યુરોપમાં હીટવેવની તીવ્રતા અને લંબાઈ બંને વધ્યા છે.

હીટવેવની અસર હેઠળના દિવસોમાં વધારો થતાં ચારે તરફ હાહાકાર મચેલો છે. સ્થિતિ એવી થઈ છે કે, આકરી ગરમી હવે મે મહિનાથી જ પડવા લાગી છે. ઉલ્લેખનીય છે કે, ગ્લોબલ વોર્મિંગના કારણે ગ્રીન હાઉસ ગેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેના કારણે પૃથ્વીનું સરેરાશ તાપમાન પણ વધી રહ્યું છે. તેની અસર યુરોપ ઉપર સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. યુરોપ વર્તમાન સમયમાં અત્યંત ઝડપથી ગર્મ થનારો કોન્ટિનેન્ટ બની ગયો છે. ગ્લોબલ વોર્મિંગના કારણે અહીંયાનું ઋતુચક્ર સંપૂર્ણ રીતે બદલાઈ રહ્યું છે. ભારત અને એશિયાના અન્ય દેશોમાં જે ગરમી પડે છે તે તો આકરી છે જ પણ બગ્લોબલ વોર્મિંગના કારણે ઠંડા પ્રદેશ ગણાતા યુરોપના દેશો ગરમ થઈ રહ્યા છે અત્યંત ચિંતાજનક છે. ટ્રોપિકલ નાઈટ્સ અને હીટ ડોમ બંને આકરા હોવાથી ગરમી વધી રહી છે યુરોપ એક એવું સ્થાન છે જ્યાં ગરમી પડે તો પણ દિવસ દરમિયાન પડતી હતી.

અહીંયા મોટાભાગે રાત્રે વાતાવરણ ઠંડુ થઈ જતું હતું. તેના કારણે લોકોને રાહત મળતી હતી. હવે સ્થિતિ એવી થઈ છે કે, યુરોપના કેટલાક દેશોમાં અને ખાસ કરીને બ્રિટન અને ફ્રાન્સમાં શહેરોમાં રાત્રિનું તાપમાન ઘટતું નથી. અહીંયા ટ્રોપિકલ નાઈટ્સની સ્થિતિ ઊભી થયેલી છે. તેનો અર્થ સ્પષ્ટ છે કે, અહીંયા રાત્રીનું તાપમાન પણ ૨૦ ડિગ્રીની ઉપર રહે છે. અહીંયા હીટ ડોમના કારણે નીચે અત્યંત ગરમી ઊભી થઈ છે અને બીજી તરફ હવાની ગતિ બિલકુલ અટકી ગઈ છે. તેની અસર હવે રાતના સમયે પણ જોવા મળે છે. તેના કારણે રાત્રે પણ ઉકળાટ રહે છે અને ગરમીમાં ઘટાડો થતો નથી. તેના પગલે વાતાવરણમાં અત્યંત ઉકળાટ રહે છે અને હીટ સ્ટ્રેસ વધી ગયો છે. યુરોપના ઘણા દેશોમાં ગરમીના સ્થિતિ જોતા રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

બ્રિટનની જ વાત કરીએ તો અહીંયા લંડન સહિન ઘણા શહેરોમા તાપમાન ૩૫ ડિગ્રીને વટી ગયું છે. જે અહીંયાના સરેરાશ તાપમાન કરતા ૧૨ થી ૧૫ ડિગ્રી વધારે છે. અહીંયા અંડરગ્રાઉન્ટ ટ્રેનમાં પણ બફારો અને ગરમી અસહ્ય રીતે વધ્યા છે. બીજી તરફ ફ્રાન્સમાં પણ સામાન્ય કરતા ૧૫ ડિગ્રી તાપમાન વધી જવાના કારણે સ્થિતિ ખરાબ થઈ છે. અહીંયા તાપમાન ૩૭ ડિગ્રી સુધી પહોંચ્યું છે. ગરમી એટલી અસહ્ય છે કે, ઘણા જાહેર આયોજનો, રમત-ગમતની સ્પર્ધાઓ રદ કરવામાં આવી છે. ફ્રેન્ચ ઓપનમાં પણ ખેલાડીઓની હાલત ખરાબ થયેલી છે. ડિલિવરી ડ્રાઈવર્સ અને કન્સ્ટ્રક્શન વર્કર્સને બપોરના સમયે કામ નહીં કરવાની અને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે. ઈટાલીમાં પણ ૩૩ ડિગ્રી અને સ્પેનમાં ૪૦ ડિગ્રી ગરમી પહોંચી ગઈ છે. ત્યાં જંગલોમાં આગ લાગવાનો પણ ભય રહેલો છે. તેના કારણે કેટલાક વિસ્તારોમાં ઓરેન્જ અને યલો એલર્ટ જારી કરવામાં આવ્યા છે. અહીંયા દિવસ અને રાત બંને સમયે તાપમાન વધારે રહેતા પ્રજા ત્રસ્ત થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, યુરોપના દેશોમાં શરૂઆતના સમયમાં જ હીટવેવની સ્થિતિ આવી જતાં લોકો અને તંત્ર બધા જ પરેશાન છે. યુરોપના દેશો અને પશ્ચિમી દેશોનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ એવું નથી કે ત્યાં આટલી બધી ગરમી પડે તો સહન કરી શકાય. સદીઓથી આ તમામ દેશો અને પ્રદેશો ઠંડા ગણાતા આવ્યા છે. તેના કારણે અહીંયા એસીની વ્યવસ્થા હોતી નથી. અહીંયા મકાનો, સ્કૂલો, ઓફિસો કે પછી મોટાભાગની ઈમારતોમાં એરકન્ડિશનનો અભાવ જોવા મળે છે. અહીંયા ક્યારેય તેની જરૂર પડી નહોતી.

હવે છેલ્લાં પાંચ વર્ષમાં એકાએક ગરમી વધવા લાગી છે. એસીની ગેરહાજરમાં અસહ્ય ગરમ થયેલા મકાનોમાં બંધ બારણે રહેવું જીવલેણ સાબિત થાય તેમ છે. જાણકારો સ્પષ્ટ રીતે માને છે કે, જો કાર્બનઉત્સર્જન ઉપર કાબુ નહીં કરવામાં આવે તો યુરોપની સ્થિતિ વધારે કફોડી થશે. આગામી વર્ષોમાં માત્ર ઉનાળામાં જ નહીં પણ બારે મહિના યુરોપના દેશોમાં ગરમ હવામાન રહેવા લાગશે. સૌથી ખરાબ હાલત સ્પેન અને પોર્ટુગલની છે. અહીંયા ગરમીને પારો ૪૦ ડિગ્રી પહોંચી ગયો છે. બ્રિટન અને ફ્રાન્સમાં ગરમીના કારણે ઘણા લોકોનાં મોત થયા છે.

જાણકારોના મતે આ વખતે મે મહિનમાં યુરોપમાં આટલી ભીષણ ગરમી પડવા પાછળ ઘણા કારણો જવાબદાર છે. તેમાં વૈજ્ઞાનિક અને ભૌગોલિક કારણોનો મોટ ફાળો છે. તેમ છતાં આ વખતે સૌથી મોટું ફેક્ટર હીટ ડોમ બન્યું છે. આ વખતે યુરોપમાં ગત વર્ષોની સરખામણીએ વધારે આકરી ગરમી પડી છે, હીટવેવનું પ્રમાણ વધારે છે. હીટવેવ પ્રચંડ હોવા પાછળ સૌથી મોટું કારણ હીટ ડોમ છે.

અધિકારીઓ પાસેથી સંતોષકારક જવાબ ન મળતા બોલાચાલી સર્જાઈ

# સરકારી સહાયની ડિપોઝિટ રકમ માટે પરિવારને બે મહિનાથી ધક્કા? વીડિયો વાયરલ થતાં મામલો ચર્ચામાં

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર મામલતદાર કચેરીમાં સરકારી સહાયની ડિપોઝિટ રકમ મેળવવા માટે એક આદિવાસી પરિવારને છેલ્લા બે મહિનાથી ધક્કા ખાવા પડ્યાના આક્ષેપ સાથેનો મામલો સામે આવ્યો છે. અરજદાર પરિવાર અને સામાજિક આગેવાનો દ્વારા કચેરીમાં રોષ વ્યક્ત કરી બનાવનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો. વીડિયો વાયરલ થતાં સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.




મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર તાલુકાના અરછાલા ગામના રહેવાસી સ્વર્ગસ્થ ધોળીયાભાઈ ભંગડાભાઈ નાયક ગોધરા ખાતે પથ્થરના કારખાનામાં મજૂરી કામ કરતા હતા. પથ્થરની ધૂળના સતત સંપર્કમાં રહેવાના કારણે તેઓ સિલિકોસિસ જેવી ગંભીર બીમારીનો ભોગ બન્યા હતા અને તેમનું અવસાન થયું હતું. સરકારની સહાય યોજના હેઠળ તેમના પરિવારને કુલ ચાર લાખ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી હતી. જેમાંથી બે લાખ રૂપિયા તાત્કાલિક ચૂકવવામાં આવ્યા હતા, જ્યારે બાકીની બે લાખ રૂપિયાની રકમ પાંચ વર્ષ માટે ફિક્સ ડિપોઝિટ તરીકે રાખવામાં આવી હતી. મૃતકના પુત્રનું પણ અવસાન થતાં તેમના પૌત્ર સુખરામભાઈ પ્રતાપભાઈ નાયકે એપ્રિલ મહિનામાં ડિપોઝિટની રકમ મેળવવા માટે છોટાઉદેપુર મામલતદાર કચેરીમાં અરજી કરી હતી. પરિવારના જણાવ્યા મુજબ અરજી કર્યા બાદ પણ બે મહિના સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો અને તેમને વારંવાર કચેરીના ધક્કા ખાવા પડતા હતા.

આથી કંટાળેલા પરિવારજનો અને સામાજિક આગેવાનો મામલતદાર કચેરી પહોંચ્યા હતા. અહીં અધિકારીઓ પાસેથી સંતોષકારક જવાબ ન મળતા બોલાચાલી સર્જાઈ હતી. સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો. વીડિયો વાયરલ થતાં મામલો વધુ ચર્ચામાં આવ્યો છે. સામાજિક કાર્યકર દિનેશભાઈએ જણાવ્યું હતું કે સહાયની ડિપોઝિટ રકમ મેળવવા માટે બે મહિના પહેલાં અરજી કરવામાં આવી હતી. અનેક વખત રજૂઆત કરવા છતાં કાર્યવાહી ન થતાં આખરે વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરવો પડ્યો હતો.

બીજી તરફ મામલતદાર હેતલ ભાભોરે સમગ્ર મામલે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે મામલતદાર કચેરી તરફથી કોઈ પ્રકારનો વિલંબ કરવામાં આવ્યો નથી. સહાયની રકમ ફિક્સ ડિપોઝિટમાં હોવાથી તેની પ્રક્રિયા બેંક અને અન્ય સંબંધિત તબક્કાઓ સાથે સંકળાયેલી છે. અરજદારે કલેક્ટર કચેરીમાં પણ રજૂઆત કરી છે, પરંતુ મામલતદાર કચેરીના સ્તરે કોઈ ફાઈલ પેન્ડિંગ રાખવામાં આવી નથી.

પ્રામાણિકતાનું અનોખું ઉદાહરણ

# સુરત એરપોર્ટ પર CISF જવાનની ઈમાનદારીનો ચમકારો : 53 લાખના દાગીના ભરેલી બેગ પરત કરી

સુરત, પ્રતિનિધિ

આજના સમયમાં જ્યાં ખોવાયેલી કિંમતી વસ્તુઓ પરત મળવાની આશા ઓછી હોય છે, ત્યાં સુરત એરપોર્ટ પર CISFના એક જવાને પોતાની ઈમાનદારી અને ફરજનિષ્ઠાથી સૌનું દિલ જીતી લીધું છે. CISF જવાને રૂ.53 લાખથી વધુ કિંમતના દાગીના અને કિંમતી સામાનથી ભરેલી બેગ તેના સાચા માલિકને પરત કરીને પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મળતી માહિતી મુજબ, સુરત એરપોર્ટ પર એક મુસાફર પોતાની બેગ ભૂલી ગયો હતો. નિયમિત પેટ્રોલિંગ અને સુરક્ષા તપાસ દરમિયાન CISFના જવાનની નજર આ બેગ પર પડી હતી. બેગની તપાસ કરતાં તેમાં લાખો રૂપિયાના કિંમતી દાગીના અને અન્ય



સામાન હોવાનું સામે આવ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને CISFના જવાને તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી. ત્યારબાદ એરપોર્ટ તંત્ર અને સંબંધિત વિભાગોની મદદથી બેગના માલિકની ઓળખ કરવામાં આવી હતી. જરૂરી ચકાસણી અને દસ્તાવેજોની ખાતરી કર્યા બાદ બેગ તેના સાચા માલિકને સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવી હતી. બેગ પરત મળતા મુસાફરે CISF જવાન અને એરપોર્ટ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો. મુસાફરે જણાવ્યું હતું કે બેગમાં રહેલા દાગીનાની કિંમત આશરે રૂ.53 લાખ હતી અને તે ખોવાઈ જતાં ભારે ચિંતામાં મુકાઈ ગયા હતા. CISF જવાનની આ કામગીરીએ ફરી એકવાર સાબિત કર્યું છે કે દેશની સુરક્ષા સાથે જોડાયેલા જવાનો માત્ર ફરજ બજાવતા નથી, પરંતુ ઈમાનદારી અને જવાબદારીના ઉચ્ચ મૂલ્યોનું પણ પાલન કરે છે. સુરત એરપોર્ટ પર બનેલી આ ઘટના હાલ ચર્ચાનો વિષય બની છે અને લોકો CISF જવાનની પ્રામાણિકતાની પ્રશંસા કરી રહ્યા છે.

# પાનવડમાં દેશી તમંચા સાથે એક શખ્સ ઝડપાયો, SOGની કાર્યવાહી

પોલીસે આરોપી પાસેથી અંદાજે રૂ. 5,000 કિંમતનો દેશી તમંચો કબજે કર્યો છે

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા પાનવડ વિસ્તારમાં સફળ કાર્યવાહી હાથ ધરી એક દેશી હથિયાર (તમંચા) સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, રાજ્યમાં ગેરકાયદેસર હથિયારોના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગને રોકવા માટે પોલીસ દ્વારા ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત SOGની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમીના આધારે પાનવડ પોસ્ટ વિસ્તાર ખાતે શંકાસ્પદ વ્યક્તિની તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન આરોપી પાસેથી એક દેશી બનાવટનો તમંચો મળી આવ્યો હતો. પોલીસે હથિયાર કબજે કરી આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પકડાયેલ આરોપીની ઓળખ ઉમેશભાઈ શંકરભાઈ રાઠવા, રહે. રોખડિયા, પાનવડ



ફળિયા, તા. કવાંટ, જિ. છોટાઉદેપુર તરીકે થઈ છે.

પોલીસે આરોપી પાસેથી અંદાજે રૂ. 5,000 કિંમતનો દેશી તમંચો કબજે કર્યો છે. સમગ્ર કાર્યવાહી SOGની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આ બનાવ અંગે પાનવડ પોલીસ મથકે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે અને હથિયાર ક્યાંથી લાવવામાં આવ્યું તેમજ તેનો ઉપયોગ કયા હેતુ માટે થવાનો હતો તે દિશામાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ઉજ્જવળ અને પાનમ નદીના પટમાં ગેરકાયદેસર રેતી ખનન બેફામ

# દેવગઢ બારિયામાં ઓવરલોડ રેતીના ડમ્પરો સામે તંત્રની કાર્યવાહી, 9 ડમ્પરોને લાખનો દંડ

દેવગઢ બારિયા, જાબીર શુક્લા

દેવગઢ બારિયા વિસ્તારમાંથી મોટા પાયે ઓવરલોડ રેતી ભરીને પસાર થતાં ડમ્પરો સામે સ્થાનિક તંત્રે કડક કાર્યવાહી હાથ ધરી છે. સ્થાનિક મામલતદાર અને પ્રાંત અધિકારીની ટીમે સંયુક્ત ચેકિંગ દરમિયાન ઓવરલોડ રેતી પરિવહન કરતા 9 ડમ્પરોને રોકી તપાસ હાથ ધરી હતી.

ઉજ્જવળ અને પાનમ નદીના પટમાં ગેરકાયદેસર રેતી ખનન બેફામ, તંત્ર કાર્યવાહી ક્યારે કરશે?

દેવગઢ બારિયા તાલુકામાં ઉજ્જવળ અને પાનમ નદીના પટ વિસ્તારમાં ગેરકાયદેસર રેતી ખનનનો ધંધો બેફામ બન્યો હોવાની ચર્ચા ઉઠી



રહી છે. સ્થાનિકોમાંથી મળતી માહિતી મુજબ લીજની મંજૂર સીમા બહારના વિસ્તારોમાંથી પણ મોટા પાયે રેતીનું ખનન કરવામાં આવી રહ્યું હોવાનું કહેવાઈ રહ્યું છે. ગોચરની જમીન તેમજ સરકારી પડતર જમીનોમાં પણ ખોદકામ થઈ રહ્યું હોવાના આક્ષેપો સામે આવી રહ્યા છે. તપાસ દરમિયાન વાહનોમાં નિયત ક્ષમતા કરતાં વધુ રેતી ભરવામાં આવી હોવાનું સામે આવતા તંત્ર દ્વારા તમામ ડમ્પરો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. લાખોનો દંડ ફટકારવામાં આવતા રેતી માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હોવાનું જાણવા મળેલ છે તાજેતરમાં દેવગઢ બારિયા વિસ્તારમાં ગેરકાયદેસર રેતી ખનન અને ઓવરલોડ વાહનોની અવરજવર અંગે અનેક ફરિયાદો ઉઠી રહી હતી. જેના પગલે તંત્ર સતર્ક બન્યું હોય તેમ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું માનવામાં આવે સ્થાનિક લોકો દ્વારા પણ ઓવરલોડ વાહનોના કારણે માર્ગ સલામતી અને રસ્તાઓને નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ત્યારે તંત્રની આ કાર્યવાહીથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંકળાયેલા તત્વોમાં ચિંતા જોવા મળી.

16 હજારની લાંચ લેતા ACBના સિકંજામાં

# વાંસદા તાલુકા પંચાયતનો લાંચિયો એન્જિનિયર ઝડપાયો

નવસારી

નવસારી જિલ્લાના વાંસદામાંથી ભ્રષ્ટાચારનો એક મોટો મામલો સામે આવ્યો છે. વાંસદા તાલુકા પંચાયત કચેરીની બાંધકામ શાખામાં ફરજ બજાવતા અધિક મદદનિશ ઈજનેર (એસ.ઓ.) કૃણાલભાઈ મનુભાઈ પટેલ રૂપિયા ૧૬,૦૦૦/- ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયા છે. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ગોઠવવામાં આવેલા છટકામાં આ લાંચિયો અધિકારી આબાદ આબાદ આબાદ ઝડપાઈ ગયો છે.



મળતી માહિતી મુજબ, ફરિયાદીના મંજુર થયેલા કામના બીલના પાંચ ટકા લેખે આરોપી કૃણાલભાઈ પટેલે લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આ લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે એસીબીનો સંપર્ક કર્યો હતો. જેના આધારે એસીબીની ટીમે છટકું ગોઠવીને આરોપીને લાંચની રકમ સ્વીકારતા દબોચી લીધો હતો. ઘટનાની મુખ્ય વિગતો: આરોપીનું નામ: કૃણાલભાઈ મનુભાઈ પટેલ (અધિક મદદનિશ ઈજનેર - એસ.ઓ.) કચેરી: બાંધકામ શાખા, તાલુકા પંચાયત કચેરી, વાંસદા, જી.નવસારી લાંચની રકમ: રૂપિયા ૧૬,૦૦૦/-, લાંચનું કારણ: મંજુર થયેલ બીલના ૫% કમિશન પેટે માંગ્યા હતા નાણાં. સરકારી કચેરીઓમાં ચાલતા ભ્રષ્ટાચાર સામે એસીબીની આ એક મોટી અને સફળ કાર્યવાહી માનવામાં આવી રહી છે. હાલમાં એસીબી દ્વારા આરોપી એન્જિનિયર વિરુદ્ધ કાયદેસરનો ગુનો નોંધીને આગળની તપાસ અને કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કપડવંજમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કટકીકાંડના આક્ષેપોથી ખળભળાટ મચ્યો

લાભાર્થીઓને હપ્તો મળતાની સાથે જ ઉઘરાણી થતી હોવાનો આરોપ, વાયરલ ઓડિયોએ તંત્ર સામે ઉભા કર્યા ગંભીર સવાલો

કપડવંજ, પ્રતિનિધિ

ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) અંતર્ગત લાભાર્થીઓ પાસેથી કથિત રીતે ગેરકાયદે ઉઘરાણી કરવામાં આવતી હોવાના આક્ષેપો સામે આવતા સમગ્ર વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. એક કથિત ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં મામલો ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

વાયરલ ઓડિયોમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને સરકાર તરફથી હપ્તાની રકમ જમા થતાં જ સંબંધિત વિસ્તરણ અધિકારી દ્વારા પૈસાની માંગણી કરવામાં આવે છે. આક્ષેપ મુજબ, યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીઓ પર કથિત રીતે દબાણ પણ કરવામાં આવતું હોવાની ચર્ચા ચાલી રહી છે.



સ્થાનિક સ્તરે વાયરલ થયેલા આ ઓડિયોને લઈને લોકોમાં ભારે ચર્ચા જાગી છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે બનાવવામાં આવેલી કલ્યાણકારી યોજનામાં ભ્રષ્ટાચારની ગંભીર બાબત સામે આવી શકે છે.

જોકે, વાયરલ ઓડિયોની સત્યતા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. સંબંધિત વિભાગ દ્વારા પણ આ મામલે તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. સ્થાનિક લોકો અને લાભાર્થીઓ દ્વારા પારદર્શક તપાસ કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સરકાર ગરીબ અને આવાસવિહોણા પરિવારોને ઘરનું સ્વપ્ન સાકાર કરવા માટે આર્થિક સહાય પૂરી પાડે છે. આવી યોજનામાં ભ્રષ્ટાચારના આક્ષેપો સામે આવતા સામાન્ય લોકોમાં પણ રોષની લાગણી જોવા મળી રહી છે.

હવે સૌની નજર તંત્રની કાર્યવાહી પર છે કે વાયરલ ઓડિયોની તપાસમાં શું હકીકત સામે આવે છે અને જવાબદારો સામે કયા પગલાં લેવામાં આવે છે.

# સાયણમાં નજીવા વરસાદે ખોલી તંત્રની પોલ : ગટર લાઈન અને સર્વિસ રોડના અધૂરા કામોથી લોકો પરેશાન

ઓલપાડ, પ્રતિનિધિ

સાયણ ટાઉનમાં છેલ્લા ઘણા મહિનાઓથી ચાલી રહેલા ગટર લાઈન, બોક્સ ગટર અને સર્વિસ રોડના ધીમી ગતિના કામોની પોલ પ્રથમ વરસાદે જ ખોલી નાંખી છે. મધરાતે પડેલા આશરે 10 મી.મી. વરસાદ બાદ ટાઉનના અનેક વિસ્તારો તેમજ રેલવે ઓવરબ્રિજની આસપાસના સર્વિસ રોડ પર પાણી ભરાઈ જતાં સ્થાનિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ સાયણથી સિવાણ સુધીના ફોર લેન રોડ, બોક્સ ગટર અને સર્વિસ રોડના કામ છેલ્લા છ મહિનાથી ગોકળગાય ગતિએ ચાલી રહ્યા છે. દેલાડ ચાર રસ્તાથી સાયણ ઓવરબ્રિજ સુધીના માર્ગની કામગીરી પણ હજુ પૂર્ણ થઈ નથી. પરિણામે વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા.

તાજેતરમાં જ ધારાસભ્ય મુકેશ પટેલે અધિકારીઓ



સાથે સમીક્ષા બેઠક યોજી વિકાસ કાર્યો ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી. તેમ છતાં કામોની ગતિમાં કોઈ ખાસ સુધારો જોવા મળ્યો નથી. થોડા સમય પહેલાં તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યોએ સ્થળ મુલાકાત લઈને ફોટોગ્રાફ્સ સોશિયલ મીડિયામાં શેર કર્યા હતા, પરંતુ જમીન પર પરિસ્થિતિ યથાવત્ જોવા મળી રહી છે. પાણી ભરાવાના કારણે વાહન વ્યવહાર ખોરવાયો હતો અને કાદવ-કીચડ વચ્ચે લોકોને અવરજવર કરવાની ફરજ પડી હતી. વેપારીઓએ પણ દુકાનોની આસપાસ પાણી ભરાતા વેપારને અસર પહોંચી હોવાનું જણાવ્યું છે.

બીજી તરફ, વરસાદી માહોલમાં વીજ પુરવઠામાં ખલેલ પહોંચતાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીની પ્રિ-મોન્સૂન કામગીરી સામે પણ પ્રશ્નો ઊભા થયા છે. ઉપરાંત ઉનાળુ તલ અને ડાંગરનો પાક તૈયાર કરનારા ખેડૂતોને પણ નુકસાન સહન કરવું પડ્યું છે. ખેતરોમાં સુકાવવા મૂકેલા તલના પૂળિયા અને ડાંગરની બરખીઓ વરસાદમાં ભીંજાઈ જતા ખેડૂતોની ચિંતા વધી છે.

સ્થાનિકોમાં હવે માંગ ઉઠી રહી છે કે ચોમાસું શરૂ થાય તે પહેલાં તમામ અધૂરા વિકાસ કાર્યો ઝડપથી પૂર્ણ કરવામાં આવે અને વરસાદી પાણીના નિકાલ માટે અસરકારક વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

રાજ્યપાલે સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ ગ્રામજનોને આપ્યો પ્રેરણાદાયી સંદેશ

# કેશરગંજમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું વૃક્ષારોપણ : 'એક પેડ માઁ કે નામ' અભિયાનથી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ

ઈડર, જાકીર મેમણ

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કેશરગંજ ગામની બે દિવસીય મુલાકાત દરમિયાન સાદગી, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો અનોખો સંદેશ આપ્યો હતો. મુલાકાતના પ્રથમ દિવસે તેમણે ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી સ્વચ્છતા અને હરિયાળી અંગે જાગૃતિ ફેલાવી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી કોઈ પણ પ્રકારના મોટા કાફલા વિના આકરી ગરમીમાં સામાન્ય મુસાફરની જેમ એસ.ટી. બસમાં ગાંધીનગરથી કેશરગંજ પહોંચ્યા હતા. તેમની આ સાદગીપૂર્ણ અને લોકાભિમુખ કાર્યશૈલી ગ્રામજનો માટે પ્રેરણાનું કેન્દ્ર બની હતી. ગામના મુખ્ય ચોક ખાતે રાજ્યપાલ સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે જોડાયા હતા. તેમણે ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સ્વચ્છતાનો સંદેશ દેશના ખૂણે-ખૂણે પહોંચી રહ્યો છે. સ્વચ્છતા માત્ર સરકારની જવાબદારી નહીં પરંતુ દરેક નાગરિકની નૈતિક ફરજ હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

મુલાકાત દરમિયાન રાજ્યપાલએ પર્યાવરણ જાળવણી અને હરિયાળો વિસ્તાર વધારવાના ઉદ્દેશ્ય સાથે 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત કેશરગંજની ગૌચર ભૂમિ ખાતે ગ્રામજનો સાથે વૃક્ષારોપણ કર્યું હતું. રાજ્યપાલની પ્રેરણાથી આશરે 200 જેટલા ગ્રામજનો પણ ઉત્સાહપૂર્વક આ અભિયાનમાં જોડાયા હતા અને પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ કર્યો હતો. સાદગી અને ઉચ્ચ વિચારોનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરતાં રાજ્યપાલએ રાત્રિ રોકાણ દરમિયાન ગામના અનુસૂચિત જાતિના પ્રગતિશીલ ખેડૂત લવજીભાઈ લખાભાઈ વણકરના નિવાસસ્થાને સાદું ભોજન લીધું હતું. પરિવાર દ્વારા પીરસવામાં આવેલ દુધીનું શાક, દાળ, રોટલી, સલાડ અને શીરાનો સ્વીકાર કરી તેમણે પરિવારજનો સાથે આત્મીય સંવાદ પણ કર્યો હતો. રાજ્યપાલએ પરિવારના બાળકોને શિક્ષણનું મહત્વ સમજાવી ભણી-ગણીને આગળ વધવા પ્રેરણા આપી હતી.

સાદગી અને જનસંપર્કનું અનોખું ઉદાહરણ

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ST બસમાં મુસાફરી કરીને કેશરગંજ ગામ પહોંચ્યા


કાર્યક્રમ દરમિયાન સ્થાનિક ગ્રામજનો, ખેડૂતો અને યુવાનો સાથે સંવાદ પણ યોજાશે

સાબરકાંઠા, પ્રતિનિધિ

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સાદગી અને જનસંપર્કનું અનોખું ઉદાહરણ પૂરું પાડતાં ગાંધીનગરથી સાબરકાંઠા જિલ્લાના કેશરગંજ ગામ સુધીની મુસાફરી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ની બસમાં કરી હતી. રાજ્યપાલ બે દિવસીય 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ'માં સહભાગી થવા માટે કેશરગંજ ગામે પહોંચ્યા હતા.

સામાન્ય રીતે ઉચ્ચ હોદ્દા ધરાવતા મહાનુભાવો માટે વિશેષ વાહન વ્યવસ્થા કરવામાં આવતી હોય છે, ત્યારે રાજ્યપાલએ એસ.ટી. બસમાં મુસાફરી કરીને સામાન્ય નાગરિકો સાથે જોડાવાનો સંદેશ આપ્યો છે.

મુસાફરી દરમિયાન તેમણે સહ-મુસાફરો સાથે આત્મીયતાપૂર્વક સંવાદ કર્યો



હતો અને તેમની સમસ્યાઓ, સૂચનો તથા અનુભવોને ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા.

રાજ્યપાલની આ સાદગી અને સામાન્ય મુસાફરો સાથેની સરળ મુલાકાતથી બસમાં હાજર મુસાફરો પણ આશ્ચર્યચકિત બન્યા હતા. અનેક મુસાફરોએ રાજ્યપાલ સાથે વાતચીત કરી અને તેમની સાથે ફોટોગ્રાફ પણ પડાવ્યા હતા.

કેશરગંજ ગામે યોજાનારા બે દિવસીય ગ્રામ કલ્યાણ કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગ્રામ વિકાસ, કુદરતી ખેતી, સ્વાવલંબન અને ગ્રામ્ય કલ્યાણ સંબંધિત વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. કાર્યક્રમ દરમિયાન સ્થાનિક ગ્રામજનો, ખેડૂતો અને યુવાનો સાથે સંવાદ પણ યોજાશે.

રાજ્યપાલની એસ.ટી. બસમાં કરેલી મુસાફરી હાલ રાજ્યભરમાં ચર્ચાનો વિષય બની છે. તેમની આ પહેલને સાદગી, લોકસંપર્ક અને જનસામાન્ય સાથે સીધા જોડાવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

આવા પગલાંથી જનપ્રતિનિધિઓ અને સામાન્ય નાગરિકો વચ્ચેનું અંતર ઘટાડવાનો સકારાત્મક સંદેશ સમાજમાં પહોંચ્યો છે.



### 'ઊંચા લંબા કદ'ના રીમેક પર ફેન્સનું મિશ્ર રિએક્શન

# દિશા પટણી ગ્લેમરસ દેખાઈ પણ કેટરીનાની જગ્યા ન લઈ શકી!

મુંબઇ

બોલિવૂડના 'ખિલાડી' અક્ષય કુમાર હાલમાં પોતાની બહુપ્રતિક્ષિત મલ્ટિસ્ટારર કોમેડી ફિલ્મ "વેલકમ ટુ ધ જંગલ"ને લઈને ભારે ચર્ચામાં છે. તાજેતરમાં જ આ ફિલ્મનું ભોજપુરી ગીત "ઘિસ-ઘિસ" રિલીઝ થયું હતું, જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી હતી. હવે, આ ક્રેઝને બમણો કરવા માટે નિર્માતાઓ દ્વારા ફિલ્મનું બીજું ધમાકેદાર ગીત "ઊંચા લંબા કદ" રિલીઝ કરવામાં આવ્યું છે, જેણે ઈન્ટરનેટ પર નવો ટ્રેન્ડ શરૂ કર્યો છે. 2007ના આઈકોનિક ગીતનું રિક્રિએશન અને દિશાનો ગ્લેમરસ અવતાર

આ નવું ગીત વર્ષ 2007માં આવેલી સુપરહિટ ફિલ્મ "વેલકમ" ના ઓરિજિનલ અને આઈકોનિક ગીત "ઊંચા લંબા કદ" નું આધુનિક રિક્રિએટેડ વર્ઝન છે. આ ગીતના વીડિયોમાં અક્ષય કુમાર સાથે બોલિવૂડ અભિનેત્રી દિશા પટણી અત્યંત ગ્લેમરસ અવતારમાં સ્ટેપ્સ મિલાવતી જોવા મળી રહી છે. જોકે, આ આખા ગીતનો સૌથી આકર્ષક અને ચોંકાવનારો ભાગ તેનો અંત છે, જ્યાં અક્ષય કુમાર કેમેરા સામે જોઈને ખૂબ જ લાગણીશીલ થઈને કહે છે, "વી મિસ યુ કેટરીના". અક્ષય કુમારે આ ગીત પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરતા ચાહકો માટે લખ્યું, "તમે તેને એક વાર સાંભળ્યું અને તમે હજુ પણ તેના માટે દિવાના છો હવે અમે જંગલમાં તે જ જુનું વાતાવરણ પાછું લાવી રહ્યા છીએ." અક્ષય કુમારનું આ સ્ટેટમેન્ટ ચાહકોને 2000ના દાયકાની યાદોમાં લઈ ગયું છે, જ્યારે અક્ષય કુમાર અને કેટરિના કૈફની જોડી બોલીવુડની સૌથી મોટી બ્લોકબસ્ટર જોડીઓમાંથી એક ગણાતી હતી. આ જોડીએ અસંખ્ય ફિલ્મોમાં સાથે કામ કર્યું છે અને હિન્દી સિનેમાને સદાબહાર ગીતો આપ્યા છે. 2007માં "વેલકમ" ના મૂળ ગીતમાં અક્ષય અને કેટરિનાની કેમેસ્ટ્રી સુપરહિટ રહી હતી, જે આ નવા વર્ઝનને કારણે ફરી ચર્ચામાં આવી છે. ગીત રિલીઝ થતાં જ યુઝર્સે તેના પર જોરદાર પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કર્યું છે. કેટરિનાના એક ડાયહાર્ડ ફેને લખ્યું, "મને દિશા પ્રત્યે કોઈ નફરત નથી, પરંતુ કેટરિનાનું સ્થાન કોઈ લઈ શકે નહીં." બીજી તરફ, બોલિવૂડમાં સતત થતા જુના ગીતોના રિમિક્સથી નારાજ એક યુઝરે આક્રોશ ઠાલવતા લખ્યું, "અરે ભાઈ, કંઈક નવું તો બનાવો. એવું લાગે છે કે બોલિવૂડના લોકો નવું વિચારવાની શક્તિ ગુમાવી ચૂક્યા છે." જોકે, કેટલાક વર્ગે તેને વર્ષનું સર્વશ્રેષ્ઠ મનોરંજન ગણાવ્યું છે. "વેલકમ ટુ ધ જંગલ" એ પ્રખ્યાત કોમેડી ફ્રેન્ચાઈઝીનો ત્રીજો ભાગ છે.

**જોકે, કેટલાક વર્ગે તેને વર્ષનું સર્વશ્રેષ્ઠ મનોરંજન ગણાવ્યું છે.**


# ₹10 કરોડનું બજેટ ને કમાણી ₹1400 કરોડને પાર!

## 26 વર્ષના લબરમૂછિયા યૂટ્યુબરે હોલિવૂડ હલાવ્યું; 'ઓબ્સેસન'ની સુનામીએ સારી-સારી ફિલ્મો પાડી દીધી

મુંબઈ

આજકાલ દુનિયાભરના બોક્સ ઓફિસ પર એક એવી હોલિવૂડ હોરર ફિલ્મનો ખૌફ જોવા મળી રહ્યો છે, જેણે મોટા સુપરસ્ટાર્સ, દિગ્ગજ ડિરેક્ટર્સ અને કરોડોના બજેટવાળી ફિલ્મોના ઘમંડને ચૂર-ચૂર કરી નાખ્યો છે. આ ફિલ્મનું નામ છે 'ઓબ્સેસન'. કોઈ મોટા લાઉડ પ્રમોશન વગર રિલીઝ થયેલી આ ફિલ્મે ગ્લોબલ બોક્સ ઓફિસ પર એવી સુનામી આણી છે કે મોટા-મોટા ટ્રેડ પંડિતો પણ મોંમાં આંગળા નાખી ગયા છે.

આ ફિલ્મનું બજેટ ભારતમાં સુપરહિટ સાબિત થયેલી ફિલ્મ 'સ્ત્રી' (2018) ના બજેટ કરતાં પણ અડધાથી ઓછું છે, પરંતુ તેની કમાણી હોલિવૂડના મોટા પ્રોડક્શન હાઉસને આંખો બતાવી રહી છે. માત્ર વિદેશમાં જ નહીં, ભારતમાં પણ આ ફિલ્મે ગત વીકેન્ડમાં અક્ષય કુમાર સહિતના તમામ બોલિવૂડ સ્ટાર્સની ફિલ્મોને ધૂળ ચટાડી દીધી છે. માત્ર 26 વર્ષના યુવા ડિરેક્ટર કેરી બાર્કર દ્વારા નિર્દેશિત સુપરનેચરલ હોરર ફિલ્મ 'ઓબ્સેસન' વર્ષ 2026ની સૌથી મોટી સક્સેસ સ્ટોરી બની ગઈ છે. અંદાજે 750,000થી 1 મિલિયન ડોલર (ભારતીય ચલણમાં આશરે 10 કરોડ). 2018માં આવેલી બોલિવૂડ ફિલ્મ 'સ્ત્રી'નું બજેટ 20 થી 30 કરોડ હતું. જ્યારે તાજેતરમાં આવેલી લો-બજેટ ફિલ્મ 'લાપતા લેડીઝ'નું બજેટ પણ 11 કરોડ હતું. એટલે કે 'ઓબ્સેસન' આ બધી ફિલ્મો કરતાં સસ્તી બની છે. ડિરેક્ટર કેરી બાર્કરે પોતાની કરિયરની શરૂઆત યૂટ્યુબ વીડિયો અને શોર્ટ ફિલ્મો બનાવીને કરી હતી. આ ફિલ્મમાં લીડ રોલ પ્લે કરનાર માઈકલ જોન્સ્ટન અને ઈન્ડી નવેરેત્તી પણ કોઈ મોટા સ્ટાર નથી, તે ટીવીમાંથી ફિલ્મોમાં આવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. TIFFમાં રચાયો ઈતિહાસ: ડિસ્ટ્રીબ્યુટરે રિલીઝ પહેલાં જ કરી જેકપોટ ડીલ ગયા વર્ષે ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (TIFF) ના 'મિડનાઈટ મેડનેસ' સેક્શનમાં જ્યારે આ ફિલ્મનું પ્રીમિયર થયું, ત્યારે અમેરિકાની જાણીતી ડિસ્ટ્રિબ્યુશન કંપની 'ફોકસ ફીચર્સ'ની નજર આના પર પડી.





# 'ગેંગસ્ટર'માં બોલ્ડ સીન જોઈને માતા-પિતા ડઘાઈ ગયા હતા: કંગના રણૌતનો ખુલાસો

## મને બહુ ખરાબ લાગ્યું કે તેમણે તે ફિલ્મને આ રીતે જોઈ કારણ કે તેઓ વિચારી રહ્યા હતા કે સમાજ શું વિચારશે, કે તેમની દીકરી કેવી ફિલ્મો કરી રહી છેઃ કંગના

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌતે તેની ડેબ્યુ ફિલ્મ 'ગેંગસ્ટર' વિશે જણાવ્યું કે, આ ફિલ્મ જોયા પછી તેના માતા-પિતા ખુશ નહોતા અને ફિલ્મના કેટલાક દ્રશ્યોને લઈને ચિંતિત હતા. 'પિતાજીએ કોઈ પ્રતિક્રિયા જ ન આપી' તેની આગામી ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા'ના પ્રમોશન દરમિયાન એક્ટ્રેસે કહ્યું, ''ગેંગસ્ટર' જોયા પછી મારા પિતાજીએ કોઈ પ્રતિક્રિયા જ ન આપી. પછી મેં માતાજીને પૂછ્યું, 'મમ્મી, તમને મારી ફિલ્મ કેવી લાગી?' તો તેમણે કહ્યું, 'ના, આપણા સમાજમાં... તું હજી બહુ નાની હતી, સગીર પણ હતી. તારી પાસે આવા દ્રશ્યો કરાવી લેવામાં આવ્યા.'' એક્ટ્રેસે કહ્યું, 'મેં કહ્યું, આખી ફિલ્મમાં તમને એ જ દ્રશ્યો દેખાયા? સાચું કહું તો મારું દિલ તૂટી ગયું હતું. મને બહુ ખરાબ લાગ્યું કે તેમણે તે ફિલ્મને આ રીતે જોઈ કારણ કે તેઓ વિચારી રહ્યા હતા કે સમાજ શું વિચારશે, કે તેમની દીકરી કેવી ફિલ્મો કરી રહી છે.' કંગનાએ જણાવ્યું કે, તે જ સમયે તેણે નિર્ણય લીધો હતો કે તે પોતાની ફિલ્મોને લઈને માતા-પિતા પાસેથી કોઈ ખાસ પ્રતિક્રિયાની અપેક્ષા રાખશે નહીં, કારણ કે તેનો પરિવાર ફિલ્મી દુનિયા સાથે જોડાયેલો નહોતો. 'ક્વીન' માટે મળ્યો હતો અમિતાભ બચ્ચનનો પત્ર એક્ટ્રેસે જણાવ્યું કે, 'જ્યારે મને ફિલ્મ 'ક્વીન' માટે અમિતાભ બચ્ચનજીનો એક સુંદર પત્ર મળ્યો, જેમાં તેમણે મારા પર્ફોર્મન્સની પ્રશંસા કરી હતી, ત્યારે મેં વિચાર્યું કે જે રીતે અમિતાભ બચ્ચન મારા કામને સમજી શકે છે, મારા પિતાજી તેવું સમજી શકતા નથી અને આ માટે હું તેમનાથી નારાજ પણ થઈ શકતી નથી, કારણ કે તેઓ કલાકાર નથી. તેમનું પોતાનું અલગ કામ છે.' કંગનાએ એ પણ જણાવ્યું કે, સમય જતાં તેના માતા-પિતાની વિચારસરણી બદલાઈ. જ્યારે તેને નેશનલ એવોર્ડ મળ્યો, ત્યારે તેનો પરિવાર ખૂબ ખુશ થયો. તેમને લાગ્યું કે તેમની દીકરીને દેશના રાષ્ટ્રપતિના હાથે સન્માન મળ્યું છે. આ પછી જ્યારે કંગનાને 'પદ્મશ્રી' પુરસ્કાર મળ્યો, ત્યારે તે તેના પરિવાર માટે એક મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો. તેમના મતે, ત્યારે તેમના માતા-પિતાને અહેસાસ થયો કે ફિલ્મોમાં કામ કરતી વખતે પણ સન્માન, ઓળખ અને મોટા નાગરિક સન્માન પ્રાપ્ત કરી શકાય છે. તેણે કહ્યું કે, આ પછી તેના પરિવારે તેના કામને એક અલગ દ્રષ્ટિકોણથી જોવાનું શરૂ કર્યું.





# રણવીર સિંહ વિરુદ્ધ FWICEની નોટિસનો મામલો કોર્ટમાં

## દિગ્ગજ ફિલ્મમેકર ટીપી અગ્રવાલે એસોસિએશનના આદેશને આપી કાનૂની ચેલેન્જ

મુંબઈ

બોલિવૂડ અભિનેતા રણવીર સિંહ અને ડાયરેક્ટર-પ્રોડ્યુસર ફરહાન અખ્તર વચ્ચે શરૂ થયેલો 'ડોન 3' વિવાદ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. અગાઉ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક કલાકારોએ આ મુદ્દે મૌન સેવ્યું હતું, પરંતુ હવે આ મામલો કાનૂની અખાડામાં ફેરવાઈ ગયો છે. ફિલ્મમેકર અને 'ઈન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશન' (IMPPA)ના પૂર્વ અધ્યક્ષ ટીપી અગ્રવાલ હવે રણવીર સિંહના સમર્થનમાં આગળ આવ્યા છે. તેમણે 'ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ'ના આદેશ વિરુદ્ધ બોમ્બે સિવિલ કોર્ટમાં અરજી દાખલ કરી છે. શું છે સમગ્ર વિવાદ? શાહરૂખ ખાન બાદ રણવીર સિંહ 'ડોન 3'માં મુખ્ય ભૂમિકા ભજવવાનો હતો. જોકે, ડિસેમ્બર 2025માં રણવીર સિંહે અચાનક આ ફિલ્મમાંથી પીછેહઠ કરી લીધી હતી. 'ધુરંધર' ફિલ્મની જબરદસ્ત સફળતા બાદ રણવીરે આ પ્રોજેક્ટ છોડવાનો નિર્ણય કર્યો હતો. રણવીરના આ અચાનક લીધેલા નિર્ણયથી નારાજ થઈને ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીની પ્રોડક્શન કંપની 'એક્સેલ એન્ટરટેઈનમેન્ટ' ફરિયાદ લઈને ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE) પાસે પહોંચી હતી. ફરહાનનો આરોપ છે કે રણવીર સિંહના અચાનક ફિલ્મ છોડવાને કારણે તેમની કંપનીને આશરે રૂ. 45 કરોડનું મોટું નુકસાન થયું છે. આ ફરિયાદના આધારે FWICEએ રણવીર સિંહ વિરુદ્ધ 'નોન-કો-ઓપરેશનલ' નોટિસ જાહેર કરી દીધી હતી. FWICE દ્વારા રણવીર સિંહ વિરુદ્ધ જારી કરાયેલા આ આદેશને ફિલ્મમેકર ટીપી અગ્રવાલે મુંબઈના દિંડોશી સ્થિત બોમ્બે સિવિલ કોર્ટમાં પડકાર્યો છે. ટીપી અગ્રવાલે FWICE અને IMPPA વિરુદ્ધ દાખલ કરેલી અરજીમાં સ્પષ્ટ જણાવ્યું છે કે, 'કોઈપણ વ્યક્તિ, એસોસિએશન કે ટ્રેડ બોડી પાસે કોઈ કલાકાર અથવા પ્રોફેશનલ પર પ્રતિબંધ મૂકવાનો કે અન્ય લોકોને તેની સાથે કામ ન કરવાનો નિર્દેશ આપવાનો કોઈ કાનૂની અધિકાર નથી.' 'કોઈની સર્જનાત્મક સ્વતંત્રતા છીનવી ન શકાય' - ટીપી અગ્રવાલ આ કાનૂની લડાઈ વિશે વાત કરતા ટીપી અગ્રવાલે જણાવ્યું હતું કે, 'આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રી એકબીજાના સહકાર પર ટકેલી છે. તેથી, આવા વિવાદોને હંમેશા લીગલ અને પ્રોફેશનલ ચેનલો દ્વારા જ ઉકેલવા જોઈએ. કોઈપણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા કોઈ કલાકારને કામ કરતા અટકાવવાના પ્રયાસને બિલકુલ હળવાશથી ન લેવો જોઈએ.

# સલમાન ખાને 'કાલા હિરણ'ફિલ્મ પર વાંધો ઉઠાવ્યો, મેકર્સને લીગલ નોટિસ મોકલી

મુંબઈ

બોલિવુડ સુપરસ્ટાર સલમાન ખાને આવનારી ફિલ્મ 'કાળા હિરણ'ના મેકર્સ સામે મોટું એક્શન લીધું છે. ભાઈજાનની લીગલ ટીમે ફિલ્મના પ્રોડ્યુસર્સ અને ડિરેક્ટરને કાનૂની નોટિસ મોકલી છે. નોટિસમાં ફિલ્મની રિલીઝ પર તાત્કાલિક રોક લગાવવા અને તેના તમામ પોસ્ટર્સ સોશિયલ મીડિયા પરથી હટાવવાની માંગ કરવામાં આવી છે.

શું છે પૂરો મામલો? ફિલ્મ 'કાલા હિરણ' 1998માં જોધપુરમાં બનેલા સલમાન ખાનના કાળા હિરણ શિકાર કેસ પર આધારિત છે. આ ફિલ્મમાં સલમાન ખાન અને લોરેન્સ બિશ્નોઈ વચ્ચેના વિવાદને પણ ફિલ્મી અંદાજમાં દર્શાવવામાં આવવાનું છે. ફિલ્મના પોસ્ટર રિલીઝ થતાંની સાથે જ વિવાદ શરૂ થઈ ગયો હતો. સલમાન ખાનની લીગલ ટીમે મેકર્સને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ફિલ્મના પોસ્ટર તુરંત નહીં હટાવવામાં આવે અને રિલીઝ પર રોક નહીં લગાવવામાં આવે તો તેમની સામે સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

ફિલ્મના પ્રોડ્યુસર અમિત જાનીએ હાલમાં જ ફિલ્મનું પોસ્ટર રિલીઝ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ફિલ્મનું શૂટિંગ મુરાદાબાદ, સંભલ અને ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોમાં થવાનું છે. પોસ્ટરમાં એક વ્યક્તિ સલમાન ખાન જેવું બ્રેસલેટ પહેરેલો દેખાય છે, જેના કારણે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાઓ થઈ રહી છે.

સલમાન ખાનના ફેન્સે પણ આ મામલે તેમના સ્ટારના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો છે. સોશિયલ મીડિયા પર ★KalaHiranBan અને ★SaveSalmanKhan જેવા હેશટેગ સાથે ઘણી પોસ્ટ્સ વાયરલ થઈ રહી છે. આ સમયે ફિલ્મના મેકર્સ તરફથી હજુ કોઈ સત્તાવાર પ્રતિસાદ આવ્યો નથી. આ મામલે આગળ શું વિકાસ થાય છે તેના પર બોલિવુડની નજર ટકેલી છે.



પાક્કો ગુજરાત

બુધવાર | 03 મે 2026 | અમદાવાદ

### દેશમુખ ટાઇટલ રેસમાં ટકી રહી; છઠ્ઠા રાઉન્ડમાં તમામ ભારતીયો હાર્યા હતા

# નોર્વે ચેસ- પ્રજ્ઞાનંદ-ગુકેશ જીત્યા, દિવ્યાએ હમ્પીને હરાવી

નવી દિલ્હી

ભારતીય ખેલાડીઓએ નોર્વે ચેસ ટુર્નામેન્ટના સાતમા રાઉન્ડમાં કમબેક કર્યું છે. સોમવારે રાત્રે આર. પ્રજ્ઞાનંદાએ ફ્રાન્સના અલીરેઝા ફિરોઝાને હરાવીને ત્રણ પોઈન્ટ્સ મેળવ્યા. જ્યારે, વર્લ્ડ ચેમ્પિયન ડી. ગુકેશે વેસ્લી સો સામે ટાઈબ્રેક જીતીને 1.5 પોઈન્ટ્સ મેળવ્યા. એક દિવસ પહેલા છઠ્ઠા રાઉન્ડમાં ભારતીય ગ્રાન્ડ માસ્ટર્સને હારનો સામનો કરવો પડ્યો હતો. હાલમાં, આર. પ્રજ્ઞાનંદા અને દિવ્યા દેશમુખ ખિતાબની રેસમાં ટકી રહ્યા છે. ગુકેશ ઓપન કેટેગરીમાં સૌથી નીચેના સ્થાને છે. પ્રજ્ઞાનંદાએ સફેદ મોહરાઓથી રમતા 26મી ચાલ પર લીડ બનાવી અને ફિરોઝાને સતત બીજી ક્લાસિકલ હાર આપી. આ જીત પછી તેના 9 પોઈન્ટ્સ થઈ ગયા છે. ગુકેશ અમેરિકન ગ્રાન્ડમાસ્ટર વેસ્લી સો સામે ક્લાસિકલ મેચમાં જીતની નજીક પહોંચવા છતાં ડ્રો પર અટકી ગયો. જોકે, ટાઈબ્રેક જીતીને તેણે 1.5 પોઈન્ટ મેળવ્યા. તેના કુલ 8 પોઈન્ટ છે.

વુમન્સ કેટેગરીમાં દિવ્યા દેશમુખે હમવતન કોનેરુ હમ્પીને આર્માગેડન ટાઈબ્રેકમાં હરાવીને 10 પોઈન્ટ્સ મેળવ્યા. જોકે, કઝાકિસ્તાનની બિબિસારા અસાઉબાયેવા 12.5 પોઈન્ટ્સો સાથે આગળ છે. આગળના રાઉન્ડમાં દિવ્યા અને બિબિસારાની મેચ ટાઈટલ રેસની દિશા નક્કી કરી શકે છે. ઓપન વર્ગમાં વેસ્લી સો 12.5 પોઈન્ટ્સ સાથે ટોચ પર છે. અલીરેઝા ફિરોઝા 10 પોઈન્ટ્સો સાથે બીજા સ્થાને છે. પ્રજ્ઞાનંદા, મેગ્નસ કાર્લસન અને વિન્સેન્ટ કીમર 9-9 પોઈન્ટ્સ સાથે સંયુક્ત ત્રીજા સ્થાને છે. મહિલા કેટેગરીમાં કઝાકિસ્તાનની બિબિસારા અસાઉબાયેવાએ ચીનની ઝુ જિનરને ક્લાસિકલમાં હરાવીને 12.5 પોઈન્ટ્સ મેળવ્યા.







## પીવી સિંધુ ઇન્ડોનેશિયા ઓપન બેડમિન્ટનના બીજા રાઉન્ડમાં

જકાર્તા



ભારતની બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ ઈન્ડોનેશિયા ઓપન સુપર 1000 ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. માલવિકા બંસોડ પહેલા રાઉન્ડમાં હારી ગઈ. મેન્સ સિંગલ્સમાં કિદામ્બી શ્રીકાંત પણ બહાર થયો. વર્લ્ડ નંબર-12 સિંધુએ મંગળવારે રાઉન્ડ ઑફ 32માં થાઈલેન્ડની બુસાનન ઓન્ગબ્રામંગફાનને સીધા ગેમમાં 25-23, 21-16થી હરાવી. મેચ 51 મિનિટ સુધી ચાલી.

30 વર્ષની સિંધુ રાઉન્ડ ઑફ 16માં તુર્કીયેની નેસ્લિહાન આરિન અને સાઉથ કોરિયાની વર્લ્ડ નંબર-1 શટલર આન સે-યૌંગ વચ્ચે થનારી મેચની વિજેતા સામે રમશે. આ મેચમાં સિંધુને પ્રથમ ગેમમાં સંઘર્ષ કરવો પડ્યો. ઓંગબ્રામંગફાને તેને સખત ટક્કર આપી. જોકે, ભારતીય સ્ટારે આ ગેમ 25-23થી જીતી લીધી. સિંધુએ બીજી ગેમમાં લય મેળવી અને બીજી ગેમ 21-16થી જીતી લીધી. અન્ય એક મેચમાં માલવિકા બંસોડને થાઈલેન્ડની પોર્નપાવી ચોચુવોંગે 21-12, 21-10થી હરાવી. મેચ માત્ર 39 મિનિટમાં સમાપ્ત થઈ ગઈ. શ્રીકાંતને જાપાની ખેલાડીએ હરાવ્યો મેન્સ સિંગલ્સમાં કિદાંબી શ્રીકાંતને પ્રથમ રાઉન્ડમાં હાર મળી. જાપાનના યુશી તનાકાએ તેને માત્ર 37 મિનિટમાં 21-19, 21-15થી હરાવી. લક્ષ્ય સેનની મેચ થોડીવારમાં થશે. ડબલ્સ કેટેગરીમાં પણ ભારતીય જોડીઓ એક્શનમાં હશે. શું છે ઈન્ડોનેશિયા ઓપન? આ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF)ની લેવલ-1 બેડમિન્ટન ટુર્નામેન્ટ છે. આ વર્ષમાં એકવાર યોજાય છે. ટુર્નામેન્ટ પ્રથમવાર 1982માં રમાઈ હતી. ત્યારથી તેમાં વિશ્વના શ્રેષ્ઠ બેડમિન્ટન ખેલાડીઓ ભાગ લે છે.

### ફાઈનલમાં અમ્પાયર તરફ આઇસ બેગ ફેંક્યું હતું

## ટિમ ડેવિડ IPL 2027ની પહેલી મેચમાંથી સસ્પેન્ડ થયો

મુંબઈ

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ના બેટર ટિમ ડેવિડને IPL 2027ની પ્રથમ મેચમાંથી સસ્પેન્ડ કર્યો છે. IPL 2026 ફાઈનલમાં ગુજરાત ટાઇટન્સ સામેની મેચ દરમિયાન આચારસંહિતાના ઉલ્લંઘન બદલ તેના પર 50% મેચ ફીનો દંડ પણ ફટકાર્યો છે. અમ્પાયર નિતિન પર આઈસ બેગ ફેંક્યું. ડેવિડે ગુજરાતની ઈનિંગ્સની 10મી ઓવર દરમિયાન અમ્પાયર નિતિન મેનન તરફ આઈસ બેગ ફેંક્યું હતું. આ ઘટનાને IPL આચારસંહિતાના લેવલ-1 ઉલ્લંઘન હેઠળ ગણવામાં આવી હતી. ડેવિડને આ મામલે બે ડિમેરિટ પોઈન્ટ પણ આપ્યા હતા. આ સાથે IPL 2026 સીઝનમાં તેમના કુલ ડિમેરિટ પોઈન્ટ પાંચ થઈ ગયા. નિયમો અનુસાર, પાંચ ડિમેરિટ પોઈન્ટ થવા પર ખેલાડીને આગામી સીઝનની પ્રથમ મેચમાં સસ્પેન્ડ કરવામાં આવે છે. આ પહેલા પણ ડેવિડ બે વાર લેવલ-1નું ઉલ્લંઘન કરી ચૂક્યો હતો. તેમણે મેચ નંબર 20માં પહેલું ઉલ્લંઘન કર્યું હતું, જેના માટે તેને એક ડિમેરિટ પોઈન્ટ મળ્યો હતો. ત્યારબાદ મેચ નંબર 54માં બીજું ઉલ્લંઘન થયું, જેમાં તેને બે ડિમેરિટ પોઈન્ટ આપ્યા હતા. IPLની આચારસંહિતાની કલમ 2.9 હેઠળ આ ઉલ્લંઘન નોંધવામાં આવ્યું હતું. આ નિયમ મેચ દરમિયાન કોઈ ખેલાડી, ટીમ અધિકારી, અમ્પાયર, મેચ રેફરી અથવા અન્ય કોઈ વ્યક્તિ તરફ અયોગ્ય અથવા ખતરનાક રીતે બોલ અથવા ક્રિકેટ સાધનો જેવી કોઈ વસ્તુ ફેંકવા સાથે સંબંધિત છે. આ જ કારણોસર ડેવિડ IPL 2027માં RCBની પ્રથમ મેચમાં રમી શકશે નહીં. જો તે આગામી સીઝનમાં અન્ય કોઈ ફ્રેન્ચાઈઝીનો ભાગ બને છે, તો તે ટીમ માટે તેની પ્રથમ મેચ સસ્પેન્શન હેઠળ ચૂકી જશે. ડેવિડે સીઝનમાં 305 રન બનાવ્યા બેંગલુરુના ફિનિશર ટિમ ડેવિડે IPL 2026માં 16 મેચમાં 305 રન બનાવ્યા. તેની સરેરાશ 33.89 અને સ્ટ્રાઈક રેટ 188.27 રહ્યો. તેણે એક અડધી સદી ફટકારી, જેમાં અણનમ 70 રન તેની શ્રેષ્ઠ ઈનિંગ્સ રહી. સીઝનમાં ડેવિડે 22 ચોગ્ગા અને 23 છગ્ગા ફટકાર્યા.

## નેપાળે T20માં બીજીવાર 300+ સ્કોર બનાવ્યો

### ચીનને 221 રનથી હરાવ્યું; કુશલ ભુર્તલે એક ઓવરમાં 6 છગ્ગા ફટકાર્યા

મુંબઈ

નેપાળે T20 ક્રિકેટમાં બીજી વખત 300 રનથી વધુનો સ્કોર બનાવ્યો છે. ટીમે રવિવારે એશિયન ગેમ્સના ક્વોલિફાયરમાં ચીન સામે આ પરાક્રમ કર્યું છે. આ મેચમાં નેપાળને 221 રનથી જીત મળી. સિંગાપોરના નેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ચીને ટૉસ જીતીને બોલિંગ લીધી. નેપાળે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 2 વિકેટે 313 રન બનાવ્યા. જવાબમાં ચીન 92 રનમાં ઓલઆઉટ થઈ ગયું. નેપાળ તરફથી ઓપનર કુશલ ભુર્તેલે એક ઓવરમાં સતત 6 છગ્ગા ફટકારવાનું પરાક્રમ પણ કર્યું. તે પ્લેયર ઓફ ધ મેચ રહ્યો. નેપાળે પોતાનો બીજો સૌથી મોટો સ્કોર બનાવ્યો છે. ટીમે સપ્ટેમ્બર 2023માં એશિયન ગેમ્સ 2023માં મંગોલિયા સામે 314/3નો સ્કોર બનાવ્યો હતો.

નેપાળે T20 ઈન્ટરનેશનલ ક્રિકેટના ઈતિહાસમાં સાતમી સૌથી મોટી જીત નોંધાવી. સૌથી મોટી જીતનો રેકોર્ડ ઝિમ્બાબ્વેના નામે છે. તેણે 2024માં ગામ્બિયાને 290 રનથી હરાવ્યું હતું. ભુર્તેલે એક ઓવરમાં સતત 6 છગ્ગા ફટકારવાનું પરાક્રમ પણ કર્યું. તેણે નવમી ઓવરમાં જોયુ ચેનની બોલ પર 6 છગ્ગા ફટકાર્યા. જોકે, વચ્ચે એક વાઈડ બોલ પણ સામેલ હતો. તેની ઓવરમાંથી કુલ 37 રન આવ્યા. કુશલે 43 બોલમાં 300ની સ્ટ્રાઈક રેટથી 129 રન બનાવ્યા. આ T20 ઈન્ટરનેશનલની સંયુક્ત રીતે પાંચમી સૌથી ઝડપી સદી છે. તેણે રોહિત શર્માની બરાબરી કરી. રોહિત શર્માએ T20 ઈન્ટરનેશનલમાં શ્રીલંકા સામે 35 બોલમાં સદી ફટકારી હતી.




કુશલે ઈનિંગ્સમાં 16 છગ્ગા ફટકાર્યા, વૈભવ-અભિષેક કરતાં વધુ કુશલ ભુર્તેલે આ ઈનિંગ્સમાં 16 છગ્ગા ફટકાર્યા અને એક T20 ઈનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના મામલે વૈભવ સૂર્યવંશીને પાછળ છોડ્યો. વૈભવે ઈન્ડિયા-A માટે રમતા એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સમાં 144 રનની ઈનિંગ્સમાં 15 છગ્ગા ફટકાર્યા હતા. ભુર્તેલે અભિષેક શર્માના T20 ઈન્ટરનેશનલમાં 37 બોલમાં સદીના રેકોર્ડને પણ તોડ્યો. 314 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી ચીની ટીમ 19.2 ઓવરમાં 92 રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ.



### FEMA નિયમોના ઉલ્લંઘનના આરોપ, દિલ્હી અને મુંબઈમાં અનેક સ્થળોએ સર્ચ ઓપરેશન

# વેદાંત ગ્રુપની મુંબઇ અને દિલ્હી ઓફિસ પર EDના દરોડા

મુંબઇ

અનિલ અગ્રવાલના વેદાંતા ગ્રુપ પર ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે) એ દરોડા પાડ્યા છે. અહેવાલ મુજબ, આ દરોડા ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટના ઉલ્લંઘનની તપાસના સંદર્ભમાં પાડવામાં આવ્યા હતા. મંગળવારે, EDએ વેદાંતા ગ્રુપના અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. EDના અધિકારીઓ દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓની તપાસ કરી રહ્યા છે અને તપાસ ચાલુ છે. વેદાંત લિમિટેડ ભારતની સૌથી મોટી મલ્ટીનેશનલ માઈનિંગ, મેટલ્સ, એઈલ એન્ડ ગેસ કંપનીઓમાંની એક છે. તે ઝીંક, એલ્યુમિનિયમ, ક્રૂડ ઓઈલ અને આયર્ન ઓરનું ઉત્પાદન કરે છે. કંપની તેના વ્યવસાયને અલગ સ્વતંત્ર કંપનીઓમાં વિભાજીત કરવાની પ્રક્રિયા પર કામ કરી રહી છે. EDના વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપતાં જણાવ્યું હતું કે તપાસના સંદર્ભમાં, મંગળવારે દિલ્હી અને મુંબઈમાં વેદાંત ગ્રુપ સાથે સંબંધિત સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. EDની કાર્યવાહી અંગે, વેદાંતાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે કંપની તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહયોગ આપી રહી છે અને માંગવામાં આવેલી બધી માહિતી પૂરી પાડી રહી છે. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે કંપની લાગુ પડતા તમામ કાયદા અને નિયમોનું પાલન કરશે. પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે આ મામલો હાલમાં પ્રક્રિયા હેઠળ છે, તેથી તેઓ હાલમાં વધુ માહિતી જણાવી શકશે નહીં. વેદાંતા ગ્રુપની સ્થાપના 1980ના દાયકામાં અનિલ અગ્રવાલે કરી હતી. બિહારના પટનામાં જન્મેલા અનિલ અગ્રવાલ 1970ના દાયકામાં મુંબઈ આવ્યા હતા. શરૂઆતમાં, તેમણે સ્ક્રેપ બિઝનેસ શરૂ કર્યો. તેઓ અન્ય કંપનીઓ પાસેથી સ્ક્રેપ મેટલ ખરીદતા અને તેને અન્ય જગ્યાએ વેચતા હતા. 1976માં, તેમણે બેંક લોન લીધી અને એક નાદાર કેબલ કંપની ખરીદી. તેમણે તે કંપનીને ફરીથી બેઠી કરી, અને અહીંથી તેમની મેન્યુફેક્ચરિંગની યાત્રા શરૂ થઈ.




### દવા ઉદ્યોગમાં પણ અમેરિકા પર ભારે પડી રહ્યું છે ચીન

## અમેરિકી દર્દીઓ પર કેન્સરની દવાનું પરીક્ષણ કરી રહી છે ચીની ફાર્મા કંપની

મુંબઇ

નવી દવાઓના વિકાસમાં ચીન ઝડપથી ઉભરતી શક્તિ બનતું દેખાઈ રહ્યું છે. દાયકાઓ સુધી કેન્સર નિષ્ણાતોની વાર્ષિક કોન્ફરન્સમાં દવાઓના ટ્રાયલ્સ મુખ્યત્વે અમેરિકા અને યુરોપની હોસ્પિટલો ચલાવતી હતી, પરંતુ ગયા અઠવાડિયે શિકાગોમાં આયોજિત અમેરિકન સોસાયટી ઓફ ક્લિનિકલ ઓન્કોલોજી (ASCO) ની વાર્ષિક બેઠકે સંકેત આપ્યો કે વૈશ્વિક બાયોટેકનોલોજીનું દૃશ્ય બદલાઈ રહ્યું છે. ક્યારેક પ્રમાણમાં નાની ગણાતી ચીનની બાયોટેક ઈન્ડસ્ટ્રી થોડા જ વર્ષોમાં નવી દવાઓના સંશોધન, વિકાસ અને ક્લિનિકલ પરીક્ષણનું મોટું કેન્દ્ર બની ગઈ છે. 1989 થી ASCO સંમેલનમાં ભાગ લઈ રહેલા જ્હોન્સ હોપકિન્સ યુનિવર્સિટીના પ્રોફેસર ડો. ઓટિસ બ્રોલી અનુસાર, ચીનની બાયોટેક ઈન્ડસ્ટ્રી હવે વૈશ્વિક મંચ પર પોતાની મજબૂત હાજરી નોંધાવી ચૂકી છે. જોકે આ પ્રગતિએ અમેરિકી અધિકારીઓ, દવા કંપનીઓ અને ચિકિત્સા નિષ્ણાતોની ચિંતાઓ પણ વધારી દીધી છે. તેમની આશંકા નવી દવાઓના વિકાસ પર નિયંત્રણ અને બાયોટેક ક્ષેત્રમાં અમેરિકાની લાંબા સમયથી બનેલી સરસાઈના નબળા પડવા સાથે પણ જોડાયેલી છે. અમેરિકી બાયોટેક સ્ટાર્ટઅપ્સનું કહેવું છે કે તેમને પેટન્ટ, રિસર્ચ પબ્લિકેશન અને ક્લિનિકલ ટ્રાયલ્સના ક્ષેત્રમાં ચીની કંપનીઓ તરફથી સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. આ સાથે એ સવાલ પણ ઉઠી રહ્યો છે કે શું ચીનમાં વિકસિત દવાઓ અમેરિકી દર્દીઓ પર પણ એટલી જ અસરકારક સાબિત થશે જેટલી ચીની નાગરિકો પર થાય છે. ફેફસાના કેન્સરના એશિયન દર્દીઓ લાંબા સમય સુધી જીવિત રહે છે અને અન્ય જાતિના લોકોની સરખામણીમાં તેમને સારવારથી વધુ ફાયદો થાય છે. સંમેલનમાં સૌથી વધુ ચર્ચા ચીની કંપની અકેસો બાયોફાર્માની કેન્સર વિરોધી દવા ઈવોનેસિમેબને લઈને રહી. કંપની આ દવાનું અમેરિકી દર્દીઓ પર પણ પરીક્ષણ કરી રહી છે. ઘણી મોટી દવા કંપનીઓના ચીન સાથે ડીલ છેલ્લા કેટલાક વર્ષોથી, વિશ્વની મોટી ફાર્માસ્યુટિકલ કંપનીઓ ચીનની દવાઓ અને કાચા માલનો મોટા પાયે આયાત કરી રહી છે. આ વર્ષે અત્યાર સુધીમાં આવા લગભગ અડધા સોદા ચીની કંપનીઓ સાથે થયા છે.




### યુપીઆઇના વપરાશમાં વધારો થવાની અસર

# ડેબિટ કાર્ડસ વ્યવહારમાં 40 ટકાથી વધુ ઘટાડો

### - ડેબિટ કાર્ડસ વ્યવહારની સંખ્યા નાણાં વર્ષ 2023-24માં 22860 લાખ હતી તે 2024-25માં ઘટી 16120 લાખ,2025-26માં 12802 લાખ પર આવી ગઈ

મુંબઈ

દેશમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) વ્યવસ્થાના આગમન સાથે ડેબિટ કાર્ડના વપરાશમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા પ્રમાણે છેલ્લા બે નાણાં વર્ષમાં ડેબિટ કાર્ડના વપરાશમાં ૪૦ ટકાથી વધુ ઘટાડો થયો છે જ્યારે યુપીઆઈ વ્યવહારમાં ૮૦ ટકાથી વધુ વધારો જોવા મળ્યો છે. યુપીઆઈ વપરાશમાં સરળ અને ઝડપી હોવાથી બેન્ક ખાતેદારો હવે ડેબિટ કાર્ડની સરખામણીએ તેના વપરાશને પ્રાધાન્ય આપી રહ્યા છે. રિઝર્વ બેન્કના નાણાં વર્ષ ૨૦૨૬ના વાર્ષિક રિપોર્ટ પ્રમાણે ડેબિટ કાર્ડસ વ્યવહારની સંખ્યા જે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૨૮૬૦ લાખ હતી તે ૨૦૨૪-૨૫માં ઘટી ૧૬૧૨૦ લાખ અને ૨૦૨૫-૨૬માં ૧૨૮૦૨ લાખ પર આવી ગઈ હતી. આમ બે વર્ષમાં ડેબિટ કાર્ડ વ્યવહારમાં ૪૪ ટકા ઘટાડો નોંધાયો છે.

બીજી બાજુ આ સમયગાળામાં યુપીઆઈ મારફતના ટ્રાન્ઝકશન્સની સંખ્યા ૧૩,૧૧,૨૯૫ લાખ પરથી વધી ૨૪,૧૬,૧૬૯ લાખ પર પહોંચી ગઈ છે, જે ૮૪ ટકાનો વધારો દર્શાવે છે. મોટાભાગના ઉપભોગતાઓ પોતાના વિવિધ બિલ્સની ચૂકવણી માટે યુપીઆઈનો જ વપરાશ કરી રહ્યા છે, જેને પરિણામે ડેબિટ કાર્ડ સ્વાઈપ અથવા ટેપ કરવાની જરૂરિયાત ઘટી ગઈ છે, એમ રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.હવે ડેબિટ કાર્ડનો ઉપયોગ પોઈન્ટ ઓફ સેલ ખરીદી માટે ખાસ થતો નથી. જે કંઈપણ વપરાશ થાય છે તે મોટેભાગે એટીએમમાંથી નાણાં કઢાવવા માટે વધુ થાય છે. જો કે અનેક બેન્કો હવે કાર્ડલેસ રોકડ કઢાવવાની સુવિધા પૂરી પાડી રહી છે જેને કારણે પણ ડેબિટ કાર્ડ સાથે રાખવાની જરૂરિયાત ઘટી ગઈ છે. જો કે જે ગ્રાહકો હજુ ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થાથી એકદમ જ વાકેફ થયા નથી તેમની માટે ડેબિટ કાર્ડ હજુપણ સુસંગતતા ધરાવે છે, એમ પણ સુત્રોએ ઉમેર્યું હતું. મેમાં યુપીઆઈ મારફતના મૂલ્ય તથા વોલ્યુમની દ્રષ્ટિએ વિક્રમી વ્યવહાર પાર પાડવામાં આવ્યા સમાપ્ત થયેલા મેમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) મારફતના વ્યવહાર વોલ્યુમ તથા વેલ્યુ બન્ને દ્રષ્ટિએ વિક્રમી રહ્યા છે.

મૂલ્યની દ્રષ્ટિએ વ્યવહાર એપ્રિલની સરખામણીએ ૩ ટકા વધી રૂપિયા ૨૯.૯૦ ટ્રિલિયન (લાખ કરોડ) રહ્યા છે જ્યારે વોલ્યુમની દ્રષ્ટિએ આ આંક એપ્રિલની સરખામણીએ ૪ ટકા વધી ૨૩.૨૦ અબજ રહ્યો છે, એમ નેશનલ પેમેન્ટસ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા જારી ડેટામાં જણાવાયું છે.

૨૦૧૬ના એપ્રિલથી જ્યારથી યુપીઆઈ કાર્યરત થયું છે ત્યારથી મે મહિનાના આ આંક વિક્રમી રહ્યા છે. મેમાં દૈનિક વ્યવહારની સરેરાશ સંખ્યા ૭૪.૮૦ કરોડ રહી હતી જે એપ્રિલમાં ૭૪.૫૦ કરોડ જોવા મળી હતી. ઊનાળાના વેકેશનને લઈને પર્યટકોની સંખ્યામાં વધારો તથા પ્રાસંગિક ખરીદી જેવા કારણોસર યુપીઆઈ વ્યવહારમાં વધારો જોવા મળ્યો હોવાનું એનપીસીઆઈના સુત્રોએ જણાવ્યું હતું.




## સેન્સેક્સ 383 પોઈન્ટ વધીને 74,650 પર બંધ

■ નિફ્ટીમાં પણ 101 પોઈન્ટનો ઉછાળો રહ્યો, IT અને ઓટો શેર્સમાં વધુ ખરીદી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 2 જૂને તેજી જોવા મળી. સેન્સેક્સ 383 પોઈન્ટના ઉછાળા સાથે 74,650 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 101 પોઈન્ટનો વધારો રહ્યો, તે 23,484 પર બંધ થયો. આજે IT, FMCG અને ઓટો શેર્સમાં વધુ ખરીદી જોવા મળી. ભારતીય શેરબજારને સાઉથ કોરિયાએ પાછળ છોડ્યું સાઉથ કોરિયાનું શેરબજાર ભારતને પછાડીને વિશ્વનું છઠ્ઠું સૌથી મોટું બજાર બની ગયું છે. આ તેજીનું મુખ્ય કારણ ચિપ બનાવતી દિગ્ગજ કંપનીઓ છે, જે વિશ્વભરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વધતા ઉપયોગના જોરે સતત રેકોર્ડ બનાવી રહી છે. બ્લૂમબર્ગના આંકડા મુજબ, આ વર્ષે સાઉથ કોરિયાની લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ 86% વધીને 5 ટ્રિલિયન ડોલર (લગભગ 475 લાખ કરોડ રૂપિયા) પર પહોંચી ગઈ છે. બીજી તરફ, ભારતીય શેરબજારની માર્કેટ કેપ ઘટીને 4.8 ટ્રિલિયન ડોલર (લગભગ 456 લાખ કરોડ રૂપિયા) રહી ગઈ છે. ગઈકાલે બજારમાં ઘટાડો જોવા મળ્યો હતો આ પહેલા ગઈકાલે એટલે કે 1 જૂને શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 508 અંક ઘટીને 74,267 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 165 અંકનો ઘટાડો રહ્યો, તે 23,382 ના સ્તર પર બંધ થયો હતો.



# અમદાવાદમાં બ્રિજ નીચે ઉભા થઈ રહ્યા છે વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટર્સ...

અમદાવાદ

અમદાવાદને આંતરરાષ્ટ્રીય સ્તરની 'સ્પોર્ટ્સ સિટી' તરીકે વિકસાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC) દ્વારા શહેરમાં બ્રિજ નીચેની બિનઉપયોગી જગ્યાઓને આધુનિક 'સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટર્સ'માં પરિવર્તિત કરવાની અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. આ પ્રોજેક્ટ માત્ર રમતગમત પૂરતો મર્યાદિત નથી, પરંતુ 'ફિટ અમદાવાદ - સ્પોર્ટ્સ ફ્રેન્ડલી અમદાવાદ'ના સ્વપ્નને સાકાર કરવાના દિશામાં ઐતિહાસિક પગલું માનવામાં આવી રહ્યું છે. AMC દ્વારા હાલમાં સિમ્સ અને રાણીપ અંડરબ્રિજ નીચે અત્યાધુનિક સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટર તૈયાર કરવામાં આવ્યા છે, જ્યાં બાળકો, યુવાનો અને નગરજનો માટે રમતગમતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત લક્ષ્મણરાવ વકીલ સાહેબ બ્રિજ, અંજલી બ્રિજ અને ઘોડાસર બ્રિજ નીચે પણ સમાન પ્રોજેક્ટ્સ પર કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સને પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ હેઠળ કાર્યરત કરવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ સિવાય દિનેશ ચેમ્બર ફ્લાય ઓવરબ્રિજ, ગુરુજી ઓવર બ્રિજ, ગુજરાત કોલેજ રેલવે ઓવર બ્રિજ અને રાજેન્દ્ર પાર્ક ફ્લાય ઓવર બ્રિજ નીચે પણ સ્પોર્ટ્સ સુવિધાઓ વિકસાવવા બ્રિજ ટેન્ડર વિભાગ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે.




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના દરેક વિસ્તારમાં 'સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટર્સ' ઉભા કરીને લોકોમાં રમતગમત પ્રત્યે રસ વધારવો, બાળકો અને યુવાનોને નજીકમાં જ રમવાની અને તાલીમ લેવાની તક આપવી અને રમતગમતને શહેરી સંસ્કૃતિનો ભાગ બનાવવો એ આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ છે. તેમજ શહેરમાં વર્ષોથી બિનઉપયોગી જગ્યાઓ હવે યુવાનોની ઊર્જા, રમતગમત અને ફિટનેસનું કેન્દ્ર બની રહી છે. બ્રિજ નીચે તૈયાર કરવામાં આવેલા આ આધુનિક સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટર્સમાં ક્રિકેટ, ફૂટબોલ અને બાસ્કેટબોલ જેવી રમતો માટે વિશેષ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. સાથે જ સ્કેટિંગ, બેડમિન્ટન અને વિવિધ ફિટનેસ એક્ટિવિટીઝ માટે અલગ ઝોન પણ બનાવવામાં આવ્યા છે. જેમાં સીમ્સ બ્રિજ નીચે બનાવેલા સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટરમાં એરહોકી, ટેબલ ટેનિસ, ચેસ, કેરમ, બોક્સ ક્રિકેટ, પિકલ બોલ, બાસ્કેટ બોલ, પૂલ ટેબલ, ફુઝ બોલ અને લૂડો જેવી રમતોનો સમાવેશ થાય છે. રાણીપ ઓવરબ્રિજ નીચે બનાવેલા સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટરમાં ફૂઝ બોલ અને લૂડો સિવાયની રમતો રમાડવામાં આવે છે.

## નાગરિકને સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ મળી રહેશે

શહેરના વિકાસ સાથે સુરક્ષા અને સ્વચ્છતાને પણ AMC દ્વારા વિશેષ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. સ્પોર્ટ્સ એક્ટિવિટી બોક્સમાં આવનારા લોકો અને સ્ટાફની સુરક્ષા માટે સીસીટીવી કેમેરા, રાત્રિના સમયે પૂરતી LED લાઈટીંગ, નિયમિત સફાઈ અને મેન્ટેનન્સ જેવી સુવિધાઓ AMC દ્વારા સુનિશ્ચિત કરવામાં આવશે, જેથી અહીં આવનારા દરેક નાગરિકને સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ મળી રહે.

આગામી સમયમાં AMC દ્વારા સ્થાનિક ટૂર્નામેન્ટ્સ, કોચિંગ કેમ્પ અને વિવિધ સ્પોર્ટ્સ એક્ટિવિટીઝ યોજવાનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે, જેથી બાળકો અને યુવાનોને તાલીમ સાથે સ્પર્ધાત્મક માહોલ પણ મળી શકે. શહેરમાં નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને મિની સ્ટેડિયમ વિકસાવવાની દિશામાં પણ પ્રોજેક્ટ્સ તૈયાર થઈ રહ્યા છે. દરેક ઝોનમાં રમતગમત સુવિધાઓ વધારવા, યુવાનો માટે ટ્રેનિંગ સેન્ટર અને સ્પોર્ટ્સ એકેડમી શરૂ કરવા તથા આંતરરાષ્ટ્રીય સ્તરના ટૂર્નામેન્ટ્સ આયોજિત કરવા AMC લાંબા ગાળાનું આયોજન કરી રહી છે. રમતગમત ક્ષેત્રના વિકાસ સાથે શહેરમાં રોજગાર અને સ્પોર્ટ્સ ટૂરિઝમને પણ મોટો પ્રોત્સાહન મળશે. રમતગમત માત્ર મનોરંજન નહીં, પરંતુ સ્વસ્થ સમાજ અને પ્રગતિશીલ શહેરની ઓળખ છે. 2030 કોમનવેલ્થ ગેમ્સ અને 2036 ઓલિમ્પિક્સ જેવી મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટ્સને ધ્યાનમાં રાખી અમદાવાદને વૈશ્વિક કક્ષાએ સક્ષમ બનાવવા માટે AMC દ્વારા બાળકો અને યુવાનોમાં રમતગમત પ્રત્યે રસ વધારવા અને "ફિટ સિટી"નું વિઝન સાકાર કરવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ માટે ખાનગી સંસ્થાઓ અને સ્પોર્ટ્સ ઓર્ગેનાઈઝેશન્સ સાથે સહકારથી વધુ આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવશે.

નરોડા પોલીસની ઐતિહાસિક સફળતા

# કરોડોનું ડ્રગ્સ ઝડપીને ગુજરાત પોલીસના ઈતિહાસમાં નોંધાવ્યું નામ

અમદાવાદ

ગુજરાતને નશામુક્ત બનાવવા અને ડ્રગ્સના દૂષણને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે કટિબદ્ધ બનેલી રાજ્ય પોલીસે એક અભૂતપૂર્વ સફળતા મેળવી છે. અમદાવાદની નરોડા પોલીસે ડ્રગ્સ માફિયાઓ સામે અત્યાર સુધીની સૌથી મોટી અને યાદગાર કાર્યવાહી કરીને રાજ્યના પોલીસ બેડામાં એક નવો ઈતિહાસ રચી દીધો છે.




નરોડા પોલીસની ટીમે એક ચોક્કસ ઓપરેશન પાર પાડીને કરોડો રૂપિયાની કિંમતનો માદક પદાર્થોનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ ઓપરેશને ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય કે આંતરરાજ્ય નેટવર્કની કમર તોડી નાખી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નરોડા પોલીસ સ્ટેશનના ઉચ્ચ અધિકારીઓને આ વિસ્તારમાંથી ડ્રગ્સની એક મોટી ખેપ પસાર થવાની અથવા તો તેની હેરફેર થવાની ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી. આ બાતમીને આધારે પોલીસે સહેજ પણ સમય બગાડ્યા વિના અલગ-અલગ ટીમો બનાવીને વ્યૂહાત્મક રીતે વોચ ગોઠવી દીધી હતી. શંકાસ્પદ શખ્સો કે વાહનની તપાસ કરતા જ પોલીસને એવી સફળતા મળી જેની ગંજાવર કિંમત જોઈને ખુદ ઉચ્ચ અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા.

પોલીસે જે રીતે આ આખા ઓપરેશનને અંજામ આપ્યો છે, તેણે નરોડા પોલીસની ગણતરી હવે રાજ્યની સૌથી એક્ટિવ અને શાર્પ ટીમોમાં કરાવી દીધી છે. ઝડપાયેલા ડ્રગ્સના જથ્થાની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત કરોડો રૂપિયા આંકવામાં આવી રહી છે. આટલી મોટી માત્રામાં કેમિકલ ડ્રગ્સ કે માદક પદાર્થો પકડાવા તે અમદાવાદ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત પોલીસ માટે એક રેકોર્ડબ્રેક અને ઐતિહાસિક સિદ્ધિ સમાન છે. આ કામગીરી બદલ નરોડા પોલીસની ટીમ પર ચારેય તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. આ ઐતિહાસિક સફળતા બાદ હવે પોલીસ આ ડ્રગ્સ રેકેટના મૂળ સુધી પહોંચવા માટે રાત-દિવસ એક કરી રહી છે. પકડાયેલા આરોપીઓની આકરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે, જેમાં આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું, તેનો મુખ્ય સપ્લાયર કોણ છે અને અમદાવાદ તેમજ ગુજરાતના કયા-કયા વિસ્તારોમાં તેનું નેટવર્ક ફેલાયેલું છે, તે તમામ કડીઓ જોડવામાં આવી રહી છે. આગામી દિવસોમાં આ કેસમાં હજુ પણ ઘણા મોટા માથાઓના નામ ખુલે તેવી પૂરેપૂરી શક્યતા છે. ગુજરાતના યુવાધનને બરબાદ થતું અટકાવવા માટે નરોડા પોલીસે ભરેલું આ ઐતિહાસિક પગલું ખરેખર પ્રશંસનીય છે.

અમદાવાદ પોલીસ માનવતા ભૂલી?

# પ્રજ્ઞાચક્ષુ વેપારીને મહિલા PSI દ્વારા માર માર્યાનો ગંભીર આક્ષેપ

અમદાવાદ, પ્રતિનિધિ

અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનને લઈને એક ગંભીર વિવાદ સામે આવ્યો છે. એક પ્રજ્ઞાચક્ષુ (દ્રષ્ટિબાધિત) વેપારીએ આરોપ લગાવ્યો છે કે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી એક મહિલા PSI દ્વારા તેને લાતો, લાફા અને લાકડી વડે માર મારવામાં આવ્યો હતો. ઘટનાને લઈને દિવ્યાંગ અધિકાર કાર્યકરો અને સ્થાનિક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, પીડિત પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિ શહેરમાં કેબીન ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. વેપારીનો આક્ષેપ છે કે તેની દુકાનમાંથી વારંવાર સામાન અને પેકેટોની ચોરી થતી હોવાની આશંકા વચ્ચે તેણે એક સગીરનો હાથ પકડી પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલો બાદમાં પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો.

વેપારીના જણાવ્યા અનુસાર, પોલીસ સ્ટેશનમાં તેની સાથે યોગ્ય વર્તન કરવાને બદલે મહિલા PSIએ મારપીટ કરી હતી. પીડિતે દાવો કર્યો છે કે તેને અપમાનજનક ભાષામાં ધમકાવવામાં આવ્યો હતો અને શારીરિક રીતે હેરાન કરવામાં આવ્યો હતો. આક્ષેપો મુજબ સમગ્ર ઘટના પોલીસ સ્ટેશનની અંદર બની હતી.

બીજી તરફ, ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના PI અને અન્ય પોલીસ કર્મચારીઓએ આવા તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. પોલીસનું કહેવું છે કે કોઈપણ પ્રકારની મારપીટ કે ગેરવર્તન થયું નથી અને ઘટનાને વધારીને રજૂ કરવામાં આવી રહી છે.

હાલ આ મામલો ચર્ચાનો વિષય બન્યો છે. જો આક્ષેપો સાચા સાબિત થાય તો દિવ્યાંગ વ્યક્તિ સાથે થયેલા વર્તન અંગે ગંભીર પ્રશ્નો ઉભા થઈ શકે છે. બીજી તરફ, સત્ય શું છે તે સ્પષ્ટ કરવા માટે નિષ્પક્ષ તપાસ જરૂરી બની છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ આ સમગ્ર મામલાની હકીકતો અને બંને પક્ષોના દાવાઓ અંગે સતત નજર રાખી રહ્યું છે. તપાસના પરિણામો સામે આવ્યા બાદ વધુ વિગતો વાચકો સમક્ષ રજૂ કરવામાં આવશે.

# ભાજપનું સાબરમતી નદી સફાઈ અભિયાન કે માત્ર ફોટો સેશન? : 30 મિનિટમાં સફાઈ, ફોટોગ્રાફી અને પછી વિદાય!

વિરોધ પક્ષના નેતાઓએ આ સમગ્ર કાર્યક્રમને "જનસેવા કરતાં વધુ પ્રચાર અભિયાન" ગણાવ્યો



અમદાવાદ, પ્રતિનિધિ

વિશ્વ પર્યાવરણ દિવસ અને સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે અમદાવાદની સાબરમતી નદી કિનારે ભાજપ દ્વારા આયોજિત સફાઈ કાર્યક્રમ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. કાર્યક્રમમાં રાજ્યના મંત્રીઓ, ધારાસભ્યો, પક્ષના આગેવાનો અને તાજેતરમાં નિમાયેલા કોર્પોરેટરોએ હાજરી આપી હતી. જોકે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સોશિયલ મીડિયા અને સ્થાનિક નાગરિકોમાં અનેક પ્રશ્નો ઉભા થયા છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર સફાઈ અભિયાનનો સમયગાળો અંદાજે 30 મિનિટ જેટલો જ રહ્યો હતો. આ દરમિયાન આગેવાનોએ હાથમાં ઝાડુ અને કચરાની થેલીઓ લઈને સફાઈ કરતા ફોટોગ્રાફ્સ અને વિડિયો શૂટ કરાવ્યા, ત્યારબાદ મોટાભાગના મહાનુભાવો સ્થળ પરથી રવાના થઈ ગયા હોવાનું કહેવાય છે. વિરોધ પક્ષના નેતાઓએ આ સમગ્ર કાર્યક્રમને "જનસેવા કરતાં વધુ પ્રચાર અભિયાન" ગણાવ્યો છે. તેમનું કહેવું છે કે શહેરમાં કચરો, ગંદકી, ડ્રેનેજ અને પર્યાવરણ સંબંધિત અનેક પ્રશ્નો યથાવત્ છે, ત્યારે માત્ર પ્રતીકાત્મક સફાઈથી વાસ્તવિક સમસ્યાઓનો ઉકેલ આવવાનો નથી. બીજી તરફ ભાજપના આગેવાનોનું કહેવું છે કે આવા કાર્યક્રમોનો મુખ્ય હેતુ જનજાગૃતિ ફેલાવવાનો હોય છે. લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે અને નાગરિકો પણ શહેરને સ્વચ્છ રાખવામાં સહભાગી બને તે માટે આવા અભિયાનો જરૂરી છે. સવાલ એ છે કે જો સફાઈ અભિયાન ખરેખર જનહિત માટે હતું તો શું તે માત્ર અડધો કલાક પૂરતું જ મર્યાદિત રહેવું જોઈએ? શું શહેરની સ્વચ્છતા માટે સતત અને અસરકારક કામગીરી વધુ જરૂરી નથી? અમદાવાદના નાગરિકોમાં હાલ ચર્ચા એ જ છે કે સાબરમતી કિનારે યોજાયેલ આ કાર્યક્રમ વાસ્તવિક સફાઈ અભિયાન હતું કે પછી માત્ર કેમેરા સામેનું એક આયોજનબદ્ધ ફોટો સેશન?

પાક્કો ગુજરાત ન્યૂઝ આ મુદ્દે નાગરિકો, તંત્ર અને રાજકીય આગેવાનોના પ્રતિસાદ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. જો આ અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા અથવા વધારાની માહિતી સામે આવશે તો વાચકોને માહિતગાર કરવામાં આવશે.

પરિણીત પ્રેમીની સરખેજ પોલીસે કરી ધરપકડ

# લગ્નની લાલચ આપી યુવતી સાથે સંબંધ બાંધ્યાનો આરોપ

અપરિણીત હોવાનું કહી વિશ્વાસ જીત્યો, ગર્ભ રહેતા હકીકત સામે આવતા યુવતીએ નોંધાવી ફરિયાદ....

અમદાવાદ, પ્રતિનિધિ

અમદાવાદના મકરબા વિસ્તારમાં રહેતી એક યુવતીને લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ બાંધનાર પરિણીત યુવક સામે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવતીના ભાઈનો મિત્ર વારંવાર તેમના ઘરે આવતો હોવાથી બંને વચ્ચે પરિચય વધ્યો હતો. સમય જતાં આ પરિચય પ્રેમ સંબંધમાં પરિણમ્યો હતો. યુવકે પોતે અપરિણીત હોવાનું જણાવી યુવતીનો વિશ્વાસ જીત્યો હતો અને લગ્ન કરવાની ખાતરી આપીને તેની સાથે સંબંધ બાંધ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

દરમિયાન યુવતી ગર્ભવતી બનતા તેણે યુવક પર લગ્ન માટે દબાણ કર્યું હતું. આરોપી સતત બહાના બનાવતો રહ્યો હતો. અંતે યુવતી જ્યારે પ્રેમીના ઘરે પહોંચી ત્યારે ચોંકાવનારી હકીકત સામે આવી હતી. તપાસ દરમિયાન યુવક પહેલેથી જ પરિણીત હોવાની સાથે એક બાળકનો પિતા હોવાનું જાણવા મળ્યું હતું.



આ ઘટનાથી આઘાતમાં આવેલી યુવતીએ સમગ્ર મામલે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કમિશનર અને પદાધિકારીઓ દ્વારા સરપ્રાઈઝ ઇન્સ્પેક્શન

# અમદાવાદમાં ચોમાસા પહેલા AMC એક્શન મોડમાં

અમદાવાદ

નાગરિકોની સુરક્ષા અને સુવિધા એ જ અમારો સંકલ્પ! આ સૂત્રને સાર્થક કરવા માટે અમદાવાદ મહાનગર પાલિકા ચોમાસાની ઋતુ પૂર્વે જ એક્શન મોડમાં આવી ગઈ છે. ચોમાસામાં વાહનચાલકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે શહેરના મહત્વના બ્રિજોની સ્થિતિ સુધારવા અને નવા બ્રિજના નિર્માણ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ અંતર્ગત આજે AMCના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા ચિમનભાઈ પટેલ બ્રિજ અને સુભાષ બ્રિજની મુલાકાત લઈને ત્યાં ચાલી રહેલા કામોનું સ્થળ પર જ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આજની મુલાકાત દરમિયાન અધિકારીઓએ ચિમનભાઈ પટેલ બ્રિજની બાજુમાં આકાર લેનારા નવા બ્રિજની ડિઝાઈન અને કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આ ઉપરાંત, સુભાષ બ્રિજ ખાતે ચાલી રહેલા રાઉટિંગ અને રિપેરિંગના કામનું પણ પદાધિકારીઓ સાથે રૂબરૂ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે આગામી ૯ મહિનાની અંદર આ બ્રિજ સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે, જેનાથી પ્રજાને ટ્રાફિકની મોટી સમસ્યામાંથી મુક્તિ મળશે.



**શહેરીજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને R&B (માર્ગ અને મકાન વિભાગ)ની ગાઇડલાઇન મુજબ અમદાવાદના તમામ બ્રિજોનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરવામાં આવશે**

આ પ્રોજેક્ટના મુખ્ય મુદ્દાઓ પર એક નજર: નવા બ્રિજનું આયોજન: ટ્રાફિકનું ભારણ હળવું કરવા માટે ચિમનભાઈ પટેલ બ્રિજ પાસે જ એક નવા બ્રિજનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સુભાષ બ્રિજનું રિપેરિંગ અને નવો ફોર-લેન: સુભાષ બ્રિજ પર ડેમેજ થયેલા ભાગનું અત્યારે યુદ્ધના ધોરણે રિપેરિંગ ચાલી રહ્યું છે, સાથે જ ત્યાં નવો ફોર-લેન બ્રિજ બનાવવાની દિશામાં પણ કામ આગળ વધી રહ્યું છે.

તમામ બ્રિજોનું સેફ્ટી ઓડિટ: શહેરીજનોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને R&B (માર્ગ અને મકાન વિભાગ)ની ગાઈડલાઈન મુજબ અમદાવાદના તમામ બ્રિજોનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરવામાં આવશે અને તેની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરાશે.


વિકસતું અમદાવાદ, સુરક્ષિત અમદાવાદના ધ્યેય સાથે AMC દ્વારા લેવાયેલો આ નિર્ણય આગામી ચોમાસામાં શહેરીજનો માટે આશીર્વાદરૂપ સાબિત થશે તેમાં કોઈ શંકા નથી.

સ્ટેટ GSTએ 4.25 કરોડનો જથ્થો જપ્ત કર્યો

# અમદાવાદમાં 120 કિલો ચાંદી, 700 ગ્રામ સોનુ ઝડપાયું

અમદાવાદ, પ્રતિનિધિ

કરચોરી અને બિનહિસાબી માલસામાનની હેરફેર સામે રાજ્યભરમાં ચાલી રહેલી કાર્યવાહી દરમિયાન સ્ટેટ GST વિભાગને અમદાવાદમાં મોટી સફળતા મળી છે. વિભાગે તપાસ દરમિયાન અંદાજે 120 કિલો ચાંદી, 700 ગ્રામ સોનુ અને 3 કિલો જેટલા કિંમતી પથ્થરો સહિત કુલ રૂ. 4.25 કરોડથી વધુ કિંમતનો જથ્થો જપ્ત કર્યો છે. મળતી માહિતી મુજબ સ્ટેટ GSTની ટીમે બાતમીના આધારે શહેરના વિવિધ વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન કિંમતી ધાતુઓ અને રત્નોના પરિવહન તથા વ્યવહારો સંબંધિત જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળતા જોવા મળતાં અધિકારીઓએ માલસામાન કબજે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં કેટલાક વ્યવહારોમાં કરચોરીની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર જપ્ત કરાયેલા માલમાં ચાંદીના બિસ્કિટ, સોનાના દાગીના તેમજ કિંમતી પથ્થરોનો સમાવેશ થાય છે. સમગ્ર



જથ્થાની કિંમત અંદાજે રૂ. 4.25 કરોડ આંકવામાં આવી છે. વિભાગ હવે માલસામાનના સ્ત્રોત, માલિકી અને તેના વ્યવહારોની વિગતવાર તપાસ કરી રહ્યો છે. સ્ટેટ GST વિભાગે સ્પષ્ટ કર્યું છે કે રાજ્યમાં કરચોરી અટકાવવા માટે સતત મોનિટરિંગ અને ચેકિંગ અભિયાન ચાલુ રહેશે. નિયમોનું પાલન કર્યા વિના કિંમતી માલસામાનનું પરિવહન અથવા વેપાર કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI